# પ્રાચીન સ્તવનાવલી

પરમયોગી આનંદઘનજી, દેવચંદ્રજી,
યશોવિજયજી તથા પદ્મવિજયજી રચિત
સ્તવનોનો સંગ્રહ

પ્રકાશક : ગાંધી રમેશભાઇ ચીમનલાલ મોઢેરાવાળા

# પ્રસ્તાવના

આ પ્રાચીન સ્તવનાવલી અગાઉ રતીલાલ માસ્તરે પ્રકાશીત કરી હતી પરંતુ તે વર્તમાનકાળને વિષે અલભ્ય થવાથી પુનઃપ્રકાશિત કરેલ છે. આ સ્તવનાવલીમાં આનંદઘનજી, દેવચંદ્રજી, યશોવિજયજી, પદ્મવિજયજી અને અન્ય ઉપાધ્યાય ભગવંતોના પદો સંકલીત કરેલ છે. થોડા સમય પૂર્વે એક મહાત્માના મુખેથી વ્યાખ્યાન દરમિયાન સાંભળેલું કે લગભગ ૨૦૦ વર્ષ પૂર્વે થઈ ગયેલ મણિચંદ્રવિજયજીને વંદન કરવાને માટે ઈન્દ્ર મહારાજા વારંવાર આવતા હતા અને મણિચંદ્રવિજયજીના પૂછાવવાથી ઈન્દ્ર મહારાજા ભગવાન સિમંધરસ્વામીને પૂછીને જે જવાબ લાવ્યા તે પ્રમાણે આનંદઘનજી અને દેવચંદ્રજી વર્તમાનમાં મહાવિદેહ ક્ષેત્રને વિશે કેવળી તરીકે પ્રવર્તે છે. અને યશોવિજયજી મહારાજ દેવલોકમાં છે અને ત્યાંથી ચ્યવી બીજા જ ભવે મોક્ષ થશે.

આવા મહાન જ્ઞાની ધ્યાની આત્માઓની આ પદરચનાઓ લુપ્ત ન થઈ જાય અને ભવિક આત્માઓને સુલભ રહે તે આશયથી આ સ્તવનાવલીનું પુનઃમુદ્રણ કરાવેલ છે.

ધ્યાનયોગ આગમસાર છે અને તેને સુલભ બનાવનારી રચનાઓ અતિદુર્લભ છે. અને એવી ઉત્તમ રચનાઓનું મૂલ્ય કેવી રીતે આંકી શકાય ? તેથી આ સ્તવનાવલીનું મૂલ્ય રાખેલ નથી.

આ સ્તવનાવલીના વિષયમાં વિવેચન કરવું ઘણું કઠિન છે. આનંદઘનજી મહારાજે સુમતિનાથ ભગવાનના સ્તવનમાં પરમાત્મ ધ્યાનનો આખો ક્રિયામાર્ગ સમજાવ્યો છે. તે પ્રમાણે પરમાત્માના અતિંદ્રીય ગુણોનું ચિંતન કરતાં ધ્યાનયોગ સહજ બને છે. અને પરમાત્માના અતિંદ્રીય ગુણોનું સ્વરૂપ સમજવા દેવચંદ્રજીના સ્તવનો ઘણા લાભકારી છે. યશોવિજયજીના સ્તવનોમાં પ્રભુ ભક્તિની ક્રિયામાં જે વિવિધ ન્યાયને પ્રયોજ્યો છે. તેને કારણે ક્રિયાના સ્વરૂપને સમજવાનું આસન થાય છે.

આ સ્તવનોમાં મહાન આત્માઓએ સૂત્રસાર, તત્ત્વસાર, જ્ઞાનસાર, ક્રિયાસાર, આધ્યાત્મસાર સમયસારને અતિ સરળ ભાષામાં ગુંથ્યો છે.

સંસારમાં જીવને જેના પ્રત્યે રાગ તેના જ વિચારોમાં જીવ ખોવાયેલો રહે છે. તે જ ન્યાયના આધારે પરમાત્મ ગુણનો રાગ જીવને પરમાત્માના જ વિચારોમાં રોકી રાખે છે. જે પરમાત્મ ધ્યાનનું જ સ્વરૂપ છે. સિદ્ધ ભગવંત જે પૂર્ણ શુદ્ધ આત્મ સ્વરૂપ છે. પણ અરૂપી અને અવ્યક્ત છે. તે જ શુદ્ધ આત્મ સ્વરૂપ અરિહંત પરમાત્મા દ્વારા રૂપી વ્યક્ત છે.

શુદ્ધ દ્રવ્ય ગુણ પર્યાય ધ્યાને શિવ દીયે પ્રભુ સપરાણોજી

પરમાત્મ ધ્યાન એ મુક્તિનો સર્વોત્તમ ઉપાય છે. સહુ સાધકને તે સુલભ થાઓ.

વિ.સં.૨૦૬૫ — એજ લી.

તા.૧૫-૦૧-૨૦૧૦ — રમેશભાઈ ચીમનલાલ ગાંધી



આ.શ્રી વિજય મૃગાંકસૂરીશ્વરજી મહારાજ

# પૂજ્યશ્રી મહોજીતવિજયજી મહારાજ



(મોટા પંડિત મહારાજ)



પિતાશ્રી ચીમનલાલ નાથાલાલ ગાંધી



માતુશ્રી ચંપાબેન ચીમનલાલ ગાંધી



ભારતીબેન રમેશભાઇ ગાંધી

## પ્રથમ આવૃત્તિમાંથી...

## પ્રસ્તાવના

**ગગન તણુ જિમ નહિ માનં,**
**ફળ અનંત તિમ જિન ગુણ ગાનં**

શ્રી જિનેશ્વર દેવનાં સ્તવન અને સ્તુતિ રૂપ મંગળ વડે જીવજ્ઞાન, દર્શન, ચારિત્ર અને બોધિલાભને ઉપાર્જન કરે છે. અને તે જ ભવમાં મોક્ષ પ્રાપ્ત કરવાની આરાધનાને યોગ્ય બને છે. બે ભૂજાઓ વડે પૃથ્વીને ઉપાડવી કે સ્વયંભુરમણ સમુદ્ર તરવો જેટલો દુષ્કર છે, તેના કરતાં પણ દુષ્કર કામ જિનેશ્વર દેવના અરૂપી અનંત ગુણોનું વર્ણન કરવું તે છે શ્રી જિનેશ્વર દેવના અરૂપી અનંત ગુણોનું વર્ણન છદ્મસ્થ આત્માઓ વડે સર્વથા થઈ શકે નહિ.

આવા કપરા સંયોગોમાં આવા ભાવવાહી પુસ્તકો તૈયાર કરતાં દૃષ્ટી દોષ કે પ્રેસ દોષની સ્ખલના રહી ગઈ હોય તો સુધારી વાંચશો એજ શુભેચ્છા.

લી. રતીલાલ માસ્તર પ્રકાશક

# પ્રભુ આગળ બોલવાની સ્તુતિઓ

દર્શનં દેવં દેવષ્ય, દર્શનં પાપ નાશનમ્,
દર્શનં સ્વર્ગ સોપાનં, દર્શનં મોક્ષ સાધનં.

તુભ્યમ નમસ્ત્રિભવનાર્તિ હરાય નાથ,
તુભ્યમ નમઃ ક્ષિતિ તલામલ ભૂષણાય,
તુભ્યમ નમસ્ત્રિજગતઃ પરમેશ્વરાય,
તુભ્યમ નમો જિન ભવોદધિ શોષણાય

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમ પ્રભુ,
મંગલં સ્થુલિભદ્રાધા, જૈન ધર્મોસ્તુ મંગલં.

જે ધર્મતીર્થંકર ચતુર્વિધ સંઘ સંસ્થાપન કરે,
મહાતીર્થ સમ એ સંઘને સુરઅસુર સહુ વંદન કરે,
ને સર્વજીવો ભૂત પ્રાણી સત્વશું કરૂણા ધરે,
એવા પ્રભુ અરિહંતને પચાંગ ભાવે હું નમું૦૧

જે પૂર્ણ કેવળજ્ઞાન લોકાલોકને અજવાળતુ,
એ પ્રાપ્ત જેણે ચારઘાતી કર્મને છેદી કર્યું

જે છે પ્રકાશક સૌ પદાર્થો જડ તથા ચૈતન્યના
એવા પ્રભુ અરિહંતને પચાંગ ભાવે હું નમું૦૨

જે કર્મનો સંયોગ વળગેલો અનાદિ કાળથી
તેથી થયા જે મુક્ત પૂરણ સર્વથા સદભાવથી
રમમાણ જે નિજરૂપમાં સર્વ જગનું હિત કરે
એવા પ્રભુ અરિહંતને પચાંગ ભાવે હું નમું૦૩

નિર્વિઘ્ન સ્થિર ને અક્ષય, સિદ્ધિ ગતિ એ નામનું
છે સ્થાન અવ્યાબાઘ જ્યાંથી નહિ પુનઃ ફરવાપણું
એ સ્થાનને પામ્યા અનંતા ને વળી જે પામશે
એવા પ્રભુ અરિહંતને પચાંગ ભાવે હું નમું૦૪

જેના ગુણોના સિંધુના બે બિંદુ પણ જાણું નહિ
પણ એક શ્રદ્ધા દિલમહીં કે નાથ સમ કો છે નહિ
જેના સહારે ક્રોડ તરીયા મુક્તિ મુજ નિશ્ચય સહિ
એવા પ્રભુ અરિહંતને પચાંગ ભાવે હું નમું૦૫

# અનુક્રમ


| ક્રમ | વિગત | પેજનં |
|---|---|---|
| ૧ | ચૈત્યવંદન વિધિ | ૦૧ |
| ૨ | વિવિધ ચૈત્યવંદન | ૦૭ |
| ૩ | યશોવિજયજી ના સ્તવનો | ૧૮ |
| ૪ | આનંદઘનજીના સ્તવનો | ૪૭ |
| ૫ | દેવચંદ્રજીના સ્તવનો | ૯૦ |
| ૬ | પદ્મવિજયજીની ચોવિશી | ૧૪૦ |
| ૭ | અન્ય મહાત્માઓના સ્તવનો તથા સજ્ઝાય | ૧૯૩ |

## ચૈત્યવંદન વિધિ

ઈચ્છામિ ખમાસમણો વંદિઉં, જાવણિજ્જાએ નિસીહિ આએ, મત્થએણ વંદામિ ।

(એ પ્રમાણે બોલી ત્રણ ખમાસમણાં દઈ નેપછી ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરૂં ? ઇચ્છં (કહી ડાબો ઢીંચણ ઉંચો કરી)

સકલકુશલ વલ્લિ પુષ્કરાવર્ત્તમેઘો,
દુરિતતિમિરભાનુઃ કલ્પવૃક્ષોપમાનઃ ।
ભવજલનિધિપોતઃ સર્વસંપત્તિહેતુઃ સ ભવતુ સતતં વઃ
શ્રેયસે શાંતિનાથઃ શ્રેયસે પાર્શ્વનાથઃ ॥ ૧ ॥

## શ્રી શત્રુંજયનું ચૈત્યવંદન

શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર, દીઠે દુર્ગતિ વારે,
ભાવ ધરીને જે ચડે, તેને ભવ પાર ઉતારે. ૧

અનંત સિદ્ધનો એહ ઠામ, સકલ તીરથનો રાય,
પૂર્વ નવાણું ઋષભદેવ, જ્યાં ઠવિયા પ્રભુ પાય.૨

સૂરજકુંડ સોહામણો, કવડ જક્ષ અભિરામ,
નાભિરાયા કુલમંડણો, જિનવર કરું પ્રણામ.૩

## જંકિંચિ

જકિંચિ નામ તિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ,
જાઈં જિણબિંબાઇં, તાઈં સવ્વાઈં વંદામિ. ॥ ૧ ॥

## નમુત્થુણં - શક્રસ્તવ

નમુત્થુણં અરિહંતાણં, ભગવંતાણં ॥૧॥ આઈગરાણં, તિત્થયરાણં સયંસંબુદ્ધાણં ॥૨॥ પુરિસુત્તમાણં, પુરિસ-સિહાણં, પુરિસવરપુંડરીયાણં, પુરિસવરગંધહત્થીણં ॥૩॥ લોગુત્તમાણં લોગ-નાહાણં, લોગહિયાણં, લોગપઈવાણં, લોગપજ્જો-અગરાણં ॥ ૪ ॥ અભયદયાણં, ચક્ખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં ॥ ૫ ॥ ધમ્મદયાણં, ધમ્મદેસયાણં ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંતચક્કવટ્ટીણં ॥૬॥ અપ્પડિહય-વરનાણદંસણધરાણં વિયટ્ટછઉમાણં ॥ ૭॥ જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં, બુદ્ધાણં, બોહયાણં, મુત્તાણં મોઅગાણં ॥ ૮ ॥ સવ્વન્નૂણં સવ્વદરિસીણં,

શિવમયલ-મરુઅ-મણંત-મક્ખય-મવ્વાબાહ-મપુણરાવિત્તિ, સિદ્ધિગઈ નામધેયં ઠાણં સંપત્તાણં નમો જિણાણં, જિઅભયાણં ॥ ૯ ॥ જે અ અઈયા સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગએ કાલે, સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ ॥ ૧૦ ॥

## જાવંતિ ચેઈઆઈં

જાવંતિ ચેઈઆઈં, ઉડ્ઢે અ એહ અ તિરિઅલોએ અ,
સવ્વાઈં તાઈં વંદે, ઈહ સંતો તત્થ સંતાઈ..૧

**(નીચેનું સૂત્ર બોલી એક ખમાસમણ દેવું.)**

ઈચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ,
નિસીહિઆએ મત્થએણ વંદામિ.

## જાવંત કેવિ સાહૂ

જાવંત કેવિ સાહુ, ભરહેરવયમહાવિદેહે અ;
સવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં ૧

નમોऽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ

**(ત્યાર પછી અહીં નીચે મુજબ સ્તવન કહેવું. )**

## શ્રી રૂષભદેવ જિન સ્તવન

માતા મરૂદેવીના નંદ દેખી, તાહરી મૂરતિ મારૂં મન
લોભામણજી; મારૂં દિલ લોભામણજી દેખી૦૧
કરૂણાનાગર કરૂણાસાગર, કાયા કંચનવાન;
ધોરી લંછન પાઉલે કાંઈ, ધનુષ્ય પાંચસે માન,માતા૦૨
ત્રિગડે બેસી ધર્મ કહંતા, સુણે પર્ષદા બાર;
જોજન ગામિની વાણી મીઠી, વરસંતી જળધાર. માતા૦૩
ઉર્વશી રૂડી અપછરાને, રામા છે મન રંગ;
પાયે નેઉર રણઝણે કાંઈ, કરતી નાટારંભ, માતા૦૪
તુંહીં બ્રહ્મા, તુંહી વિધાતા, તુંહીં જગ તારણહાર,
તુજ સરીખો નહીં દેવ જગતમાં; અરવડીઆ આધાર માતા૦૫
તુંહી ભ્રાતા, તુંહી ત્રાતા, તુંહી જગતનો દેવ;
સુરનર કિન્નર વાસુદેવા, કરતા તુજપદ સેવ.માતા૦૬
શ્રી સિદ્ધાચલ તીરથકેરો, રાજા ઋષભ જિણંદ;
કીર્તિ કરે 'માણેકમુનિ' તાહરી ટાળો ભવભય ફંદ.માતા૦૭

## જય વીયરાય

જય વીયરાય જગ ગુરુ, હોઉ મમં તુહ પભાવઓ
ભયવં! ભવનિવ્વેઓ મગ્ગા-ણુસારિયા ઈટ્ઠફલસિદ્ધિ ।।૧।।

લોગવિરુદ્ધચ્ચાઓ, ગુરુજણપૂઆ પરત્થકરણં ચ સુહગુરુજોગો તવ્વયણ સેવણા આભવમખંડા ॥૨॥ વારિજ્જઈ જઈવિ નિયાણબંધણં વીયરાય તુહ સમએ; તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણં ॥ ૩॥ દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અઃ સંપજ્જઉ મહ એઅં તુહ નાહ। પણામકરણેણં ॥ ૪ ॥ સર્વમંગલમાંગલ્યં, સર્વકલ્યાણકારણં, પ્રધાનં સર્વધર્માણાં જૈનં જયતિ શાસનમ્ ॥ ૬ ॥

## અરિહંત ચેઈઆણં સૂત્ર (યોગ મુદ્રામાં)

અરિહંતચેઈઆણં, કરેમિ કાઉસ્સગ્ગં ..૧ વંદણવત્તિઆએ, પુઅણવત્તિઆએ, સક્કારવત્તિઆએ, સમ્માણવત્તિઆએ, બોહિલાભવત્તિઆએ, નિરૂવસગ્ગવત્તિઆએ,..૨ સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણીએ, ઠામિ કાઉસગ્ગં..૩.

## અન્નત્થ સૂત્ર (યોગ મુદ્રામાં)

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ પિત્તમુચ્છાએ...૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલ-સંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં...૨ એવમાઈએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ, હુજ્જમે કાઉસગ્ગો...૩ જાવ અરિહંતાણં, ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ, તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ...૪

(કહીને એક નવકારનો કાઉસગ્ગ કરી, પારી બે હાથ જોડીને)

નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્યઃ ॥ ૧॥

**પ્રહ ઉઠી વંદુ, ઋષભદેવ ગુણવંત,**
**પ્રભુ બેઠા સોહે, સમવસરણ ભગવંત,**
**ત્રણ છત્ર બિરાજે ચામર ઢાળે ઈંદ્ર**
**જિનના ગુણ ગાવે, સુરનર નારિના વૃંદ.....૧**

## (૭) શ્રી પાર્શ્વનાથ પ્રભુનું ચૈત્યવંદન

આશ પૂરે પ્રભુ પાસજી, ત્રોડે ભવ પાસ;
વામા માતા જન્મીયા, અહિલંછન જાસ. ૧

અશ્વસેન સુત સુખ કરૂ, નવ હાથની કાય;
કાશી દેશ વારાણસી, પુણ્યે પ્રભુ આય. ૨

એકસો વરસનું આઉખુંએ, પાળી પાર્શ્વકુમાર;
પદ્મ કહે મુક્તે ગયા, નમતાં સુખ નિરધાર. ૩

## (૮) શ્રી પાર્શ્વનાથ પ્રભુનું ચૈત્યવંદન

જય ચિંતામણી પાર્શ્વનાથ, જય ત્રિભુવન સ્વામી;
અષ્ટ કર્મ રિપુ જિતીને, પંચમી ગતિ પામી. ૧

પ્રભુ નામે આનંદ કંદ, સુખ સંપત્તિ લહીએ;
પ્રભુ નામે ભવ ભય તણા, પાતક સબ દહીએ. ૨

ૐ હ્રીં વર્ણ જોડી કરીએ, જપીએ પાર્શ્વ નામ;
વિષ અમૃત થઇ પરિણમે, પામે અવિચલ ઠામ. ૩

## (૯) મહાવીર પ્રભુનું ચૈત્યવંદન

સિદ્ધારથ સુત વંદીયે, ત્રિશલાનો જાયો
ક્ષત્રિયકુંડમાં અવતર્યો, સુરનરપતિ ગાયો ૧

મૃગપતિ લંછન પાઉલે, સાત હાથની કાય;
બોંતેર વરસનું આઉખું, વીર જિનેશ્વર રાય ૨

ક્ષમાવિજય જિનરાજના એ ઉત્તમ ગુણ અવદાત;
સાત બોલથી વર્ણવ્યા, 'પદ્મવિજય' વિખ્યાત. ૩

## (૧૦) શ્રી મહાવીર પ્રભુનું ચૈત્યવંદન

સિદ્ધારથ નૃપ કુલ તિલો, ત્રિશલા જસ માત;
હરિલંછન તનુ સાત હાથ, મહિમા વિખ્યાત. ૧

ત્રીસ વરસ ગૃહવાસ છંડી, લીએ સંયમ ભાર;
બાર વરસ છદ્મસ્થ માન, લહી કેવલ સાર. ૨

ત્રીસ વરસ કેવળી મલી બહોંતેર આયુ પ્રમાણ,
દીવાળી દિન શિવ ગયા કહે 'નય'તે ગુણખાણ. ૩

## (૧૧) શ્રી સામાન્યજિનનું ચૈત્યવંદન

તુજ મૂરતિને નીરખવા, મુજ નયણાં તરસે;
તુજ ગુણગણને બોલવા, રસના મુજ હરષે. ૧

કાયા અતિ આનંદ મુજ, તુમ યુગ પદ ફરસે;
તો સેવક તાર્યા વિના, કહો કિમ હવે સરસે. ૨

એમ જાણીને સાહિબા એ, નેક નજર મોહે જોય,
'જ્ઞાનવિમલ' પ્રભુ સુનજરથી, તે શું જે નવિ હોય ૩

## (૧૨) શ્રી સામાન્યજિનનું ચૈત્યવંદન

પરમેશ્વર પરમાત્મા, પાવન પરમિઠ;
જય જગગુરૂ ! દેવાધિદેવ ! નયણે મેં દિઠ. ૧

અચલ અકલ અવિકાર સાર, કરૂણારસ સિંધુ;
જગતિ જન આધાર એક, નિષ્કારણ બંધુ. ૨

ગુણ અનંત પ્રભુ તાહરા એ, કિમહી કહ્યા ન જાય;
'રામ' પ્રભુ નિજ ધ્યાનથી, ચિદાનંદ સુખ થાય. ૩

## (૧૩) શ્રી પંચપરમેષ્ઠિના ગુણનું ચૈત્યવંદન

બારગુણે અરિહંત દેવ, પ્રણમિજે ભાવે;
સિદ્ધ આઠ ગુણ સમરતા, દુઃખ દોહગ જાવે....૧

આચારજ ગુણ છત્રીસ, પચવિસ ઉવજ્ઝાય;
સત્તાવિશ ગુણ સાધુના, જપતા શિવ સુખ થાય....૨

અષ્ટોતર શત ગુણ મલીએ, એમ સમરો નવકાર;
ધીર વિમલ પંડિત તણો. નય પ્રણમે નિત્ય સાર....૩

## (૧૪) શ્રી સીમંધર જિન ચૈત્યવંદન

શ્રી સીમંધર વીતરાગ, ત્રિભુવન તુમે ઉપગારી;
શ્રી શ્રેયાંસ પિતા કુળે, બહુ શોભા તુમારી. ૧

ધન્ય ધન્ય માતા સત્યકી, જેણે જાયો જયકારી;
વૃષભ લંછને બિરાજમાન, વંદે નરનારી. ૨

ધનુષ પાંચસે દેહડીએ, સોહીએ સોવનવાન;
*'કીર્તિવિજય' ઉવજ્ઝાયનો, 'વિનય' ધરે તુમ ધ્યાન.* ૩

## (૧૫) શ્રી સીમંધર જિન ચૈત્યવંદન

શ્રી સીમંધર જગધણી, આ ભરતે આવો;
કરુણાવંત કરૂણા કરી, અમને વંદાવો....૧

સકલ ભક્ત તુમે ધણી, જો હોવે અમનાથ;
ભવોભવ હું છું તાહરો, નહી મેલું હવે સાથ....૨

સયલ સંગ છંડી કરી, ચારિત્ર લઈશું;
પાય તુમારા સેવીને શિવરમણી વરીશું....૩

એ અલજો મુજને ઘણોએ, પૂરો સીમંધર દેવ;
ઈહાં થકી હું વીનવું, અવધારો મુજ સેવ....૪

## (૧૬) શ્રી સિદ્ધાચલજીનું ચૈત્યવંદન

શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર, દીઠે દુર્ગતિ વારે,
ભાવ ધરીને જે ચઢે, તેને ભવપાર ઉતારે....૧

અનંત સિદ્ધનો એહ ઠામ, સકલ તીરથનો રાય,
પૂર્વ નવાણું રૂષભદેવ, જ્યાં ઠવીયા પ્રભુ પાય.... ૨

સુરજકુંડ સોહામણો, કવડ જક્ષ અભિરામ,
નાભિરાયા કુલમંડણો, જિનવર કરૂં પ્રણામ....૩

## (૧૭) શ્રીસિદ્ધચલનું ચૈત્યવંદન

વિમલ કેવલ જ્ઞાનકમલા, કલિત ત્રિભુવન હિતકરં,
સુરરાજસંસ્તુતચરણપંકજ,નમો આદિ જિનેશ્વરં. ૧

વિમલગિરિવર શૃંગ મંડન, પ્રવરગુણગણ ભૂધરં,
સુર-અસુર કિન્નર કોડિ સેવિત, નમો૦ ૨

કરતી નાટક કિન્નરીગણ, ગાય જિનગુણ મનહરં,
નિર્જરાવલી નમે અહર્નિશ- નમો૦ ૩

પુંડરીક ગણપતિ સિદ્ધિ સાધી, કોડિ પણ મુનિ
મનહરં, શ્રી વિમલગિરિવર શૃંગ સિદ્ધા- નમો૦ ૪

નિજ સાધ્ય સાધક સુર-મુનિવર, કોડિઅનંત એ
ગિરિવરં, મુક્તિરમણી વર્યા રંગે, નમો૦ ૫

પાતાલ-નર-સુર-લોકમાંહી, વિમલગિરિવરતો પરં,
નહિ અધિક તીરથ તીર્થપતિ કહે, નમો૦ ૬

ઈમ વિમલગિરિવર શિખરમંડન, દુઃખ વિહંડણધ્યાઈએ,
નિજ શુદ્ધ સત્તા સાધનાર્થં,પરમ જ્યોતિ નિપાઈએ. નમો૦ ૭
જિનમોહ કોહ વિછોહ નિદ્રા, પરમ પદસ્થિતિ જયકરં,
ગિરિરાજ સેવા કરણ તત્પર, **પદ્મવિજય** સુહિતકરં. નમો૦ ૮

## (૧૮) શ્રી રાયલ પગલાનું ચૈત્યવંદન

એહ ગિરિ ઉપર આદિદેવ, પ્રભુ પ્રતિમા વંદો;
રાયણ હેઠે પાદુકા, પૂજી આણંદો. ૧
એહ ગિરિનો મહિમા અનંત, કિણ કરે વખાણ;
ચૈત્રી પૂનમને દિને, તેહ અધિકો જાણ. ૨
એહ તીરથ સેવો સદા એ, આણી ભક્તિ ઉદાર;
શ્રી શત્રુંજય સુખદાયકો, 'દાનવિજય' જયકાર. ૩

## (૧૯) શ્રી પુંડરીક સ્વામીનું ચૈત્યવંદન

શ્રી શત્રુંજય-મહાત્મ્યની, રચના કીધી સાર;
પુંડરગિરિના સ્થાપનાર, પ્રથમ જિન-ગણધાર. ૧

એક દિન વાણી જિનની, શ્રવણી થયા આણંદ;
આવ્યા શત્રુંજયગિરિ, પંચ ક્રોડ સહ રંગ. ૨

ચૈત્રી પુનમને દિને એ, શિવશું કીયો યોગ;
નમીએ ગિરિને ગણધરૂ, અધિક નહિ ત્રિલોક. ૩

## (૨૦) શ્રી પુંડરીક સ્વામીનું ચૈત્યવંદન

આદિશ્વર જિનરાયનો ગણધર ગુણવંત;
પ્રકટ •નામ પુંડરીક જાસ, મહી માંહે મહંત. ૧

પંચ કોડી મુનિરાજ સાથ, અણસણ તિહાં કીધ;
શુક્લ ધ્યાન ધ્યાતાં અમૂલ, કેવળતિહાં લીધ. ૨

ચૈત્રી પુનમને દિને એ, પામ્યા પદ મહાનંદ;
તે દિનથી પુંડરીકગિરિ, નામદાન સુખકંદ. ૩

## (૨૧) શ્રી જ્ઞાનપંચમીનું ચૈત્યવંદન

બાર પર્ષદા આગલે, શ્રી નેમિ જિનરાય;
મધુરધ્વનિ દીયે દેશના, ભવિજનને હિતદાય. ૧

પંચમી તપ આરાધીએ, જિમ લહિએ જ્ઞાન અપાર;
કાર્તિક સુદિ પંચમી ગ્રહો, હરખ ઘણો બહુમાન. ૨
પાંચ વર્ષે ઉપર વલી, પંચ માસ લગે જાણ;
અથવા જાવજ્જીવ લગે, આરાધો ગુણખાણ. ૩
વરદત્ત ને ગુણમંજરી, પંચમી આરાધી;
અંતે આરાધન કરી, શિવપુરીને સાધી. ૪
ઇણિપરે જે આરાધશે એ, પંચમી વિધિસંયુક્ત;
જિન ઉત્તમ પદ 'પદ્મને,' નમી થાયે શિવભક્ત. ૫

## (૨૨) શ્રી અષ્ટમીનું ચૈત્યવંદન

મહાસુદી આઠમને દિને, વિજયા સુત જાયો;
તિમ ફાગણ સુદિ આઠમે, સંભવ ચવી આવ્યો... ૧
ચૈતર વદની આઠમે, જન્મયા ઋષભજિણંદ;
દીક્ષા પણ એ દિન લહી, હુવા પ્રથમ મુનિચંદ... ૨
માધવ સુદિ આઠમ દિને, આઠ કર્મ કર્યા દૂર;
અભિનંદન ચોથા પ્રભુ, પામ્યા સુખ ભરપુર... ૩

એહિજ આઠમ ઉજળી, જન્મ્યા સુમતિજીણંદ;
આઠ જાતિ કળશે કરી, ન્હવરાવે સુર ઈંદ્ર... ૪

જન્મ્યા જેઠ વદિ આઠમે, મુનિસુવ્રત સ્વામી;
નેમિ આષાઢ સુદી આઠમે, અષ્ટમી ગતિ પામી... ૫

શ્રાવણ વદીની આઠમે, નમિ જન્મ્યા જગભાણ;
તેમ શ્રાવણ સુદી આઠમે પાસજીનું નિર્વાણ... ૬

ભાદરવા વદી આઠમ દિને, ચવિઆ સ્વામી સુપાસ;
જિન ઉત્તમ પદ પદ્મને, સેવ્યાથી શિવવાસ. ૭

## (૨૩) શ્રી એકાદશીનું ચૈત્યવંદન

શાસનનાયક વીરજી પ્રભુ કેવળ પાયો;
સંઘ ચતુર્વિધ સ્થાપવા, મહસેન વન આયો ૧

માધવસિત એકાદશી, સોમિલ દ્વિજ યજ્ઞ;
ઈન્દ્રભૂતિ આદે મળ્યા, એકાદશ વિજ્ઞ. ૨

એકાદશસેં ચઉગુણો, તેહનો પરિવાર; વેદ
અરથ અવળો કરે, મન અભિમાન અપાર. ૩

જીવાદિક-સંશય હરી, એકાદશ ગણધાર;
વીરે સ્થાપ્યા વંદીએ, જિનશાસન જયકાર. ૪

મલ્લિ જન્મ અર મલ્લિ પાસ, વીર ચરણ વિલાસી;
ઋષભ અજિત સુમતિ નમિ, મલ્લિ ઘનઘાતી વિનાશી. ૫

પદ્મપ્રભ શિવવાસ પાસ, ભવભવના તોડી;
એકાદશી દિન આપણી, ઋદ્ધિ સઘળી. જોડી. ૬

દશક્ષેત્રે ત્રિહું કાળનાં, ત્રણસેં કલ્યાણ;
વર્ષ અગિયાર એકાદશી, આરાધો વરનાણ. ૭

અગિયાર અંગ લખાવીએ, એકાદસ પાઠાં;
પૂંજણી ઠવણી વીંટણી, મશી કાગળ કાઠાં.૮

અગિયાર અવ્રત છાંડવા એ, વહો પડિમા અગિયાર;
ખિમાવિજય જિનશાસને, સફળ કરો અવતાર. ૯

●●●

# શ્રીમદ્ મહોપાધ્યાય
# શ્રી યશોવિજય કૃત ચોવિશી

## (૧) શ્રી ઋષભજિન સ્તવન

**(મહાવિદેહ ક્ષેત્ર સોહામણો-એ દેશી)**

જગજીવન જગ વાલહો, મરૂદેવીનો નંદ લાલરે;
મુખ દીઠે સુખ ઉપજે,
દર્શન અતિહિ આનંદ લાલરે. જગ૦.....૧

આંખડી અંબુજ પાંખડી, અષ્ટમી શશિ સમ ભાલ લાલરે,
વદન તે શારદ ચાંદલો,
વાણી અતિહિ રસાલ લાલરે, જગ૦.....૨

લક્ષણ અંગે વિરાજતાં, અડહિય સહસ ઉદાર લાલ રે;
રેખા કર ચરણાદિકે,
અભ્યંતર નહિ પાર લાલ રે. જગ૦.....૩

ઇંદ્ર ચંદ્ર રવિ ગિરિ તણા, ગુણ લઇ ઘડિયું અંગ લાલરે,
ભાગ્ય કિહાં થકી આવિયું,
અચરિજ એહ ઉત્તંગ લાલરે. જગ૦....૪

ગુણ સઘળા અંગે કર્યા, દૂર કર્યા સવિ દોષ લાલરે;
વાચક 'યશવિજયે' થુણ્યો,
દેજો સુખનો પોષ લાલરે. જગ૦.....૫

## (૨) શ્રી અજિતનાથજિન સ્તવન

### (નિદ્રડી વેરણ હોઈ રઈ-એ દેશી)

અજીત જિણંદશું પ્રીતડી, મુજ ન ગમે હો બીજાનો સંગ કે;
માલતી ફૂલે મોહિયો, કિમ બેસે હો બાવલ તરૂભૃંગ કે-
અજિત૦ ૧

ગંગા જલમાં જે રમ્યા, કિમ છિલ્લર હો રતિ પામે મરાલ કે,
સરોવર જલધર જલ વિના, નવિ ચાહે હો જગ ચાતક બાલ કે-
અજિત૦ ૨

કોકિલ કલ કૂજિત કરે, પામી મંજરી હો પંજરી સહકાર કે;
આછાં તરૂવર નવિ ગમે, ગિરૂઆશું હો હોય ગુણનો પ્યાર કે-
અજિત૦ ૩

કમલિની દિનકર કર ગ્રહે, વલી કુમુદિની હો ધરે ચંદશું પ્રીતકે;
ગૌરી ગિરીશ ગિરિધર વિના, નવિ ચાહે હો કમલા નિજ ચિત્ત કે-
અજિત૦ ૪

તિમ પ્રભુશું મુજ મન રમ્યું, બીજા શું હો નવિ આવેદાય કે,
શ્રી નયવિજય વિબુધતણો, વાચક 'જશ' હો નિત નિત ગુણ ગાય કે-
અજિત૦૫

## (૩) શ્રી સંભવનાથ જિન સ્તવન

### (મન મધુકર મોહી રહ્યો-એ દેશી)

સંભવ જિનવર વિનતિ, અવધારો ગુણ જ્ઞાતા રે;
ખામી નહીં મુજ ખિજમતે, કદીયે હોશો ફલદાતારે. સંભવ૦૧

કરજોડી ઊભો રહું, રાત દિવસ તુમ ધ્યાનેરે;
જો મનમાં આણો નહીં, તો શું કહીએ થાંને રે. સંભવ૦ ૨

ખોટ ખજાને કો નહીં, દીજીયે વાંછિત દાનોરે;
કરૂણા નજર પ્રભુજી તણી, વાધે સેવક વાનો રે. સંભવ૦ ૩

કાલ લબ્ધિ મુજ મતિ ગણો, ભાવ લબ્ધિ તુમ હાથેરે;
લડથડતું પણ ગજ બચ્ચું, ગાજે ગયવર સાથે રે. સંભવ૦ ૪

દેશો તો તુમહી ભલું, બીજા તો નવિ જાચું રે;
વાચક યશ કહે સાંઇશું, ફલશે એ મુજ સાચુ રે. સંભવ૦ ૫

## (૪) શ્રી અભિનંદનજિન સ્તવન

### (સુણજો હો પ્રભુ-એ દેશી)

દીઠી હો પ્રભુ, દીઠી જગ ગુરૂ તુજ,
મૂરતિ હો પ્રભુ, મૂરતિ મોહન વેલડીજી;
મીઠી હો પ્રભુ, મીઠી તારી વાણી,
લાગે હો પ્રભુ, લાગે જેસી સેલડીજી. ૧

જાણું હો પ્રભુ જાણું જન્મ ક્યથ્થ,
જોહું હો પ્રભુ જોહું તુમ સાથે મિલ્યોજી;
સુરમણિ હો પ્રભુ સુરમણિ પામ્યો હથ્થ,
આંગણે હો પ્રભુ આંગણે મુજ સુરતરૂ ફલ્યોજી. ૨

જાગ્યાં હો પ્રભુ, જાગ્યાં પુણ્ય અંકૂર,
માગ્યાં હો પ્રભુ, મુહ માગ્યા પાસા ઢલ્યાજી;
વૂઠ્યા હો પ્રભુ, વૂઠ્યા અમિરસ મેહ,
નાઠા હો પ્રભુ નાઠા અશુભ, શુભ દિન વલ્યાજી. ૩

ભૂખ્યાં હો પ્રભુ, ભૂખ્યાં મિલ્યાં ઘૃતપૂર,
તરસ્યાં હો પ્રભુ, તરસ્યાં દિવ્ય ઉદક મિલ્યાજી;
થાક્યાં હો પ્રભુ, થાક્યા મિલ્યા સુખપાલ,
ચાહતાં હો પ્રભુ, ચાહતાં સજ્જન સહેજે મિલ્યાજી. ૪

દીવો હો પ્રભુ દીવો નિશા વન ગેહ,
સાખી હો પ્રભુ, સાખી થલે,જલે નૌકા મીલીજી;
કલિયુગે હો પ્રભુ, કલિયુગે દુલ્લહો તુજ,
દરિસન હો પ્રભુ, દરિસન લહ્યું આશા ફલીજી. ૫

વાચક હો પ્રભુ, વાચક 'યશ' તુમ દાસ,
વિનવે હો પ્રભુ, વિનવે અભિનંદન સુણોજી;
કહિયે હો પ્રભુ, કહીયે મ દેશો છેહ,
દેજો હો પ્રભુ, દેજો સુખ દરસણ તણોજી. ૬

## (૫) શ્રી સુમતિનાથ જિન સ્તવન

### (ઝાંઝરીયા મુનિવરની-એ દેશી)

સુમતિનાથ ગુણશું મિલીજી, વાધે મુજ મન પ્રીતિ;
તેલ બિંદુ જિમ વિસ્તરેજી, જલ માંહે ભલી રીતિ,
સોભાગી જિનશું લાગ્યો અવિહડ રંગ૦ ૧

સજ્જનશું જે પ્રીતડીજી, છાની તે ન રખાય;
પરિમલ કસ્તુરી તણોજી, મહી માંહે મહેકાય,
સોભાગી૦ ૨

અંગુલીયે નવિ મેરૂ ઢંકાયે, છાબડિયે રવિ તેજ;
અંજલીમાં જિમ ગંગ ન માયે, મુજ મન તિમ પ્રભુ હેજ,
સોભાગી૦ ૩

હુંઓ છીપે નહિ અધર અરૂણ જિમ, ખાતાં પાન સુરંગ;
પીવત ભર ભર પ્રભુ ગુણ પ્યાલા, તિમ મુજ પ્રેમ અભંગ.
સોભાગી૦૪

ઢાંકી ઈક્ષુ પરાલશું જી, ન રહે લહિ વિસ્તાર;
વાચક 'યશ' કહે પ્રભુ તણોજી, તિમ મુજ પ્રેમ પ્રકાર,
સોભાગી૦ ૫

## (૬) શ્રી પદ્મપ્રભ જિન સ્તવન

**(સહજ સલુણા હોય સાધુજી-એ દેશી)**

પદ્મપ્રભ જિન જઇ અલગા રહ્યા, જિહાંથી નાવે લેખોજી;
કાગળને મશિ તિહાં નવિ સંપજે, ન ચલે વાટ વિશેષોજી.
સુગુણ સનેહારે કદિય ન વિસરે; ૧

ઇહાંથી તિહાં જઇ કોઇ આવે નહીં, જેહ કહે સંદેશોજી;
જેહનું મિલવું રે દોહિલું તેહશું, નેહ તે આપ કિલેશોજી.
સુગુણ૦ ૨

વીતરાગશુંરે રાગ તે એક પખો, કીજે કવણ પ્રકારોજી;
ઘોડો દોડે રે સાહેબ વાજમાં, મન નાણે અસવારોજી.
સુગુણ૦ ૩

સાચી ભક્તિ રે ભાવન રસ કહ્યો, રસ હોય તિહાં દોય રીઝેજી;
હોડાહોડે રે બિહું રસરીઝથી, મનના મનોરથ સીઝેજી.
સુગુણ૦ ૪

પણ ગુણવંતારે ગોઠે ગાજિયે, મોહોટા તે વિશ્રામજી;
વાચક 'યશ' કહે એહિજ આશરે, સુખ લહું ઠામોઠામજી.
સુગુણ૦ ૫

## (૭) શ્રી સુપાર્શ્વનાથજિન સ્તવન

### (લાછલદે માત મલાર-એ દેશી)

શ્રીસુપાસ જિનરાજ, તું ત્રિભુવન શિરતાજ;
આજહો છાજેરે ઠકુરાઇ, પ્રભુ તુજ પદ તણીજી. ૧

દિવ્ય ધ્વનિ સુર ફૂલ, ચામર છત્ર અમૂલ;
આજ હો રાજેરે ભામંડલ, ગાજે દુદુંભિજી. ૨

અતિશય સહજના ચાર, કર્મ ખપ્યાથી અગ્યાર;
આજ હો કીધારે ઓગણીસે, સુરગણ ભાસુરેજી. ૩

વાણી ગુણ પાંત્રીશ, પ્રતિહારજ જગદીશ;
આજ હો રાજેરે દીવાજે, છાજે આઠશુંજી. ૪

સિંહાસન અશોક, બેઠા મોહે લોક;
આજ હો સ્વામીરે શિવગામી, વાચક 'યશ' થુણ્યોજી. ૫

## (૮) શ્રી ચંદ્રપ્રભજિન સ્તવન

### (ધણરા ઢોલા-એ દેશી)

ચંદ્રપ્રભ જિન સાહેબારે, તુમે છો ચતુર સુજાણ;
મનના માન્યા, સેવા જાણો દાસનીરે,
દેશો પદ નિરવાણ. મનના માન્યા,
આવો આવો રે ચતુર સુખ ભોગી,
કીજે વાત એકાંત અભોગી, ગુણ ગોઠે પ્રગટે પ્રેમ,
મનના માન્યા. ૧

ઓછું અધિકું પણ કહેરે, આસંગાયત જેહ મનના૦
આપે ફલ જે અણ કહેરે, ગિરૂઓ સાહેબ તેહ,
મનના માન્યા. ૨

દીન કહ્યા વિણ દાનથીરે, દાતાની વાધે મામ મનના૦
જલ દીયે ચાતક ખીજવીરે, મેઘ હુઓ તિણે શ્યામ,
મનના માન્યા. ૩

પીઉ પીઉ કરી તુમને જપુંરે, હું ચાતક તુમે મેહ મનના૦
એક લહેરમાં દુઃખ હરોરે, વાધે બમણો નેહ,
મનના માન્યા. ૪

મોડું વહેલું આપવું રે, તો શી ઢીલ કરાય મનના૦
વાચક યશ કહે જગધણીરે, તુમ તુઠે સુખ થાય
મનના માન્યા. ૫

## (૯) શ્રી સુવિધિનાથ જિન સ્તવન

**(સુણ મેરી સજની રજની ન જાવેરે-એ દેશી)**

લઘુ પણ હું તુમ મન નવિ માવું રે,
જગગુરૂ તુમને દિલમાં લાવું રે;
કુણને એ દીજે શાબાશીરે,
કહો શ્રીસુવિધિ જિણંદ વિમાસીરે લઘુ૦ ૧

મુજ મન અણુમાંહે ભક્તિ છે ઝાઝીરે,
તેહ દરીનો તું છે માઝીરે;
યોગી પણ જે વાત ન જાણેરે,
તેંહ અચરીજ કુણથી હુઓ ટાણેરે લઘુ૦ ૨

અથવા થિર માંહી અથિર ન માવે રે,
મોહટો ગજ દર્પણમાં આવે રે,
જેહને તેજે બુદ્ધિ પ્રકાશી રે,
તેહને દીજે એ શાબાશી રે. લઘુ૦ ૩

ઊર્ધ્વ મૂલ તરૂવર અધ શાખારે,
છંદ પુરાણે એહવી છે ભાખારે,
અચરીજ વાળે અચરીજ કીધું રે,
ભક્તે સેવક કારજ સીધુંરે. લઘુ૦ ૪

લાડ કરી જે બાલક બોલેરે,
માતપિતા મન અમિયને તોલે રે,
શ્રીનયવિજય વિબુધનો શીશો રે,
યશ કહે ઈમ જાણો જગદીશો રે. લઘુ૦ ૫

## (૧૦) શ્રી શીતલનાથ જિન સ્તવન

### (મહાવિદેહ ક્ષેત્ર સોહામણો-એ દેશી)

શ્રી શીતલ જિન ભેટિયે, ભક્તે કરી ચોખું ચિત્ત હો;
તેહથી કહો છાનું કિશ્યું. જેહને સોંપ્યા તનમન વિત્ત હો!
શ્રી૦ ૧

દાયક નામે છે ઘણા પણ તું સાગર તે કૂપ હો,
તે બહુ ખજૂવા તગતગે, તું દિનકર તેજ સ્વરૂપ હો !
શ્રી૦ ૨

મોહોટો જાણીને આદર્યો, દારિદ્ર ભાંગો જગતાત હો,
તું કરૂણાવંત શિરોમણિ, હું કરૂણાપાત્ર વિખ્યાત હો !
શ્રી૦ ૩

અંતરજામી સવિ લહો; અમ મનની જે છે વાત હો;
મા આગલ મોસાળના, શ્યા વરણવવા અવદાત હો !
શ્રી૦ ૪

જાણો તો તાણો કિશ્યું, સેવા ફલ દીજે દેવ હો;
વાચક યશ કહે ઢીલની, એ ન ગમે મુજ ટેવ હો !
શ્રી૦ ૫

## (૧૧) શ્રી શ્રેયાંસનાથજિન સ્તવન

### (કર્મ ન છુટેરે પ્રાણીયા-એ દેશી)

તુમે બહુ મૈત્રીરે સાહેબા મારે તો મન એક;
તુમ વિણ બીજોરે નવિ ગમે, એ મુજ મહોટી રે
ટેક. શ્રી શ્રેયાંસ કૃપા કરો. ૧

મન રાખો તમે સવિ તણાં, પણ કિહાં એક મલિ જાઓ,
લલચાવો લખ લોકને, સાથી સહજ ન થાઓ. શ્રી૦ ૨

રાગ ભરે જન મન રહો, પણ તિહું કાલ વૈરાગ;
ચિત તુમારા રે સમુદ્રનો, કોય ન પામે રે તાગ. શ્રી૦ ૩

એવા શું ચિત્ત મેલવ્યુ કેળવ્યું પહેલાં ન કાંઇ;
સેવક નિપટ અબુજ છે, નિર્વહેશો તુમે સાંઇ. શ્રી૦ ૪

નિરાગી શું રે કિમ મીલે, પણ મલવાનો એકાંત;
વાચક યશ કહે મુજ મિલ્યો, ભક્તિ એ કામણ તંત. શ્રી૦ ૫

# (૧૨) શ્રી વાસુપૂજ્ય સ્વામીજિન સ્તવન

## (સાહેબા મોતીડો હમારો-એ દેશી)

સ્વામી તુમે કાંઇ કામણ કીધું ચિત્તડું અમારૂં ચોરી લીધું
સાહેબા વાસુપૂજ્ય જિણંદા, મોહના વાસુપૂજ્ય જિણંદા.
અમે પણ તુમ ગુણશું કામણ કરશું, ભક્તિ ગ્રહી મન ઘરમાં ધરશું.
સા૦ ૧

મન ઘરમાં ધરીયા ઘરશોભા, દેખત નિત્ય રહેશો થિર થોભા,
મન વૈકુંઠ અકુંઠીત ભક્તે, યોગી ભાખે અનુભવ યુક્તે.
સા૦ ૨

કલેશે વાસિત મન સંસાર, કલેશ રહિત મન તે ભવપાર;
જો વિશુદ્ધ મન ઘર તુમે આવ્યા, તો અમે નવ નિધિ રિદ્ધિ પામ્યા.
સા૦ ૩

સાત રાજ અલગા જઇ બેઠા, પણ ભગતે અમ મનમાં પેઠા,
અલગાને વલગ્યા જે રહેવું, તે ભાણા ખડખડ દુઃખ સહેવું.
સા૦ ૪

ધ્યાતા ધ્યેય ધ્યાન ગુણ એકે, ભેદ છેદ કરશું હવે ટેકે,
ખીર નીર પરે તુમશું મિલશું, વાચક 'યશ' કહે હેજે હલશું.
સા૦ ૫

## (૧૩) શ્રી વિમલનાથજિન સ્તવન

### (નમો રે નમો શ્રી શેત્રુજા ગિરિવર-એ દેશી)

સેવી ભવિયાં વિમલ જિણેસર, દુલ્લહા સજ્જન સંગાજી,
એહવા પ્રભુનું દરિસન લેવું, તે આળસમાંહે ગંગાજી.
સેવો૦ ૧

અવસર પામી આળસ કરશે, તે મૂરખમાં પહેલોજી,
ભૂખ્યાને જેમ ઘબર દેતાં, હાથ ન માંડે ઘેલોજી.
સેવો૦ ૨

ભવ અનંતમાં દર્શન દીઠું, પ્રભુ એહવા દેખાડેજી,
વિકટ ગ્રંથ જે પોળ પોળિયો, કર્મ વિવર ઉઘાડેજી.
સેવો૦ ૩

તત્ત્વ પ્રીતિકર પાણી પાએ, વિમલા લોકે આંજિજી,
લોયણ ગુરૂ પરમાન્દીએ તવ, ભ્રમ નાંખે સવિ ભાંજિજી.
સેવો૦ ૪

ભ્રમ ભાંગ્યો તવ પ્રભુશું પ્રેમે, વાત કરૂં મન ખોલીજી;
સરલ તણે જે હઈડે આવે, તેહ જણાવે બોલીજી.
સેવો૦ ૫

શ્રી નયવિજય વિબુધ પય સેવક, વાચક 'યશ' કહે સાચુંજી,
કોડિ કપટ જો કોઇ દિખાવે, તોહી પ્રભુ વિણ નવિ રાચું જી.
સેવો૦ ૬

## (૧૪) શ્રી અનંતનાથજિન સ્તવન

### (સાહેલડિયાં-એ દેશી)

શ્રી અનંત જિનશું કરો સાહેલડિયાં
ચોલ મજીઠનો રંગરે ગુણ વેલડિયાં,
સાચો રંગ તે ધર્મનો સાહેલડિયાં
બીજો રંગ પતંગરે ગુણ વેલડિયાં. ૧

ધર્મ રંગ જીરણ નહીં, દેહ તે જીરણ થાયરે ગુ૦
સોનું તે વિણસે નહીં, ઘાટ ઘડામણ જાયરે ગુ૦ ૨

ત્રાંબું જે રસ વેધિયું, તે હોય જાચું હેમરે ગુ૦
ફરી ત્રાંબું તે નવિ હુએ, એહવો જગ ગુરૂ પ્રેમરે ગુ૦ ૩

ઉત્તમ ગુણ અનુરાગથી, લહિયે ઉત્તમ ઠામ રે ગુણ૦
ઉત્તમ નિજ મહિમા વધે, દીપે ઉત્તમ ધામરે ગુ૦ ૪

ઊદક બિંદુ સાયર ભલ્યો, જિમ હોય અક્ષય અભંગરે ગુ૦
વાચક 'યશ' કહે પ્રભુ ગુણે, તિમ મુજ પ્રેમ પ્રસંગરે ગુ૦ ૫

## (૧૫) શ્રી ધર્મનાથજિન સ્તવન

**(બેડલે ભાર ઘણો છે રાજ, વાતાં કેમ કરો છો-એ દેશી)**

થાં શું પ્રેમ બન્યો છે રાજ, નિરવહશો તો લેખો,
મેં રાગી થેં છો નિરાગી, અણજુગતે હોય હાંસી,
એક પખો જે નેહ નિર્વહેવો, તેહમાં કી સાબાશી
થાંશું૦ ૧

નીરાગી સેવે કાંઇ હોવે, ઇમ મનમાં નવિ આણું ફળે,
અચેતન પણ જિમ સુરમણિ, તિમ તુમ ભક્તિ પ્રમાણું.
થાંશું૦ ૨

ચંદન શીતલતા ઉપજાવે, અગ્નિ તે શીત મિટાવે,
સેવકના તિમ દુઃખ ગમાવે, પ્રભુ ગુણ પ્રેમ સ્વભાવે.
થાંશું૦ ૩

વ્યસન ઉદય જિમ જલધિ અનુહ રે, શશીને નેહ સંબંધે,
અણસંબંધે કુમુદ અનુહરે, શુદ્ધ સ્વભાવ પ્રબંધે.
થાંશું૦ ૪

દેવ અનેરા તુમથી છોટા, થેં જગમેં અધિકેરા,
'યશ' કહે ધર્મ જિનેશ્વર થાંશું, દિલ માન્યા હે મેરા.
થાંશું૦ ૫

## (૧૬) શ્રી શાંતિનાથજિન સ્તવન

### (રહ્યો રે આવાસ દુવાર-એ દેશી)

ધન્ય દિન વેલા, ધન્ય ઘડીં તેહ,
અચિરારો નંદન જિન યદિ ભેટશુંજી;

લહિશુંરે સુખ દેશી મુખચંદ,
વિરહ વ્યથાનાં દુઃખ સવિ મેટશુંજી. ૧

જાણ્યોરે જેણે તુજ ગુણ લેશ,
બીજારે રસ તેહને મન નવિ ગમેજી;
ચાખ્યોરે જેણે અમિ લવલેશ,
બાક્સ બુક્સ તસ ન રૂચે કિમેજી. ૨

તુજ સમકિત રસ સ્વાદનો જાણ,
પાપ કુભક્તે બહુ દિન સેવીયુંજી;
સેવે જો કર્મને જોગે તોહિ,
વાંછે તે સમકિત અમૃત ધુરે લિખ્યુંજી. ૩

તાહરું ધ્યાન તે સમકિત રૂપ,
તેહીજ જ્ઞાન ને ચારિત્ર તેહ છે જી;
તેહથીરે જાએ સઘલાં હો પાપ,
ધ્યાતારે ધ્યેય સ્વરૂપ હોયે પિછે જી. ૪

દેખી રે અદ્‌ભુત તાહરૂં રૂપ,
અચરિજ ભવિક અરૂપી પદ વરેજી;

તાહરી ગતિ તું જાણે હો દેવ,
સ્મરણ ભજન તે વાચક 'યશ' કરેજી. ૫

## (૧૭) શ્રી કુંથુનાથ જિન સ્તવન

### (સાહેલાં હે-એ દેશી)

સાહેલાં હો કુંથુજિનેશ્વર દેવ,
રત્ન દીપક અતિ દીપતો હો લાલ સ૦
મુજ મન મંદિરમાંહિ આવે જે,
અરિબલ જીતતો હો લાલ. સા૦ ૧

મિટે તો મોહ અંધાર,
અનુભવ તેજે ઝલહલે હો લાલ સા૦
ધૂમ કષાય ન રેખ,
ચરણચિત્રામણ નવિ ચલે હો લાલ સા૦ ૨

પાત્ર કરે નહિ હેઠ લગાર,
સૂરજ તેજે નવિ છીપે હો લાલ સા૦
સર્વ તેજનું તેજ,
પહેલાંથી વાધે પછી હો લાલ. સા૦ ૩

જેહ ન મરૂતને ગમ્ય,
ચંચલતા જે નહિ લહે હો લાલ સા૦
જેહ સદા છે રમ્ય,
પ્રુષુ ગુણે નવિ કૃશ રહે હો લાલ. સા૦ ૪

પુદ્‌ગલ તેલ ન ખેય લગાર,
તેહ ન શુદ્ધ દશા દહે હો લાલ સા૦
શ્રી નયવિજય સુશિષ્ય,
વાચક **'યશ'** ઇણિપરે કહે હો લાલ સા૦ ૫

## (૧૮) શ્રી અરનાથજિન સ્તવન

### (આસણરા જોગી-એ દેશી)

શ્રી અરજિન ભવજલનો તારૂ,
મુજ મન લાગે વારૂરે, મનમોહન સ્વામી,
બાંહ્ય ગ્રહી એ ભવજલ તારે, આણે શિવપુર આરેરે.
મન૦ ૧

તપ જપ મોહ મહા તોફાને, નાવ ન ચાલે માને રે, મન૦
પણ નવિ ભય મુજ હાથોહાથે, તારે તે છે સાથેરે.
મન૦ ૨

ભગતને સ્વર્ગ સ્વર્ગથી અધિકું, જ્ઞાનીને ફલ દેઇ રે મન૦
કાયા કષ્ટ વિના ફલ લહિયે, મનમાં ધ્યાન ધરેઇ રે
મન૦ ૩

જે ઉપાય બહુ વિધની રચના, યોગ માયા તે જાણોરે મન૦
શુદ્ધ દ્રવ્ય ગુણ પર્યાય ધ્યાને, શિવ દિયે પ્રભુ સપરાણો રે
મન૦ ૪

પ્રભુ પદ વલગ્યા તે રહ્યા તાજા, અલગા અંગ ન સાજારે મન૦
વાચક 'યશ' કહે અવર ન ધ્યાઉં, એ પ્રભુના ગુણ ગાઉં રે.
મન૦ ૫

## (૧૯) શ્રી મલ્લિનાથ જિન સ્તવન

### (નાભી રાયા કે બાગ-એ દેશી)

તુજ મુઝ રીઝની રીત, અટપટ એહ ખરીરી;
લટપટ નાવે કામ ખટપટ ભાંજ પરીરી. ૧

મલ્લિનાથ તુજ રીઝ, જન રીઝે ન હુએરી;
દોય રીઝણનો ઉપાય, સાહમું કાંઇ ન જુંએરી. ૨

દુરારાધ્ય છે લોક, સહુને સમ ન શરીરી;
એક દુહવાએ ગાઢ, એક જો બોલે હસીરી. ૩

લોક લોકોત્તર વાત, રીઝ છે દોય જુંઈરી,
તાત ચક્ર ધુર પૂજ્ય, ચિંતા એહ હુઈરી. ૪

રીઝવવો એક સાંઇ, લોક તે વાત કરેરી;
શ્રી નયવિજય સુશિષ્ય, એહિજ ચિત્ત ધરેરી. ૫

## (૨૦) શ્રી મુનિસુવ્રતસ્વામિજિન સ્તવન

### (પાંડવ પાંચે વંદતા-એ દેશી)

મુનિસુવ્રત જિન વંદતા, અતિ ઉલ્લસિત તન મન થાયરે;
વદન અનોપમ નિરખતાં,
મારાં ભવ ભવના દુઃખ જાયરે. ૧
મારાં ભવ ભવનાં દુઃખ જાય, જગત ગુરૂ જાગતો સુખ કંદરે,
સુખકંદ અમંદ આણંદ, પરમ ગુરૂ દીપતો રે. સુ૦
નિશિદિન સૂતાં જાગતાં, હઈડાથી ન રહે દૂર રે;

જબ ઉપકાર સંભારીએ રે,
તવ ઉપજે આનંદ પૂર રે જ૦ સુ૦ ૨

પ્રભુ ઉપકાર ગુણે ભર્યા, મન અવગુણ એક ન માયરે;
ગુણ ગુણાનુંબંધી હુઆ,
તે તો અક્ષય ભાવ કહાય રે. તે૦ જ૦ સુ૦ ૩

અક્ષય પદ દીયે પ્રેમ જે, પ્રભુનું તે અનુભવ રૂપરે;
અક્ષર સ્વર ગોચર નહીં,
એ તો અકલ અમાપ અરૂપ રે. એ૦ જ૦ સુ૦ ૪

અક્ષર થોડા ગુણ ઘણા, સજ્જનનાં તે ન લિખાય રે;
વાચક 'યશ' કહે પ્રેમથી પણ
મન માંહે પરખાય રે. પ૦ જ૦ સુ૦ ૫

## (૨૧) શ્રી નમિનાથ જિન સ્તવન

શ્રી નમિ જિનની સેવા કરતાં,
અલિય વિઘન સવિ દૂરે નાસેજી;
અષ્ટમહાસિદ્ધિ નવનિધિ લીલા,
આવે બહુ મહમૂર પાસેજી શ્રી૦ ૧

મયમત્તા અંગણ ગજ ગાજે,
રાજે તેજી તુખાર તે ચંગાજી;
બેટાબેટી બંધવ જોડી,
લહિયે બહુ અધિકાર રંગાજી શ્રી૦ ૨

વલ્લભ સંગમ રંગ લહીજે,
અણ વાલહા હોય દૂર સહેજેજી;
વાંછા તણો વિલંબ ન દૂજો,
કારજ સીઝે ભૂરિ સહેજેજી શ્રી૦ ૩

ચંદ્રકિરણ ઉજ્જવલ યશ ઉલ્લસે,
સૂરજ તુલ્ય પ્રતાપી દીપેજી;
જે પ્રભુ ભક્તિ કરે નિત્ય વિનયે,
તે અરિયણ બહુ પ્રતાપી ઝીપેજી શ્રી૦ ૪

મંગલ માલા લચ્છિ વિશાલા,
બાલા બહુલે પ્રેમે રંગેજી;
શ્રીનયવિજય વિબુધ પય સેવક,
કહે લહિએ પ્રેમસુખ અંગેજી શ્રી૦ ૫

## (૨૨) શ્રીનેમીનાથ જિન સ્તવન

### (મહાવિદેહ ક્ષેત્ર સોહામણો-એ દેશી)

તોરણ આવી રથ ફેરી ગયારે હાં,
પશુઆં શિર દેઇ દોષ, મેરે વાલમા,
નરભવ નેહ નિવારિયો રે હાં,
શ્યો જોઇ આવ્યા જોશ. મે૦ ૧

ચંદ્ર કલંકી જેહથીરે હાં,
રામને સીતા વિયોગ, મેરે વાલમા,
તેહ કુરંગને વયણડે રે હાં,
પતિ આવે કુણ લોગ. મે૦ ૨

ઉતારી હું ચિત્તથીરે હાં,
મુક્તિ ધુતારી હેત, મેરે વાલમા,
સિદ્ધ અનંતે ભોગવીરે હાં,
તેહશું કવણ સંકેત મે૦ ૩

પ્રીત કરતાં સોહિલીરે હાં,
નિરવહેતાં જંજાલ, મેરે વાલમા,

જેહવો વ્યાલ ખેલાવવોરે હાં,
જેહવી અગનની ઝાળ. મે૦ ૪

જો વિવાહ અવસરે દિઓરે હાં,
હાથ ઉપર નવિ હાથ, મેરે વાલમા,
દીક્ષા અવસર દીજિયેરે હાં,
શિર ઉપર જગનાથ. મે૦ ૫

ઈમ વલવલતી રાજુલ ગઈ રે,
હાં નેમિ કને વ્રત લીધ, મેરે વાલમા,
વાચક 'યશ' કહે પ્રણમીયેરે હાં,
એ દંપતી દોય સિદ્ધ. મે૦ ૬

## (૨૩) શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

### (દેખી કામની દોય-એ દેશી)

વામાનંદન જિનવર મુનિવરમાં, વડોરે કે મુનિવર માંહે વડો,
જિમ સુરમાંહે સોહે, સુરપતિ પરવડોરે કે સુર૦
જિમ ગિરિમાંહિ સુરાચલ, મૃગમાંહે કેસરીરે મે૦
જિમ ચંદન તરૂમાંહિ, સુભટમાંહી મુરઅરીરે સુ૦ ૧

નદીયમાંહિ જિમ ગંગ, અનંગ સુરૂપમાંરે
ફૂલમાંહિ અરવિંદ, ભરતપતિ ભૂપમાંરે ભુ૦
ઐરાવણ ગજમાંહિ ગરૂડ ખગમાં યથારે ગરૂડ૦
તેજવંત માંહિ ભાણ વખાણમાંહિ જિનકથારે વ૦ ૨

મંત્રમાંહિ નવકાર રત્નમાંહિ સુરમણિરે
સાગરમાંહિ સ્વયંભૂરમણ શિરોમણિરે રમ૦
શુક્લ ધ્યાન જિમ ધ્યાનમાં અતિ નિર્મલપણેરે અ૦
શ્રી નયવિજય વિબુધ પય સેવક ઇમ ભણેરે સે૦ ૩

## (૨૫) શ્રી મહાવીર સ્વામીનું સ્તવન

ગિરૂઆરે ગુણ તુમ તણા, શ્રી વર્ધમાન જિનરાયા રે,
સુણતાં શ્રવણે અમીઝરે, મ્હારી નિર્મલ થાયે કાયા રે. ગિ૦ ૧

તુમ ગુણ ગણ ગંગા જલે, હું ઝીલીને નિર્મલ થાઉ રે,
અવર ન ધંધો આદરૂં, નિશ દિન તોરા ગુણ ગાઉ રે. ગિ૦ ૨

ઝીલ્યા જે ગંગા જલે, તે છિલ્લર નવિ પેસેરે,
જે માલતી ફૂલે મોહીયા, બાઉલ જઈ નવિ બેસેરે. ગિ૦ ૩

એમ અમે તુમ ગુણ ગોઠશું, રંગે રાચ્યા ને વળી માચ્યા રે,
તે કેમ પરસુર આદરે, જે પરનારી વશ રાચ્યા રે ગિ૦ ૪

તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારો રે,
વાચક 'યશ' કહે માહરે, તું જીવ જીવન આધારોરે. ગિ૦ ૫

**(શ્રીમદ્ યશોવિજય કૃત ચોવિશિ સંપૂર્ણ)**



# શ્રી આનંદઘનજી કૃત ચોવિશ જિનના સ્તવનો

## (૧) શ્રી ઋષભજિન સ્વામીનું સ્તવન

### (કરમ પરીક્ષા કરણ કુમર ચલ્યો રે-એ દેશી)

ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે ઓર ન ચાહું રે કંત;
રિઝ્યો સાહેબ સંગ ન પરિહરે રે, ભાંગે સાદિ અનંત.
ઋષભ૦ ૧

પ્રીતસગાઇ રે જગમાં સહુ કરે રે, પ્રીતસગાઇ ન કોય;
પ્રીતસગાઇ રે નિરૂપાધિક કહી રે, સોપાધિક ધન ખોય.
ઋષભ૦ ૨

કોઇ કંત કારણ કાષ્ટભક્ષણ કરે રે, મિલશું કંતને ધાય;
એ મેળો નવિ કદિયે સંભવે રે, મેળો ઠામ ન ઠાય.
ઋષભ૦ ૩

કોઇ પતિરંજન અતિ ઘણો તપ કરે રે, પતિરંજન તન તાપ;
એ પતિરંજન મેં નવિ ચિત્ત ધર્યું રે, રંજન ધાતુ મિલાપ.
ઋષભ૦ ૪

કોઈ કહે લીલા રે અલખ અલખતણી રે, લખ પૂરે મન આશ;
દોષરહિતને લીલા નવિ ઘટે રે, લીલા દોષ વિલાસ.
ઋષભ૦ ૫

ચિત્તપ્રસન્ને રે પૂજનફલ કહ્યું રે, પૂજા અખંડિત એહ;
કપટરહિત થઈ આતમ અરપણા રે, **આનંદઘન** પદ રેહ.
ઋષભ૦ ૬

## (૨) શ્રી અજિતજિન સ્વામીનું સ્તવન

**(રાગ-આશાવરી-મારૂં મન મોહ્યુંરે-એ દેશી)**

પંથડો નિહાળું રે બીજા જિનતણો રે,
અજિત અજિત ગુણધામ;
જે તે જિત્યારે તેણે હું જીતીઓ રે, પુરૂષ કિશ્યું મુજ નામ ?
પંથડો૦ ૧

ચરમનયણ કરી મારગ જોવતાં રે,
ભૂલ્યો સયલ સંસાર,
જિણે નયણે કરી મારગ જોઈયેં રે, નયણ તે દિવ્ય વિચાર.
પંથડો૦ ૨

પુરૂષ પરંપર અનુભવ જોવતાં રે,
અંધોઅંધ પલાય;
વસ્તુ વિચારે રે જો આગમે કરી રે, ચરણ ધરણ નહીં ઠાય.
પંથડો૦ ૩

તર્કવિચારે રે વાદપરંપરા રે,
પાર ન પહુંચે રે કોય;
અભિમત વસ્તુ રે વસ્તુગતે કહે રે, તે વિરલા જગ જોય
પંથડો૦ ૪

વસ્તુવિચારે રે દિવ્ય નયણતણો રે,
વિરહ પડ્યો નિરધાર;
તરતમ જોગે રે તરતમ વાસના રે, વાસિત બોધ આધાર.
પંથડો૦ ૫

કાળલબ્ધિ લહી પંથ નિહાળશું રે,
એ આશા અવલંબ;
એ જન જીવે રે જિનજી જાણજો રે, **આનંદઘન** મત અંબ
પંથડો૦ ૬

## (૩) શ્રી સંભવનાથ સ્વામીનું સ્તવન

**(રાગ : રામગ્રી રાતડી રમીને કિહાંથી આવીયા રે-એ દેશી)**

સંભવદેવ તે ધુરે સેવો સવે રે, લહિ પ્રભુસેવન ભેદ;
સેવનકારણ પહેલી ભૂમિકા રે, અભય અદ્વેષ અખેદ.
સંભવ૦ ૧

ભય ચંચલતા હો જે પરિણામની રે, દ્વેષ અરોચક ભાવ;
ખેદ પ્રવૃત્તિ હો કરતાં થાકીયે રે, દોષ અબોધ લખાવ.
સંભવ૦ ૨

ચરમાવર્ત્ત હો ચરમકરણ તથા રે, ભવપરિણતિ પરિપાક;
દોષ ટલે વલી દૃષ્ટિ ખુલે ભલી રે, પ્રાપ્તિ પ્રવચનવાક્.
સંભવ૦ ૩

પરિચય પાતિક ઘાતિક સાધુશું રે, અકુશલ અપચય ચેત;
ગ્રંથ અધ્યાતમ શ્રવણ મનન કરી રે, પરિશીલન નય હેત.
સંભવ૦ ૪

કારણજોગે હો કારજ નિપજે રે, એમાં કોઈ ન વાદ;
પણ કારણવિણ કારજ સાંધિયે રે, એ નિજમત ઉન્માદ.
સંભવ૦ ૫

મુગ્ધ સુગમ કરી સેવન આદરે રે, સેવન અગમ અનૂપ;
દેજો કદાચિત્ સેવક યાચના રે, **આનંદઘન** રસરૂપ.
સંભવ૦ ૬

## (૪) શ્રી અભિનંદન સ્વામીનું સ્તવન

### (રાગ : ધનાશ્રી-સિંધુઓ)

### (આજ નિહેજોરે દીસે નાહલો-એ દેશી.)

અભિનંદન જિન દરિશણ તરસિયે, દરિશણ દુર્લભ દેવ !
મત મત ભેદે રે જો જઈ પૂછીયે, સહુ થાપે અહમેવ
અભિ૦ ૧

સામાન્યે કરી દરિશણ દોહિલું, નિર્ણય સકલ વિશેષ;
મદમેં ઘેર્યો રે અંધો કિમ કરે, રવિ શશિ રૂપ વિલેખ.
અભિ૦ ૨

હેતુ વિવાદે હો ચિત્ત ધરી જોઇયે, અતિ દુરગમ નયવાદ;
આગમવાદે હો ગુરૂગમ કો નહીં, એ સબલો વિષવાદ.
અભિ૦ ૩

ઘાતી ડુંગર આડા અતિઘણા, તુજ દરશણ જગનાથ;
ધીઠાઇ કરી મારગ સંચરૂં, સેંગૂ કોઇ ન સાથ.
અભિ૦ ૪

દરિસણ દરિસણ રટતો જો ફિરૂં, તો રણરોઝ સમાન;
જેહને પિપાસા હો અમૃતપાનની, કિમ ભાંજે વિષપાન ?
અભિ૦ ૫

તરસ ન આવે હો મરણ જીવનતણો, સિઝે જો દરિસણ કાજ;
દરિસણ દુર્લભ સુલભ કૃપાથકી,**આનંદઘન** મહારાજ.
અભિ૦ ૬

## (૫) શ્રીસુમતિજિન સ્વામીનું સ્તવન

### (રાગ : વસંત તથા કેદારો)

સુમતિ ચરણકજ આતમ અરપણા, દરપણ જિમ અવિકાર, સુજ્ઞાની;

મતિતરપણ બહુ સમ્મત જાણિયેં, પરિસરપણ સુવિચાર,
સુજ્ઞાની. સુમતિ૦ ૧

ત્રિવિધ સકલ તનુધરગત આતમા, બહિરાતમ ધુરિ ભેદ, સુજ્ઞાની,
બીજો અંતરઆતમા તીસરો, પરમાતમ અવિચ્છેદ, સુજ્ઞાની.
સુમતિ૦ ૨

આતમબુદ્ધે હો કાયાદિક ગ્રહ્યો, બહિરાતમ અઘરૂપ, સુજ્ઞાની;
કાયાદિકે હો સાખીધર રહ્યો, અંતરઆતમ રૂપ, સુજ્ઞાની
સુમતિ૦ ૩

જ્ઞાનાનંદે હો પૂરણ પાવનો, વર્જિત સકલ ઉપાધિ, સુજ્ઞાની;
અતીંદ્રિય ગુણગણમણિ આગરૂ, ઈમ પરમાતમ સાધ, સુજ્ઞાની.
સુમતિ૦ ૪

બહિરાતમ તજી અંતરઆતમા, રૂપ થઈ થિરભાવ, સુજ્ઞાની;
પરમાતમનું હો આતમ ભાવવું આતમ અરપણ દાવ, સુજ્ઞાની.
સુમતિ૦ ૫

આતમ અર્પણ વસ્તુ વિચારતાં, ભરમ ટળે મતિદોષ, સુજ્ઞાની;
પરમપદારથ સંપત્તિ સંપજે, **આનંદઘન** રસ પોષ, સુજ્ઞાની.
સુમતિ૦ ૬

## (૬) શ્રીપદ્મપ્રભજિન સ્તવન

### (રાગ : મારૂ તથા સિંધુઓ)

### ચાંદલીયા સંદેશો કહેજો મારા કંતનેરે-દેશી

પદ્મપ્રભજિન તુજ મુજ આંતરૂં રે, કિમ ભાંજે ભગવંત,
કરમવિપાકે કારણ જોઇને રે, કોઇ કહે મતિમંત.
પદ્મ૦ ૧

પયઇ ઠિઇ અણુભાગ પ્રદેશથી રે, મૂલ ઉત્તર બહુ ભેદ;
ઘાતી અઘાતી બંધોદય ઉદીરણા રે, સત્તાકર્મવિચ્છેદ.
પદ્મ૦ ૨

કનકોપલવત્ પઇડિ પુરૂષતણી રે, જોડી અનાદિસ્વભાવ;
અન્યસંજોગી જિહાં લગે આતમા રે, સંસારી કહેવાય.
પદ્મ૦ ૩

કારણજોગે હો બાંધે બંધને રે, કારણ મુગતિ મુકાય;
આશ્રવ સંવર નામ અનુક્રમે રે, હેયઉપાદેય સુણાય.
પદ્મ૦ ૪

યુંજનકરણે અંતરૂ તુજ પડ્યો રે, ગુણકરણે કરી ભંગ;
ગ્રંથ યુક્તે કરી પંડિતજન કહ્યો રે, અંતરભંગ સુઅંગ.
પદ્મ૦ ૫

તુજ મુજ અંતર ભાંજશે રે, વાજશે મંગલ તૂર,
જીવસરોવર અતિશય વાધશે રે, **આનંદઘન** રસ પૂર
પદ્મ૦ ૬

## (૭) શ્રી સુપાર્શ્વજિન સ્તવન

### (રાગ : સારંગ તથા મલ્હાર લલનાની દેશી)

શ્રીસુપાસજિન વંદિયે, સુખસંપત્તિનો હેતુ,
લલના; શાંતસુધારસ જલનિધિ,
ભવસાગર માંહે સેતુ, લલના. શ્રીસુપાસ૦ ૧

સાત મહાભય ટાળતો, સપ્તમ જિનવરદેવ,
લલના; સાવધાન મનસા કરી.
ધારો જિનપદ સેવ, લલના. શ્રીસુપાસ૦ ૨

શિવ શંકર જગદીશ્વરૂ, ચિદાનંદ ભગવાન,
લલના; જિન અરિહા તીર્થંકરૂ,
જ્યોતિસ્વરૂપ અસમાન, લલના. શ્રીસુપાસ૦ ૩

અલખ નિરંજન વચ્છલુ, સકલ જંતુ વિશરામ,
લલના; અભયદાન દાતા સદા,
પૂરણ આતમરામ, લલના. શ્રીસુપાસ૦ ૪

વીતરાગ મદ કલ્પના, રતિ અરતિ ભય શોક,
લલના; નિદ્રા તંદ્રા દુરંદશા,
રહિત અબાધિત યોગ લલના. શ્રીસુપાસ૦ ૫

પરમપુરૂષ પરમાતમા, પરમેશ્વર પરધાન,
લલના; પરમ પદારથ પરમેષ્ઠિ,
પરમદેવ પરમાણ લલના. શ્રીસુપાસ૦ ૬

વિધિ વિરંચિ વિશ્વંભરૂ, ઋષિકેશ જગનાથ,
લલના; અઘહર અઘમોચન ધણી, મુક્તિ
પરમપદ સાથ, લલના. શ્રીસુપાસ૦ ૭

એમ અનેક અભિધા* ધરે, અનુભવગમ્ય
વિચાર, લલના; જેહ જાણે તેહને કરે,
**આનંદઘન** અવતાર, લલના. શ્રીસુપાસ૦ ૮

## (૮) શ્રીચંદ્રપ્રભ સ્વામીનું સ્તવન

**(રાગ - કેદારો - ગોડી)**

**કુમરી રોવે આક્રંદ કરે; મુને કોઈ મૂકાવે-દેશી**

દેખણ દે રે સખી મુને દેખણ દે,
ચંદ્રપ્રભ મુખચંદ. સખી૦
સેવે સુરનર ઈંદ્ર ઉપશમ રસનો કંદ, સખી૦
ગત કલિમલ દુઃખદંદ. સખી૦ ચંદ્ર૦ ૧

* નામો

સુહમ નિગોદે ન દેખીયો, સખી૦
બાદર અતિહિ વિશેષ; સખી૦
પુઢવી આઉ ન પેખીઓ, સખી૦
તેઉ વાઉ ન લેશ. સખી૦ ચંદ્ર૦ ૨

વનસ્પતિ અતિઘણદિહા, સખી૦
દીઠો નહીં દીદાર; સખી૦
બિતિ ચઉરિંદી જલલિહા,
ગતિ સન્ની પણ ધાર. સખી૦ ચંદ્ર૦ ૩

સુર તિરિ નિરય નિવાસમાં, સખી૦
મનુજ અનારજ સાથ, સખી૦
અપજ્જત્તા પ્રતિભાસમાં, સખી૦
ચતુર ન ચઢીઓ હાથ. સખી૦ ચંદ્ર૦ ૪

એમ અનેક થલ જાણિયે, સખી૦
દરશણ વિણુ જિનદેવ; સખી૦
આગમથી મતિ આણિયે, સખી૦
કીજે નિરમલ સેવ. સખી૦ ચંદ્ર૦ ૫

નિરમલ સાધુ ભક્તિ લહી. સખી૦
યોગ અવંચક હોય; સખી૦
કિરિયા અવંચક તિમ સહી, સખી૦
ફળ અવંચક જોય સખી૦ ચંદ્ર૦ ૬

પ્રેરક અવસર જિનવરૂ, સખી૦
મોહનીય ક્ષય થાય; સખી૦
કામિતપૂરણ સુરતરૂ, સખી૦
**આનંદઘન** પ્રભુ પાય. સખી૦ ચંદ્ર૦ ૭

## (૯) શ્રીસુવિધિજિન સ્વામીનું સ્તવન

**(રાગ : કેદારો એમ ધણ્ણો, ધણને પરચાવે-એ દેશી)**

સુવિધિ જિનેસર પાય નમીને, શુભકરણી એમ કીજે રે,
અતિઘણો ઉલટ અંગ ધરીને, પ્રહ ઊઠી પૂજીજે રે.
સુવિધિ૦ ૧

દ્રવ્ય ભાવ શુચિભાવ ધરીને, હરખે દેહરે જઈયે રે;*

---

* ૩ શત્રિક × પાંચ અભિગમ

દહ તિગ × પણ અહિગમ સાચવતાં, એકમના ધુરિ થઈયે રે.
સુવિધિ૦ ૨

કુસુમ અક્ષત વરવાસ સુગંધી, ધૂપ દીપ મનસાખી રે;
અંગપૂજા પણભેદ સુણી એમ, ગુરૂમુખ આગમ ભાખી રે.
સુવિધિ૦ ૩

એહનું ફલ દોય ભેદ સુણીજે, અનંતર ને પરંપર રે;
આણાપાલણ ચિત્તપ્રસન્ની, મુગતિ સુગતિ સુરમંદિર રે.
સુવિધિ૦ ૪

ફૂલ અક્ષત વરધૂપ પઈવો, ગંધ નૈવેદ્ય ફલ જલ ભરી રે;
અંગ અગ્ર પૂજામલી અડવિધ, ભાવે ભવિક શુભગતિ વરી રે
સુવિધિ૦ ૫

સત્તર ભેદ એકવિશ પ્રકારે, અષ્ટોત્તરશત ભેદે રે;
ભાવપૂજા બહુવિધ નિરધારી, દોહગ દુર્ગતિ છેદે રે.
સુવિધિ૦ ૬

તુરિય + ભેદ પડિવત્તિ×પૂજા, ઉપશમ ખીણ સયોગી રે;
ચઉહા પુજા ઇમ ઉત્તરઝાયણે=, ભાખી કેવલભોગી રે.
સુવિધિ૦ ૭

એમ પૂજા બહુભેદ સુણીને, સુખદાયક શુભકરણી રે,
ભવિકજીવ કરશે તે લેશે, **આનંદઘનપદ** ધરણી રે.
સુવિધિ૦ ૮

## (૧૦) શ્રી શીતલજિન સ્વામીનું સ્તવન

### (મંગલિક માલા ગુણહ વિશાલા-એ દેશી)

શીતલ જિનપતિ લલિતત્રિભંગી. વિવિધભંગી મનમોહે રે;
કરૂણા કોમલતા તીક્ષણતા, ઉદાસીનતા સોહે રે.
શીતલ૦ ૧

સર્વજંતુ હિતકરણી કરૂણા, કર્મવિદારણ તીક્ષણ રે;
હાનાદાનરહિત પરિણામી, ઉદાસીનતા વિલક્ષણ રે.
શીતલ૦ ૨

÷ અષ્ટોતરી ૧૦૮ પ્રકારી, + ચોથો, × પ્રત્તિપત્તિ = ઉત્તરાધ્યયન સૂત્ર

પરદુઃખછેદન ઇચ્છા કરૂણા, તીક્ષણ પરદુઃખ રીઝે રે;
ઉદાસીનતા ઉભય વિલક્ષણ, એક ઠામે કેમ સિઝે રે ?
શીતલ૦ ૩

અભયદાન તિમ લક્ષણ કરૂણા, તીક્ષણતા ગુણભાવે રે;
પ્રેરકવિણ કૃત ઉદાસીનતા, ઇમ વિરોધમતિ નાવે રે.
શીતલ૦ ૪

શક્તિ વ્યક્તિ ત્રિભુવન પ્રભુતા, નિર્ગ્રંથતા સંયોગે રે;
યોગી ભોગી વકતા મૌની, અનુપયોગી ઉપયોગે રે.
શીતલ૦ ૫

ઇત્યાદિક બહુભંગ ત્રિભંગી, ચમત્કાર ચિત્ત દેતી રે;
અચરિજકારી ચિત્રવિચિત્રતા, **આનંદઘનપદ** લેતી રે.
શીતલ૦ ૬

## (૧૧) શ્રીશ્રેયાંસજિન સ્વામીનું સ્તવન

### *(રાગ : ગોડી-અહો મતવાલે સાજન, એ દેશી)*

શ્રી શ્રેયાંસજિન અંતરજામી, આતમરામી નામી રે;
અધ્યાતમમત પૂરણ પામી, સહજ મુગતિગતિ ગામી રે.
શ્રી શ્રે૦ ૧

સયલ સંસારી ઇંદ્રિયરામી, મુનિગણ આતમરામી રે;
મુખ્યપણે જે આતમરામી, તે કેવલ નિઃકામી રે.
શ્રી શ્રે૦ ૨

નિજસ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાતમ લહિયે રે;
જે કિરિયા કરી ચઉગતિ સાધે, તે ન અધ્યાત્મ કહિયે રે.
શ્રી શ્રે૦ ૩

નામઅધ્યાતમ ઠવણઅધ્યાતમ, દ્રવ્ય અધ્યાતમ છંડો રે;
ભાવઅધ્યાતમ નિજગુણ સાધે, તો તેહશું રઢ મંડો રે.
શ્રી શ્રે૦ ૪

શબ્દઅધ્યાતમ અર્થ સુણીને, નિર્વિકલ્પ આદરજો રે;
શબ્દઅધ્યાતમ ભજના જાણી, હાનગ્રહણ મત ધરજો રે.
શ્રી શ્રે૦ ૫

અધ્યાતમ જે વસ્તુ વિચારી, બીજા જાણ લબાસી રે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, **આનંદઘન** મતવાસી રે;
શ્રી શ્રે૦ ૬

## (૧૨) શ્રીવાસુપૂજ્યજિન સ્તવન

**(રાગ : ગોડી તથા પરજીયો તુંગિયાગિરિ શીખરે હોંસે, એ દેશી)**

વાસુપૂજ્યજિન ત્રિભુવનસ્વામી, ઘનનામી પરિણામી રે;
નિરાકાર સાકાર સચેતન, કરમ કરમફલ કામી રે.
વાસુ૦ ૧

નિરાકાર અભેદ સંગ્રાહક, ભેદગ્રાહક સાકારો રે,
દર્શન જ્ઞાન દુભેદ ચેતના, વસ્તુગ્રહણ વ્યાપારો રે,
વાસુ૦ ૨

કર્તા પરિણામી પરિણામો, કર્મ જે જીવે કરિયેં રે;
એક અનેકરૂપ નયવાદે, નિયતે નય અનુસરિયે રે.
વાસુ૦ ૩

દુઃખસુખરૂપ કરમફલ જાણો, નિશ્ચય એક આનંદો રે;
ચેતનતા પરિણામ ન ચૂકે, ચેતન કહે જિનચંદો રે.
વાસુ૦ ૪

પરિણામી ચેતન પરિણામો, જ્ઞાનકરમ ફલ ભાવી રે;
જ્ઞાનકરમ ફલ ચેતન કહિયે, લેજો તેહ મનાવી રે.
વાસુ૦ ૫

આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગી રે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, (તે) **આનંદઘનમત** સંગી રે.
વાસુ૦ ૬

## (૧૩) શ્રીવિમલજિન સ્તવન

**(રાગઃ મલ્હાર - ઇડર આંબા આંબલીરે - એ દેશી.)**

દુઃખદોહગ દૂરે ટળ્યાં રે, સુખસંપદશું ભેટ;
ધીંગધણી માથે કિયો રે, કુણ ગંજે નર ખેટ ,
વિમલજિન દીઠાં લોયણ, આજ મારાં સિધ્યાં
વાંછિતકાજ. વિ૦ દી૦ ૧

ચરણકમલ કમલા* વસે રે, નિરમલ થિરપદ દેખ;
સમલ અથિરપદ પરિહરે રે, પંકજ પામર પેખ.
વિ૦ દી૦ ૨

મુજ મન તુજ પદપંકજે રે, લીનો ગુણમકરંદ;
રંક ગણે મંદરધરા રે, ઇંદ્ર ચંદ્ર નાગેન્દ્ર
વિ૦ દી૦૩

---

* લક્ષ્મી = મેરૂ–સુવર્ણાચલ–ભુમિ

સાહિબ સમરથ તું ધણી રે, પામ્યો પરમ ઉદાર;
મનવિસરામી વાલહો રે, આતમચો + આધાર,
વિ૦ દી૦ ૪

દરિસણ દીઠે જિનતણો રે, સંશય ન રહે વેધ;
દિનકર કરભર પ્રસરંતા રે, અંધકાર પ્રતિષેધ,
વિ૦ દી૦ ૫

અમીયભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય;
શાંતસુધારસ ઝીલતી રે, નિરખત તૃપ્તિ ન હોય.
વિ૦ દી૦ ૬

એક અરજ સેવકતણી રે, અવધારો જિનદેવ,
કૃપા કરી મુજ દીજીયેં રે, **આનંદઘનપદ** સેવ,
વિ૦ દી૦ ૭

## (૧૪) શ્રી અનંતજિન સ્તવન

ધાર તલવારની સોહિલી દોહિલી,
ચઉદમા જિનતણી ચરણસેવા;

---

+ આત્માનો

ધાર પર નાચતા દેખ બાજીગરા,
સેવનાધાર પર રહે ન દેવા. ધા૦ ૧

એક કહે સેવિયે વિવિધ કિરિયા કરી,
ફલ અનેકાંત લોચન ન દેખે;
ફલ અનેકાંત કિરિયા કરી બાપડા,
રડવડે ચાર ગતિમાંહે લેખે.ધા૦ ૨

ગચ્છના ભેદ બહુ નયણ નિહાલતાં,
તત્ત્વની વાત કરતાં ન લાજે !
ઉદરભરણાદિ નિજકાજ કરતાં થકાં,
મોહ નડિયા કલિકાલરાજે. ધા૦ ૩

વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો,
વચન સાપેક્ષ વ્યવહાર સાચો;
વચન નિરપેક્ષ વ્યવહાર સંસારફલ,
સાંભલી આદરી કાંઇ રાચો ? ધા૦ ૪

દેવગુરૂધર્મની શુદ્ધિ કહો કિમ રહે ?
કિમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો !

શુદ્ધ શ્રદ્ધાન વિણ સર્વ કિરિયા કરે,
છાર પર લીંપણું તેહ જાણો. ધા૦ ૫

પાપ નહીં કોઇ ઉત્સૂત્ર ભાષણ જિશ્યો,
ધર્મ નહીં કોઇ જગ સૂત્રસરિખો;
સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે,
તેહનું શુદ્ધચારિત્ર પરખો. ધા૦ ૬

એહ ઉપદેશનો સાર સંક્ષેપથી,
જે નરા ચિત્તમાં નિત્ય ધ્યાવે;
તે નરા દિવ્ય બહુકાલ સુખ અનુભવી,
નિયત **આનંદઘનરાજ** પાવે. ધા૦ ૭

## (૧૫) શ્રી ધર્મજિન સ્તવન

### (રાગ : ગોડી સારંગ, દેશી રશીયાની)

ધર્મ જિનેસર ગાઉં રંગશું, ભંગ મ પડશે હો પ્રીત;
જિનેશ્વર. બીજો મનમંદિર આણું નહીં, એ અમ કુલવટ રીત.
જિને૦ ધર્મ૦ ૧

ધરમ ધરમ કરતો જગ સહુ ફિરે, ધરમ ન જાણે હો મર્મ; જિને૦
ધર્મ જિનેસર ચરણ ગ્રહ્યા પછી, કોઈ ન બાંધે હો કર્મ. જિને૦
ધર્મ૦ ૨

પ્રવચન અંજન જો સદ્ગુરૂ કરે, દેખે પરમનિધાન; જિને૦
હૃદયનયણ નિહાળે જગધણી, મહિમા મેરૂ સમાન. જિને૦
ધર્મ૦ ૩

દોડત દોડત દોડત દોડીઓ, જેતી મનની રે દોડ; જિને૦
પ્રેમપ્રતીત વિચારો ઢૂંકડી, ગુરૂગમ લેજો રે જોડ, જિને૦
ધર્મ૦ ૪

એકપખી કેમ પ્રીતિ પર પડે ઉભય મિલ્યા હોય સંધિ, જિને૦
હું રાગી હું મોહે ફંદીઓ, તું નિરાગી નિરબંધ. જિને૦
ધર્મ૦ ૫

પરમ નિધાન પ્રગટ મુખ આગલે, જગત ઉલંઘી હો જાય! જિને૦
જ્યોતિ વિના જુઓ જગદીશની, અંધોઅંધ પલાય ! જિને૦
ધર્મ૦ ૬

નિરમલ ગુણમણિ રોહણભૂધરા, મુનિજન માનસહંસ; જિને૦
ધન્ય તે નયરી ધન્ય વેલા ઘડી, માતપિતા કુલવંશ ! જિને૦
ધર્મ૦ ૭

મનમધુકર વર કર જોડી કહે, પદકજ* નિકટ નિવાસ;
ઘનનામી **આનંદઘન** સાંભલો, એ સેવક અરદાસ. જિને૦
ધર્મ૦ ૮

## (૧૬) શ્રી શાંતિજિન સ્તવન

**(રાગ : મલ્હાર ચતુર ચોમાસું પડિક્કમી-એ દેશી)**

શાંતિજિન એક મુજ વિનતી, સુણો ત્રિભુવનરાય રે;
શાંતિસ્વરૂપ કિમ જાણિયે? કહો મન કિમ પરખાય રે
શાંતિ૦ ૧

ધન્ય તું આતમ જેહને, એહવો પ્રશ્ન અવકાશ રે,
ધીરજ મન ધરી સાંભળો, કહું શાંતિ પ્રતિભાસ રે.
શાંતિ૦ ૨

---

* **ચરણકમલ**

ભાવ અવિશુદ્ધ સુવિશુદ્ધ જે, કહ્યા શ્રી જિનવર દેવે રે;
તે તેમ અવિતત્થ સદ્દહે, પ્રથમ એ શાંતિપદ સેવ રે.
શાંતિ૦ ૩

આગમધર ગુરૂ સમકિતી, કિરિયા સંવર સાર રે;
સંપ્રદાયી અવંચક સદા શુચિ, અનુભવ આધાર રે.
શાંતિ૦ ૪

શુદ્ધ આલંબન આદરે, તજી અવર જંજાલ રે;
તામસી વૃત્તિ સવિ પરિહરી, ભજે સાત્ત્વિકી શાલ રે.
શાંતિ૦ ૫

ફલવિસંવાદ જેમાં નહીં, શબ્દ તે અર્થસંબંધી રે;
સકલ નયવાદ વ્યાપી રહ્યો, તે શિવસાધન સંધિ રે.
શાંતિ૦ ૬

વિધિપ્રતિષેધ કરી આતમા, પદારથ અવિરોધ રે;
ગ્રહણવિધિ મહાજને પરિગ્રહ્યો, ઇશ્યો આગમે બોધ રે.
શાંતિ૦ ૭

દુષ્ટજન સંગતિ પરિહરી, ભજે સુગુરૂસંતાન રે;
જોગ સામર્થ્ય ચિત્તભાવ જે, ધરે મુગતિનિદાન રે.
શાંતિ૦ ૮

માન અપમાન ચિત્ત સમ ગણે, સમ ગણે કનક પાષાણ રે;
વંદક નિદંક સમ ગણે, એહવો હોય તું જાણ રે.
શાંતિ૦ ૯

સર્વ જગજંતુને સમ ગણે, સમ ગણે તૃણ મણિ ભાવ રે;
મુક્તિ સંસાર બેહુ સમ ગણે, મુણે ભવજલનિધિ નાવ રે.
શાંતિ૦ ૧૦

આપણો આતમભાવ જે, એક ચેતનાધાર રે;
અવર સવિ સાથ સંયોગથી, એહ નિજ પરિકર સાર રે.
શાંતિ૦ ૧૧

પ્રભુમુખથી એમ સાંભલી, કહે આતમરામ રે;
તાહરે દરિશણે નિસ્તર્યો, મુજ સિદ્ધાં સવિ કામ રે.
શાંતિ૦ ૧૨

અહો અહો ! હું મુજને કહું, નમો મુજ નમો મુજ રે !
અમિત ફલ દાન દાતારની, જેહથી ભેટ થઇ તુજ રે.
શાંતિ૦ ૧૩

શાંતિસ્વરૂપ સંક્ષેપથી, કહ્યો નિજ પરરૂપ રે;
આગમમાંહે વિસ્તાર ઘણો, કહ્યો શાંતિજિન ભૂપ રે.
શાંતિ૦ ૧૪

શાંતિસ્વરૂપ એમ ભાવશે, ધરી શુદ્ધ પ્રણિધાન રે;
**આનંદઘનપદ** પામશે, તે લહેશે બહુ માન રે.
શાંતિ૦ ૧૫

## (૧૭) શ્રીકુંથુજિન સ્તવન

**(રામ ગુર્જરી, - અંબર દેહો મોરારી હમારો-એ દોશી)**

કુંથુજિન મનડું કિમ હી ન બાજે હો કુંથુજિન,
મનડું કિમ હી ન બાજે! જિમ જિમ જતન કરીને રાખું,
તિમ તિમ અલગું ભાજે. હો કુંથુ૦૧

રજની વાસર વસતી ઊજડ, ગયણ પાયાલે જાય;
'સાપ ખાય ને મુખડું થોથું',* એહ ઉખાણો ન્યાય.
હો કુંથુ૦ ૨

મુગતિતણા અભિલાષી તપિયા, જ્ઞાન ને ધ્યાન અભ્યાસે;
વયરીડું કાંઇ એહવું ચિંતે, નાખે અવળે પાસે,
હો કુંથુ૦ ૩

આગમ આગમધરને હાથે, નાવે કિણવિધિ આંકું;
કિહાં કણે જો હઠ કરી હટકું, તો વ્યાલતણી પરે વાંકુ,
હો કુંથુ૦ ૪

જો ઠગ કહું તો ઠગતો ન દેખું, શાહુકાર પણ નાહીં;
સર્વમાંહે ને સહુથી અલગું, એ અચરિજ મનમાંહી.
હો કુંથુ૦ ૫

જે જે કહું તે કાન ન ધારે, આપમતે રહે કાલો;
સુરનર પંડિતજન સમજાવે, સમજે ન મહારો સાળો.
હો કુંથુ૦ ૬

---

* ખાલી

મેં જાણ્યું એ લિંગ નપુંસક, સકલ મરદને ઠેલે,
બીજી વાતે સમરથ છે નર, એહને કોઈ ન ઝેલે.
હો કુંથુ૦ ૭

મન સાધ્યું તેણે સઘલું સાધ્યું, એહ વાત નહીં ખોટી;
એમ કહે સાધ્યું તે નવી માનું, એ કહી વાત છે મોટી.
હો કુંથું૦ ૮

મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું, તે આગમથી મતિ આણું;
**આનંદઘન** પ્રભુ માહરૂં આણો, તો સાચું કરી જાણું
હો કુંથુ૦ ૯

## (૧૮) શ્રીઅરજિન સ્તવન

**(રાગ : પરાજ, ઋષભનો વંશ રયણીયરૂ-એ દેશી)**

ધરમ પરમ અરનાથનો, કિમ જાણું ભગવંત રે ?
સ્વપર સમય સમજાવિયે, મહિમાવંત મહંત રે. ધરમ૦ ૧

શુદ્ધાતમ અનુભવ સદા, સ્વ સમય એહ વિલાસ રે;
પરબડી છાંહડી જેહ પડે, તે પરસમય નિવાસ રે. ધરમ૦ ૨

તારા નક્ષત્ર ગ્રહ ચંદ્રની, જ્યોતિ દિનેશ મોઝાર રે;
દર્શન જ્ઞાન ચરણથકી, શક્તિ નિજાતમ ધાર રે. ધરમ૦ ૩

ભારી પીલો ચીકણો, કનક અનેક તરંગ રે;
પર્યાયદૃષ્ટિ ન દીજિયે, એક જ કનક અભંગ રે. ધરમ૦ ૪

દરશન જ્ઞાન ચરણથકી, અલખ સ્વરૂપ અનેક રે;
નિર્વિકલ્પ રસ પીજિયે, શુદ્ધ નિરંજન એક રે. ધરમ૦ ૫

પરમારથ પંથ જે કહે, તે રંજે એક તંત રે;
વ્યવહારે લખ જે રહે, તેહના ભેદ અનંત રે. ધરમ૦ ૬

વ્યવહારે લખે દોહિલો, કાંઈ ન આવે હાથ રે;
શુદ્ધનય થાપના સેવતાં, નવિ રહે દુવિધા સાથ રે. ધરમ૦ ૭

એકપખી લખી પ્રીતડી, તુમ સાથે જગનાથ રે;
કૃપા કરીને રાખજો, ચરણતલે ગ્રહી હાથ રે. ધરમ૦ ૮

ચકી ધરમ તીરથ તણો, તીરથ ફલ તત્ત સાર રે;
તીરથ સેવે તે લહે, **આનંદઘન** નિરધાર રે. ધરમ૦ ૯

## (૧૯) શ્રી મલ્લિનાથ સ્વામીનું સ્તવન

### (રાગ : કાફી)

સેવક કિમ અવગણિયે? હો મલ્લિજિન, એ અબ શોભા સારી;
અવર જેહને આદર અતિદીયેં, તેહ ને મૂળ નિવારી હો.
મલ્લિ૦૧

જ્ઞાનસ્વરૂપ અનાદિ તમારૂં, તે લીધું તમે તાણી;
જુઓ અજ્ઞાનદશા રીસાણી, જાતાં કાંણ ન આણી હો.
મલ્લિ૦ ૨

નિદ્રા સુપન જાગર ઉજાગરતા, તુરિય[1] અવસ્થા આવી;
નિદ્રા સુપનદશા રીસાણી, જાણી ન નાથ મનાવી હો.
મલ્લિ૦ ૩

સમકિત સાથે સગાઇ કીધી, સપરિવારશું ગાઢી,
મિથ્યામતિ અપરાધણ જાણી, ઘરથી બાહિર કાઢી હો.
મલ્લિ૦ ૪

---

૧. ચોથી.

હાસ્ય અરતિ રતિ શોક દુગંછા, ભય પામર કરસાલી;
નોકષાય[1] ગજશ્રેણી ચઢતાં, શ્વાનતણી ગતિ ઝાલી હોં.
મલ્લિ૦ ૫

રાગદ્વેષ અવિરતિની પરિણતિ, એ ચરણમોહના યોધા;
વીતરાગ પરિણતિ પરિણમતાં, ઉઠી નાઠા અબોધા હો.
મલ્લિ૦ ૬

વેદોદય કામા પરિણામા, કામ્ય કરમ સહુ ત્યાગી;
નિઃકામી કરુણારસ સાગર, અનંત ચતુષ્કપદ પાગી હો.
મલ્લિ૦ ૭

દાનવિઘન વારી સહુ જનને, અભયદાન પદ દાતા;
લાભવિઘન જગવિઘન નિવારક, પરમ લાભ રસમાતા હો.
મલ્લિ૦ ૮

વિર્યવિઘન પંડિતવીર્યે હણી, પૂરણપદવી યોગી;
ભોગોપભોગ દોય વિઘન નિવારી, પૂરણભોગ સુભોગી હો.
મલ્લિ૦ ૯

---

૧. કષાયના પેટા ભેદો

એ અઢાર દૂષણ વરજિત તનુ, મુનિજનવૃંદે ગાયા;
અવિરતિરૂપક દોષનિરૂપણ, નિર્દૂષણ મન ભાયા હો.
મલ્લિ૦ ૧૦

ઇણવિધ પરખી મન વિસરામી, જિનવર ગુણ જે ગાવે;
દીનબંધુની મહેરનજરથી, **આનંદઘનપદ** પાવે હો.
મલ્લિ૦ ૧૧

## (૨૦) શ્રી મુનિસુવ્રત જિન સ્તવન

**(રાગ : કાફી-આઘા આમ પધારો પૂજ્ય-એ દેશી)**

મુનિસુવ્રતજિનરાય એક મુજ વિનતિ નિસુણો,
આતમતત્ત્વ ક્યું જાણ્યું જગત્ ગુરૂ ? એહ વિચાર મુજ કહિયો;
આતમતત્ત્વ જાણ્યા વિણ નિરમલ ચિત્તસમાધિ નવિ લહિયો
મુ૦ ૧

કોઇ અબંધ આતમતત્ત માને, કિરિયા કરંતો દીસે;
ક્રિયાતણું ફલ કહો કુણ ભોગવે ? ઇમ પૂછ્યું ચિત્તરીસે.
મુ૦ ૨

જડચેતન એ આતમ એક જ, સ્થાવર જંગમ સરિખો;
સુખદુઃખ સંકરદૂષણ આવે, ચિત્ત વિચારીજો પરિખો.
મુ૦ ૩

એક કહે નિત્ય જ આતમતત્ત,[૧] આતમ દરીશણ લીનો;
કૃતવિનાશ અકૃતાગમદૂષણ, નવિ દેખે મતિહીનો.
મુ૦ ૪

સૌગતમતરાગી કહે વાદી, ક્ષણિક એ આતમ જાણો;
બંધમોક્ષ સુખદુઃખ ન ઘટે, એહ વિચાર મન આણો.
મુ૦ ૫

ભૂતચતુષ્ક વરજિત આતમતત્ત, સત્તા અલગી ન ઘટે;
અંધ શકટ જો નજરે ન દેખે, તો શું કીજેં શક્ટે ?
મુ૦ ૬

એમ અનેક વાદી મતવિભ્રમ, સંકટ પડિયો ન લહે;
ચિત્તસમાધિ તે માટે પૂછું, તુમ વિણ તત્ત કોઇ ન કહે.
મુ૦ ૭

---

૧. આતમતત્ત્વ

વલતું જગગુરૂ ઇણિ પરે ભાષે,પક્ષપાત સબ છંડી;
રાગદ્વેષમોહપખ વર્જિત, આતમશું રઢ મંડી.
મુ૦ ૮

આતમધ્યાન કરે જો કોઉ, સો ફિર ઇણમેં નાવે;
વાગ્જાલ બીજું સહુ જાણે. એહ તત્ત્વ ચિત્ત ચાવે.
મુ૦ ૯

જેણે વિવેક ધરી એ પખ ગ્રહિયે, તે તત્ત્વજ્ઞાની કહિયે;
શ્રીમુનિસુવ્રત કૃપા કરો તો, **આનંદઘનપદ** લહીયે.
મૂ૦ ૧૦

## (૨૧) શ્રીનમિજિન સ્તવન

(રાગ - આશાવરી)

**(ધન ધન સંપ્રતિ સાચો રાજા-એ દેશી.)**

ષટ્દરસણ જિનઅંગ ભણીજે, ન્યાસ ષડંગ જે સાધે રે;
નમિજિનવરના ચરણઉપાસક, ષટ્દરશન આરાધે રે.
ષટ્૦ ૧

જિનસુરપાદપ પાય વખાણો, સાંખ્યજોગ દોય ભેદે રે;
આતમસત્તા વિવરણ કરતા, લહો દુગ અંગ અખેદે રે.
ષટ્૦ ૨

ભેદઅભેદ સુગત મીમાંસક, જિનવર દોય કર ભારી રે.
લોકાલોક અવલંબન ભજિયે, ગુરૂગમથી અવધારી રે.
ષટ્૦ ૩

લોકાયતિક કુખ જિનવરની, અંશ વિચારી જો કીજે રે;
તત્ત્વવિચાર સુધારસ ધારા, ગુરૂગમ વિણ કિમ પીજે રે.
ષટ્૦ ૪

જૈન જિનેશ્વર વર ઉત્તમ અંગ, અંતરંગ બહિરંગે રે;
અક્ષરન્યાસ ધરા આરાધક, આરાધે ધરી સંગે રે.
ષટ્૦ ૫

જિનવરમાં સઘલાં દરશણ છે, દર્શને જિનવર ભજના રે;
સાગરમાં સઘળી તટિની સહી. તટિનીમાં સાગર ભજના રે.
ષટ્ ૦ ૬

જિનસ્વરૂપ થઇ જિન આરાધે, તે સહી જિનવર હોવે રે;
ભૃંગી ઇલિકાને ચટકાવે, તે ભૃંગી જગ જોવે રે.
ષટ્૦ ૭

ચુર્ણી ભાષ્ય સૂત્ર નિર્યુક્તિ, વૃત્તિ પરંપર અનુભવ રે;
સમયપુરૂષનાં અંગ કહ્યાં એ, જે છેદે તે દુરભવ રે.
ષટ્૦ ૮

મુદ્રા બીજ ધારણા અક્ષર, ન્યાસ અરથ વિનિયોગે રે;
જે ધ્યાવે તે નવિ વંચીજે, ક્રિયા અવંચક ભોગે રે.
ષટ્૦ ૯

શ્રુતઅનુસાર વિચારી બોલું, સુગુરૂ તથાવિધ ન મિલેરે;
કિરિયા કરી નવિ સાધી શકીયે, એ વિષવાદ ચિત્ત સઘલે રે.
ષટ્૦ ૧૦

તે માટે ઉભો કર જોડી, જિનવર આગળ કહીયે રે;
સમય ચરણસેવા શુદ્ધ દેજો, જીમ **આનંદઘન** લહીયે રે.
ષટ્૦ ૧૧

## (૨૨) શ્રીનેમીનાથજિન સ્તવન

(રાગ - મારૂણી ધારણા ઢોલા - એ દેશી)

અષ્ટ ભવાંતરે વાલહી રે, તું મુજ આતમરામ,
મુગતિ સ્ત્રીશું આપણે રે, સગપણ કોઈ ન કામ. મન૦ ૧

ઘર આવો હો વાલમ ઘર આવો, મારી આશાના વિસરામ;
રથ ફેરો હો સાજન રથ ફેરો, સાજન મારા મનોરથ સાથ. મન૦ ૨

નારીપખો શ્યો નેહલો રે , સાચ કહે જગ નાથ,
ઈશ્વરે અર્ધાંગે ધરી રે, તું મુજ ઝાલે ન હાથ મન૦ ૩

પશુજનની કરૂણા કરી રે, આણી હૃદય વિચાર; મન૦
માણસની કરૂણા નહીં રે ? એ કુણ ઘર આચાર ? મન૦ ૪

પ્રેમ કલ્પતરૂ છેદીયો રે, ધરિયો જોગ ધતૂર; મન૦
એ ચતુરાઈરો કુણ કહો રે, ગુરૂ મિલિયો જગ શૂર ? મન૦ ૫

મારૂં તો એમાં ક્યુંહી નહીં રે, આપ વિચારો રાજ; મન૦
રાજસભામેં બેસતાં રે, કિસડી* બઢસી લાજ ? મન૦ ૬

---

* કોની લાજ વધશે ?

પ્રેમ કરે જગ જન સહુ રે, નિરવાહે તે ઓર; મન૦
પ્રીત કરીને છોડી દે રે, તેશું ન ચાલે જોર. મન૦ ૭

જો મનમાં એહવું હતું રે, નિસબત કરત ન જાણ; મન૦
નિસબત* કરીને છોડતાં રે, માણસ હુયે નુક્સાન. મન૦ ૮

દેતાં દાન સંવત્સરી રે, સહુ લહે વંછિત પોષ મન૦
સેવક વંછિત નવિ લહે રે, તે સેવકનો દોષ મન૦ ૯

સખી કહે એ શામલો રે, હું કહું લક્ષણ સેત[1] મન૦
ઈણ લક્ષણ સાચી સખી રે, આપ વિચારો હેત. મન૦ ૧૦

રાગી શું રાગી સહુ રે, વૈરાગી શ્યો રાગ, મન૦
રાગ વિના કિમ દાખવોરે, મુગતિસુંદરી માગ, મન૦ ૧૧

એક ગુહ્ય ઘટતું નથી રે, સઘળો ઈ જાણે લોક; મન૦
એનેકાંતિક ભોગવો રે, બ્રહ્મચારી ગતરોગ. મન૦ ૧૨

જિણ જોણી તુમને જોઉરે, તિણ જોણી જુઓ રાજ; મન૦
એકવાર મુજને જુઓ રે, તો સીઝે મુજ કાજ. મન૦ ૧૩

---

*** સંબધ ૧ શ્વેત.**

મોહદશા ધરી ભાવના રે, ચિત્ત લહે તત્ત્વવિચાર; મન૦
વીતરાગતા આદરી રે, પ્રાણનાથ નિરધાર. મન૦ ૧૪

સેવક પણ તે આદરે રે, તો રહે સેવક મામ*; મન૦
આશય સાથે ચાલીયે રે, એહી જ રૂડું કામ. મન૦ ૧૫

ત્રિવિધ યોગ ધરી આદર્યો રે, નેમિનાથ ભરતાર; મન૦
ધારણ પોષણ તારણો રે, નવ રસ મુગતાહાર. મન૦ ૧૬

કારણરૂપી પ્રભુ ભજ્યો રે, ગણ્યો ન કાજ અકાજ;મન૦
કૃપા કરી મુજ દીજીયે રે, **આનંદઘનપદ** રાજ. મન૦ ૧૭

## (૨૩) શ્રીપાર્શ્વજિન સ્તવન

(રાગ - સારંગ રસીઆની- એ દેશી)

ધ્રુવપદરામી હો સ્વામી માહરા, નિઃકામી ગુણરાય, સુજ્ઞાની,
નિજગુણ કામી હો પામી તું ઘણી, ધ્રુવ આરામી હો થાય.
સુ. ધ્રુ.૧

* લાજ

સર્વવ્યાપી કહે સર્વ જાણંગપણે, પર પરિણમન સ્વરૂપ, સુ૦
પરરૂપે કરી તત્ત્વપણું નહીં, સ્વસત્તા ચિદ્રૂપ.
સુ૦ ધ્રુ૦ ૨

જ્ઞેય અનેકે હો જ્ઞાન અનેકતા, જલભાજન રવિ જેમ, સુ૦
દ્રવ્યએકત્વપણે ગુણએકતા, નિજપદ રમતા હો ક્ષેમ.
સુ૦ ધ્રુ૦ ૩

પરક્ષેત્રે ગતજ્ઞેયને જાણવે, પરક્ષેત્રે થયું જ્ઞાન, સુ૦
અસ્તિપણું નિજક્ષેત્રે તુમે કહ્યું, નિર્મલતા ગુણમાન.
સુ૦ ધ્રુ૦ ૪

જ્ઞેયવિનાશે હો જ્ઞાન વિનશ્વરૂ, કાલપ્રમાણે રે થાય, સુ૦
સ્વકાલે કરી સ્વસત્તા સદા, તે પરરીતે ન જાય.
સુ૦ ધ્રુ૦ ૫

પરભાવે કરી પરતા પામતા, સ્વસત્તા થિરઠાણ, સુ૦
આત્મચતુષ્કમયી પરમાં નહીં, તો કિમ સહુનો રે જાણ ?
સુ૦ ધ્રુ૦ ૬

અગુરુલઘુ નિજગુણને દેખતાં, દ્રવ્ય સકલ દેખંત, સુ૦
સાધારણ ગુણની સાધર્મ્યતા, દર્પણ જલ દૃષ્ટાંત.
સુ૦ ધ્રુ૦ ૭

શ્રી પારસજિન પારસરસ સમો, પણ ઇહાં પારસ* નાહીં, સુ૦
પૂરણ રસીઓ હો નિજ ગુણ પરસનો, **આનંદઘન** મુજ માંહિ.
સુ૦ ધ્રુ૦૮

## (૨૪) શ્રી મહાવીરજિન સ્તવન

(રાગ - ધનાશ્રી)

વીર જીનેશ્વર ચરણે લાગું, વીરપણું તે માગું રે;
મિથ્યા મોહ તિમિર ભય ભાગ્યું, જિત નગારૂં વાગ્યું રે,
વીર૦ ૧

છઉમત્થ વીર્ય લેશ્યાસંગે, અભિસંધિજ મતિ અંગે રે;
સૂક્ષમ સ્થૂલક્રિયાને રંગે, યોગી થયો ઉમંગે રે.
વીર૦ ૨

---

* કૃષ્ણ અંધારી ઊપદ્રવ

અસંખ્ય પ્રદેશે વીર્ય અસંખ્યે, યોગ અસંખિત કંખે રે;
પુદ્‌ગલગણ તેણે લેશું વિશેષે, યથાશક્તિ મતિ લેખે રે.
વીર૦ ૩

ઉત્કૃષ્ટ વીરયને વેસે, યોગક્રિયા નવિ પેસે રે;
યોગીતણીધ્રુવતાને લેશે, આતમશક્તિ ન ખેસે રે.
વીર૦ ૪

કામ વીર્યવશે જિમ ભોગી, તેમ આતમ થયો ભોગી;
શૂરપણે આતમ ઉપયોગી, થાય તેહ અયોગી રે.
વીર૦ ૫

વીરપણું આતમઠાણે, જાણ્યું તુમચી વાણે રે;
ધ્યાનવિનાણે શક્તિપ્રમાણે, નિજ ધ્રુવપદ પહિચાણે રે.
વીર૦ ૬

આલંબન સાધન જે ત્યાગે, પર પરિણતિને ભાગે રે,
અક્ષયદર્શન જ્ઞાનવૈરાગે, **આનંદઘન** પ્રભુ જાગે રે.
વીર૦ ૭

# શ્રી દેવચંદ્રજી કૃત ચોવિશી.

## (૧) શ્રી ઋષભદેવ ભગવાન

(નીંદરડી વેરણ હુઈ રહી - એ દેશી)

ઋષણ જિણંદશું પ્રીતડી કિમ કીજે હો, કહો ચતુર વિચાર, પ્રભુજી જઈ અળગા વસ્યા, તિહાં કિણેં નવિ હો, કોઈ વચન ઉચ્ચાર... (૧) કાગળ પણ પહોંચે નહીં, નવિ પહોંચે હો, તિહાં કો પરધાન, જે પહોંચે તે તુમ સમો, નવિ ભાખે હો કોઈનું વ્યવધાન (૨) પ્રીતિ કરે તે રાગિયા, જિનવરજી હો, તુમે તો વીતરાગ, પ્રીતડી જેહ અરાગીથી, ભેળવવી હો તે લોકોત્તર માર્ગ (૩) પ્રીતિ અનાદિની વિષભરી, તે રીતે હો ન કરવા મુજભાવ, કરવી નિર્વિષ પ્રીતડી, કિંણ ભાંતે હો કહો બને બનાવ (૪) પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો તે જોડે એહ, પરમપુરુષથી રાગતા, એકત્વતા હો દાખી ગુણગેહ (૫) પ્રભુજીને અવલંબતા, નિજ પ્રભુતા હો પ્રગટે ગુણરાશ, ''દેવચંદ્ર''ની સેવના, આપે મુજ હો અવિચલ

## (૨) શ્રી અજીતનાથ ભગવાન

(દેખો ગતિ દેવની રે - એ દેશી)

જ્ઞાનાદિક ગુણસંપદા રે, તુજ અનંત અપાર,
તે સાંભળતાં ઊપની રે, રુચિ તેણે પાર ઉતાર રે,
અજિતજિન ! તારજો રે, તારજો દીનદયાળ
...અજિતજિન (૧)

જે જે કારણ જેહનું રે, સામગ્રી સંયોગ,
મલતાં કારજ નીપજે રે, કર્તા તણે પ્રયોગ
...અજિતજિન (૨)

કાર્યસિદ્ધિ કર્તા વસુ રે, લહી કારણ સંજોગ,
નિજપદ કારક પ્રભુ મળ્યા રે, હોયે નિમિત્તહ ભોગ
...અજિતજિન (૩)

અજકુલ ગત કેશરી લહે રે, નિજપદ સિંહ નિહાળ તિમ,
પ્રભુભક્તે ભવિ લહે રે, આતમશક્તિ સંભાળ
... અજિતજિન (૪)

કારણ પદ કર્તાપણે રે, કરી આરોપ અભેદ,
નિજ પદ અર્થી પ્રભુ થકી રે, કરે અનેક ઉમેદ
... અજિતજિન (૫)

અહેવા પરમાતમ પ્રભુરે, પરમાનંદ સ્વરૂપ,
સ્યાદ્વાદ સત્તા રસી રે, અમલ અખંડ અનૂપ
... અજિતજિન (૬)

આરોપિત સુખ ભ્રમ ટળ્યો રે, ભાસ્યો અવ્યાબાધ,
સમર્યું અભિલાષી પણું રે, કર્તા સાધન સાધ્ય
... અજિતજિન (૭)

ગ્રાહકતા સ્વામિત્વતા રે, વ્યાપક ભોક્તાભાવ,
કારણતા કારજ દશા રે, સકલ ગ્રહ્યું નિજ ભાવ
... અજિતજિન (૮)

શ્રદ્ધાભાસન રમણતા રે, દાનાદિક પરિણામ,
સકલ થયા સત્તા રસી રે, જિનવર દરિસણ પામ
.... અજિતજિન (૯)

તિણે નિર્યામક માહણો રે, વૈદ્ય ગોપ આધાર
"દેવચંદ્ર" સુખ સાગરું રે, ભાવધર્મ દાતાર
... અજિતજિન (૧૦)

## (૩) શ્રી સંભવજિન સ્તવન

(ઘણરા ઢોલા - એ દેશી)

શ્રી સંભવ જિનરાજજી રે, તાહરું અકલ સ્વરૂપ,
સ્વપર પ્રકાશક દિનમણિરે, સમતા રસનો ભૂપ (૧)
જિનવર પૂજો રે ભવિકજન ! પ્રભુ પૂજ્યા પરમાનંદ
...એ આંકણી

અવિસંવાદ નિમિત્ત છો રે, જગત જંતુ સુખકાજ,
હેતુ સત્ય બહુમાનથી રે, જિન સેવ્યા શિવરાજ
...જિનવર (૨)

ઉપાદાન આતમ સહી રે, પુષ્ટા લંબન દેવ,

ઉપાદાન કારણપણે, પ્રગટ કરે પ્રભુ સેવ
...જિનવર (૩)

કાર્ય ગુણ કારણપણે રે, કારણ કાર્ય અનૂપ,
સકલ સિદ્ધતા તાહરી રે, માહરે સાધન રૂપ
...જિનવર (૪)

એકવાર પ્રભુ વંદના રે આગમ રીતે થાય,
કારણ સત્યે કાર્યની રે, સિદ્ધિ પ્રતીત કરાય
...જિનવર (૫)

પ્રભુપણે પ્રભુ ઓળખી રે, અમલ વિમલ ગુણગેહ,
સાધ્યદૃષ્ટિ સાધકપણે રે, વંદે ધન્ય નર તેહ
...જિનવર (૬)

જન્મ કૃતારથ તેહનો રે, દિવસ સફળ પણ તાસ,
જગત શરણ જિન ચરણને રે, વંદે ધરીય ઉલ્લાસ
...જિનવર (૭)

નિજ સત્તા નિજ ભાવથી રે, ગુણ અનંતનું ઠાણ,

"દેવચંદ્ર" જિનરાજજી રે, શુદ્ધ સિદ્ધ સુખખાણ
...જિનવર (૮)

## (૪) શ્રી અભિનંદનજિન સ્તવન

### (બ્રહ્મચર્ય પદ પૂજીએ- એ દેશી)

ક્યું જાણું ક્યું બની આવશે, અભિનંદન! રસરીતિ હો મિત્ત,
પુદ્‌ગલ અનુભવ ત્યાગથી, કરવી જસુ પરતીત હો
મિત્ત ક્યું... (૧)

પરમાતમ પરમેશ્વર વસ્તુગતે તે અલિપ્ત હો મિત્ત,
દ્રવ્યે દ્રવ્ય મલે નહિ, ભાવે તે અન્ય અવ્યાપ્ત હો
મિત્ત ક્યું... (૨)

શુદ્ધ સ્વરૂપ સનાતનો, નિર્મલ જે નિસંગ હો મિત્ત,
આત્મવિભૂતિ પરિણમ્યો, ન કરે તે પરસંગ હો
મિત્ત ક્યું... (૩)

પણ જાણું આગમ બળે, મિલવું તુમ પ્રભુ સાથ હો મિત્ત,
પ્રભુ તો સ્વસંપત્તિમયી, શુદ્ધ સ્વરૂપનો નાથ હો
મિત્ત ક્યું... (૪)

પરપરિણામિકતા અછે, જે તુજ પુદ્ગલયોગ હો મિત્ત,
જડચલ જગની એંઠનો, ન ઘટે તુજને ભોગ હો
મિત્ત કયું... (૫)

શુદ્ધ નિમિત્તિ પ્રભુ ગ્રહો, કરી અશુદ્ધ પર હેય હો, મિત
આત્માલંબી ગુણ લહી, સહુ સાધકનો ધ્યેય હો
મિત્ત કયું... (૬)

જિમ જિનવર આલંબને, વધે સધે એકતાન હો મિત્ત,
તિમ તિમ આત્માલંબની, ગ્રહે સ્વરૂપ નિદાન હો
મિત્ત કયું... (૭)

સ્વસ્વરૂપ એકત્વતા, સાધે પૂર્ણાનંદ હો મિત્ત,
રમે ભોગવે આતમા, રત્નત્રયી ગુણવૃન્દ હો
મિત્ત કયું... (૮)

અભિનંદન અવલંબને, પરમાનંદ વિલાસ હો મિત્ત,
"દેવચંદ્ર" પ્રભુ સેવના, કરી અનુભવ અભ્યાસ હો
મિત્ત કયું... (૯)

## (૫) શ્રી સુમતિજિન સ્તવન

### (કડખાની દેશી)

અહો શ્રી સુમતિ જિન શુદ્ધતા તાહરી,
સ્વગુણ પર્યાય પરિણામ રામી,
નિત્યતા એકતા અસ્તિતા ઈતરયુત,
ભોગ્ય ભોગી થકો પ્રભુ અકામી ...અહો (૧)

ઊપજે વ્યય લહે તહવિ તેહવો રહે,
ગુણ પ્રમુખ બહુલતા તહવિ પિંડી
આત્મભાવે રહે અપરતા નવિ ગ્રહે,
લોક - પ્રદેશ - મિત પણ અખંડી ...અહો (૨)

કાર્ય કારણપણે પરિણમે તહવિ ધ્રુવ,
કાર્યભેદે કરે પણ અભેદી,
કર્તૃતા પરિણમે, નવ્યતા નવિ રમે,
સકલ વેત્તા થકો પણ અવેદી ...અહો (૩)

શુદ્ધતા, બુદ્ધતા, દેવ પરમાત્મતા,
સહજ નિજ ભાવ ભોગી અયોગી,

સ્વપર ઉપયોગી તાદાત્મ્ય સત્તા રસી,
શક્તિ પ્રયુંજતો ન પ્રયોગી ...અહો (૪)

વસ્તુ નિજ પરિણતે સર્વ પરિણામિકી,
એટલે કોઈ પ્રભુતા ન પામે, કરે,
જાણે, રમે, અનુભવે તે પ્રભુ,
તત્વ સ્વામિત્વ શુચિ તત્વ ધામે ...અહો (૫)

જીવ નવિ પુદ્ગલી, નૈવ પુદગલ કદા,
પુગ્ગલાધાર નાંહી તાસ રંગી,
પર તણો ઈશ નહીં અપર ઐશ્વર્યતા
વસ્તુ ધર્મે કદી ન પ્રસંગી ...અહો (૬)

સંગ્રહે નહીં, આપે નહીં પરભણી,
નવિ કરે આદરે, ન પર રાખે,
શુદ્ધ સ્યાદ્વાદ નિજ ભાવ ભોગી જિકે,
તેહ પરભાવને કેમ ચાખે ...અહો (૭)

તાહરી શુદ્ધતા ભાસ આશ્ચર્યથી,
ઉપજે રુચિ તેણે તત્વ ઈહે

તત્વરંગી થયો દોષથી ઊભગ્યો,
દોષ ત્યાગે ઢળે તત્વ લીહે ...અહો (૮)

શુદ્ધ માર્ગે વધ્યો, સાધ્ય સાધન સધ્યો,
સ્વામી પ્રતિ છંદે સત્તા આરાધે,
આત્મનિષ્પત્તિ તેમ સાધના નવિ ટકે,
વસ્તુ ઉત્સર્ગ આતમ સમાધે, ...અહો (૯)

માહરી શુદ્ધ સત્તા તણી પૂર્ણતા,
તેહનો હેતુ પ્રભુ તુંહી સાચો,
''દેવચંદ્રે'' સ્તવ્યો, મુનિગણે અનુભવ્યો,
તત્વ ભક્તે ભવિક સકલ રાચો... અહો... (૧૦)

## (૬) શ્રી પદ્‌મપ્રભુજિન સ્તવન

**(હું તુજ આગળ શું કહું કેસરિયા - એ દેશી)**

શ્રી પદ્મપ્રભુ જિન ગુણનિધિ રે લાલ,
જગતારક જગદીશ રે, વાલેસર
*જિન ઉપકાર થકી લહે રે લાલ,*
ભવિજન સિદ્ધિ જગીશરે, વાલેસર ...તુજ દરિશણ (૧)

તુજ દરિશણ મુજ વાલ હો રે લાલ,
દરિશણ શુદ્ધ પવિત્ર રે, વાલેસર
દરિશણ શબ્દ નયે કરે રે લાલ,
સંગ્રહ એવંભૂત રે, વાલેસર ...તુજ (૨)

બીજે વૃક્ષ અનંતતા રે લાલ,
પ્રસરે ભુજલ યોગ રે, વાલેસર
તિમ મુજ આતમ સંપદા રે લાલ,
પ્રગટે પ્રભુ સંયોગ રે, વાલેસર ...તુજ (૩)

જગત જંતુ કારજ રુચિ રે લાલ,
સાધે ઉદયે ભાણે રે, વાલેસર
ચિદાનંદ સુવિલાસિતા લાલ,
વાધે જિનવર જાણ રે, વાલેસર ... તુજ (૪)

લબ્ધિ - સિદ્ધિ મંત્રાક્ષરે રે લાલ,
ઊપજે સાધક સંગ રે, વાલેસર
સહજ અધ્યાતમ તત્વતા રે લાલ,
પ્રગટે તત્વી રંગ રે, વાલેસર ... તુજ (૫)

લોહ ધાતુ કાંચન હુવે રે લાલ,
પારસ ફરસન પામી રે, વાલેસર
પ્રગટે અધ્યાતમ દશા રે લાલ,
વ્યક્ત ગુણી ગુણગ્રામ રે, વાલેસર ... તુજ (૬)

આત્મસિદ્ધિ કારજ ભણી રે લાલ,
સહજ નિર્યામક હેતુ રે, વાલેસર
નામાદિક જિનરાજના રે લાલ,
ભવસાગર માંહે સેતુ વાલેસર ... તુજ (૭)

સ્તંભન ઈન્દ્રિયયોગનો રે લાલ,
રક્તવર્ણ ગુણ રાય રે, વાલેસર
''દેવચંદ્ર'' વૃંદે સ્તવ્યો રે લાલ,
આપ અવર્ણ અકાય રે, વાલેસર ... તુજ (૮)

## (૭) શ્રી સુપાર્શ્વ જિન સ્તવન

### (હે સુંદર તપ સરખું - એ દેશી)

શ્રી સુપાસ આનંદમેં, ગુણ અનંતનો કંદ હો જિનજી,
જ્ઞાનાનંદે પૂરણો, પવિત્ર ચારિત્રાનંદ હો, જિનજી

...શ્રી સુપાસ (૧)

સંરક્ષણ વિણ નાથ છો, દ્રવ્ય વિના ધનવંત હો,
કર્તાપદ કિરિયા વિણા, સંત અજેય અનંત હો જિનજી,
... શ્રી સુપાસ (૨)

અગમ અગોચર અમર તું, અવ્યય રિદ્ધિ સમૂહ હો,
વર્ણગંધ રસ ફરસ વિણું, નિજ ભોક્તા ગુણ વ્યુહ હો જિનજી
... શ્રી સુપાસ (૩)

અક્ષયદાન, અચિંતના, લાભ અયત્ને ભોગ હો,
વીર્યશક્તિ અપ્રયાસતા, શુદ્ધ સ્વગુણ ઉપભોગ હો, જિનજી
... શ્રી સુપાસ (૪)

એકાંતિક આત્યંતિકો, સહજ અકૃત સ્વાધીન હો, જિનજી,
નિરુપચરિત નિર્દ્વન્દ્વ સુખ, અનન્ય અહેતુક પીન હો, જિનજી
... શ્રી સુપાસ (૫)

એક પ્રદેશે તાહરે, અવ્યાબાધ સમાય હો, જિનજી,
તસુ પર્યાય અવિભાગતા, સર્વાકાશ ન માય હો, જિનજી
... શ્રી સુપાસ (૬)

એમ અનંતગુણનો ધણી, ગુણ ગુણનો આનંદ હો, જિનજી,
ભોગ રમણ આસ્વાદયુત, પ્રભુ ! તું પરમાનંદ હો, જિનજી
... શ્રી સુપાસ (૭)

અવ્યાબાધ રુચિ થઈ, સાધે અવ્યાબાધ હો, જિનજી,
"દેવચંદ્ર" પદ તે લહે, પરમાનંદ સમાધ હો જિનજી
...શ્રી સુપાસ (૮)

## (૮) શ્રી ચન્દ્રપ્રભજિન સ્તવન

(શ્રી શ્રેયાંસજિન અંતરજામી - એ દેશી)

શ્રી ચન્દ્રપ્રભ જિનપદ સેવા, હેવાયે જે હલિયાજી,
આતમગુણ અનુભવથી મલિયા, તે ભવ ભયથી ટલિયાજી.
શ્રી ચન્દ્રપ્રભ (૧)

દ્રવ્ય સેવ વંદન નમનાદિક, અર્ચન વલી ગુણ ગ્રામોજી,
ભાવ અભેદ થાવાની ઈહા, પરભાવે નિઃકામોજી.
શ્રી ચંદ્રપ્રભ (૨)

ભાવ સેવ અપવાદે નૈગમ, પ્રભુ ગુણને સંકલ્પેજી,

સંગ્રહ સત્તા તુલ્યાસેવે, ભેદોભેદ વિકલ્પેજી
શ્રી ચંદ્રપ્રભ (૩)

વ્યવહારે બહુમાન જ્ઞાનનિજ, ચરણે જિનગુણ રમણાજી,
પ્રભુગુણે આલંબી પરિણામે, ઋજુપદ ધ્યાન સ્વરમણાજી
શ્રી ચંદ્રપ્રભ (૪)

શબ્દે શુકલ ધ્યાનારોહણ, સમભિરૂઢ ગુણ દશમેજી,
બીય શુકલ અવિકલ્પ એકત્વે, એવંભૂત તે અમમેજી
શ્રી ચંદ્રપ્રભ (૫)

ઉત્સર્ગે સમક્તિ ગુણ પ્રગટ્યો, નૈગમ પ્રભુતા અંશેજી,
સંગ્રહ આતમ-સત્તાલંબી, મુનિપદ ભાવ પ્રશંસેજી
શ્રી ચંદ્રપ્રભ (૬)

ઋજુસૂત્રે જે શ્રેણિ પદસ્થે, આત્મશક્તિ પ્રકાશેજી,
યથાખ્યાત પદ શબ્દ સ્વરૂપે, શુદ્ધ ધર્મે ઉલ્લાસેજી.
શ્રી ચંદ્રપ્રભુ (૭)

ભાવ સયોગી અયોગી શૈલેશે, અંતિમ દુગનય જાણોજી,
સાધનતાએ નિજગુણ વ્યક્તિ, તેહ સેવના વખાણોજી
શ્રી ચંદ્રપ્રભ (૮)

કારણભાવ તેહ અપવાદે, કાર્યરૂપ ઉત્સર્ગેજી,
આત્મભાવ તે ભાવ દ્રવ્ય પદ. બાહ્ય પ્રવૃત્તિ નિઃસર્ગેજી.
શ્રી ચંદ્રપ્રભુ ૯

કારણ ભાવ પરંપર સેવન, પ્રગટે કારજ ભાવોજી,
કારજ સિદ્ધે કારણતા વ્યય, શુચિ પરિણામિક ભાવોજી.
શ્રી ચંદ્રપ્રભ ૧૦

પરમગુણી સેવન તન્મયતા, નિશ્ચલ ધ્યાને ધ્યાવેજી,
શુદ્ધાતમ અનુભવ આસ્વાદી, ''દેવચંદ્ર'' પદ પાવેજી.
શ્રી ચંદ્રપ્રભ ૧૧

## (૯) શ્રી સુવિધિ જિન સ્તવન

(થારા મહેલા ઉપર મેહ - એ દેશી)

દીઠો સુવિધિ જિણંદ, સમાધિરસે ભર્યો, હો લાલ - સમાધિ,
ભાસ્યું આત્મસ્વરૂપ, અનાદિનો વિસર્યો, હો લાલ - સકલ

વિભાવ ઉપાધિ થકી મન ઓસર્યો, હો લાલ - સત્તા સાધન માર્ગ ભણી એ સંચર્યો હો લાલ - (૧) તુમ પ્રભુ જાણગ રીતિ, સર્વ જગ દેખતા હો લાલ - નિજ સત્તાએ શુદ્ધ, સહુને લેખતા હો લાલ - પરપરિણતિ અદ્વેષપણે ઉવેખતા, હો લાલ - ભોગ્યપણે નિજ શક્તિ, અનંત ગવેષતા, હો લાલ - (૨) દાનાદિક નિજ ભાવ, હતા જે પરવશા, હો લાલ - તે નિજ સન્મુખ ભાવ, ગ્રહી લહી તુજ દશા હો લાલ - પ્રભુનો અદ્ભુત યોગ, સ્વરૂપતણી રસા હો લાલ - ભાસે વાસે તાસ, જાસ ગુણ તુજ જિસા હો લાલ - (૩) મોહાદિકની ધૂમિ, ઊતરે હો લાલ - અમલ અખંડ અલિપ્ત, સ્વભાવ જ સાંભરે હો લાલ - તત્ત્વરમણ શુચિ ધ્યાન, ભણી જે આદરે હો લાલ - તે સમતારસધામ, સ્વામી મુદ્રા વરે, હો લાલ - (૪) *પ્રભુ છો ત્રિભુવન નાથ, દાસ હું તાહરો, હો લાલ -* કરુણાનિધિ અભિલાષ, અછે મુજ એ ખરો, હો લાલ - આતમ વસ્તુ સ્વભાવ, સદા મુજ સાંભરો, હો લાલ -

ભાસન વાસન એહ, ચરણ ધ્યાને ધરે, હો લાલ - (૫) પ્રભુમુદ્રાને યોગ, પ્રભુ પ્રભુતા લખે હો લાલ - દ્રવ્યતણે સાધર્મ્ય સ્વસંપત્તિ ઓળખે હો લાલ ઓળખતાં બહુમાન, સહિત રુચિ વધે હો લાલ - રુચિ અનુયાયી વીર્ય, ચરણધારા સધે હો લાલ - (૬) ક્ષાયોપશમિક ગુણ સર્વ, થયા તુજ ગુણરસી હોલાલ - સત્તા સાધન શક્તિ, વ્યક્તના ઉલ્લસી હો લાલ - હવે સંપૂરણ સિદ્ધિ, તણી શી વાર છે હો લાલ - "દેવચંદ્ર" જિનરાજ, જગત આધાર છે હો લાલ - જગત (૭)

## (૧૦) શ્રી શીતલજિન સ્તવન

### (આદર જીવ ક્ષમાગુણ આદર - એ દેશી)

શીતલ જિનપતિ પ્રભુતા પ્રભુની, મુજથી કહીય ન જાયજી, અનંતતા નિર્મલતા પૂર્ણતા, જ્ઞાન વિના ન જણાયજી શીતલ (૧)

ચરમ જલધિ જલમિણે અંજલિ ગતિ જીપે અતિવાયજી,
સર્વ આકાશ ઓલંઘે ચરણે, પણ પ્રભુતા ન ગણાયજી
શીતલ (૨)

સર્વદ્રવ્ય પ્રદેશ અનંતા, તેહથી ગુણ પર્યાયજી,
તાસવર્ગથી અનંત ગુણું પ્રભુ, કેવલજ્ઞાન કહાયજી
શીતલ (૩)

કેવલદર્શન એમ અનંતુ, ગ્રહે સામાન્ય સ્વભાવજી,
સ્વપર અનંતથી ચરણ અનંતુ, સમરણ સંવર ભાવજી
શીતલ (૪)

દ્રવ્ય ક્ષેત્ર ને કાલ ભાવ ગુણ, રાજનીતિ એ ચારજી,
ત્રાસ વિના જડ ચેતન પ્રભુની, કોઈ ન લોપે કારજી
શીતલ (૫)

શુદ્ધાશય થિર પ્રભુ ઉપયોગે, જે સમરે તુજ નામજી,
અવ્યાબાધ અનંતુ પામે, પરમ અમૃત સુખ ધામજી
શીતલ (૬)

આણા ઈશ્વરતા નિર્ભયતા, નિર્વાંછકતા રૂપજી,
ભાવ સ્વાધીન તે અવ્યય રીતે, એમ અનંતગુણ ભૂપજી
શીતલ (૭)

અવ્યાબાધ સુખ નિર્મલ તે તો, કરણ જ્ઞાને ન જણાયાજી,
તેહ જ એહનો જાણગ ભોક્તા, જે તુમ સમગુણ રાયજી
શીતલ (૮)

એમ અનંત દાનાદિક નિજ ગુણ, વચના તીત પંડુરજી,
વાસન ભાસન ભાવે દુર્લભ, પ્રાપ્તિ તો અતિ દૂરજી
શીતલ (૯)

સકલ પ્રત્યક્ષપણે ત્રિભુવનગુરુ, જાણું તુજ ગુણ ગ્રામજી,
બીજું કાંઈ ન માગું સ્વામી, એહી જ છે મુજ કામજી
શીતલ (૧૦)

એમ અનંત પ્રભુતા સદ્દહતાં, અર્ચે જે પ્રભુ રૂપજી,
"દેવચંદ્ર" પ્રભુતા તે પામે, પરમાનંદ સ્વરૂપજી
શીતલ. (૧૧)

## (૧૧) શ્રી શ્રેયાંસજિન સ્તવન

### (પ્રાણી વાણી જિન તણી - એ દેશી)

શ્રી શ્રેયાંસ પ્રભુ તણો, અતિ અદ્‌ભૂત સહજાનંદ રે,
ગુણ એક વિધ ત્રિક પરિણમ્યો, એમ ગુણ અનંતનો વૃંદ રે
મુનિચંદ જિણંદ અમંદ દિણંદ પરે, નિત્ય દિપતો સુખકંદ રે (૧)

નિજ જ્ઞાને કરી જ્ઞેયનો, જ્ઞાયક જ્ઞાતાપદ ઈશ રે,
દેખે નિજદર્શન કરી, નિજ દૃશ્ય સામાન્ય જગીશ રે
મુનિચંદ (૨)

નિજ રમ્યે રમણ કરો, પ્રભુ ચારિત્રે રમતા રામ રે,
ભોગ્ય અનંતને ભોગવો, ભોગે તેણે ભોક્તા સ્વામ રે
મુનિચંદ (૩)

દેય દાન નિજ દીજતે, અતિદાતા પ્રભુ સ્વયંમેવ રે,
પાત્ર તુમે નિજ શક્તિના, ગ્રાહક વ્યાપકમય દેવ રે
મુનિચંદ (૪)

પરિણામી કારજ તણો, કર્તા ગુણ કરણે નાથ રે,
અક્રિય અક્ષય સ્થિતિમયી, નિકલંક અનંતી આથ રે
મુનિચંદ (૫)

પારિણામિક સત્તા તણો, આવિર્ભાવ વિલાસ નિવાસ રે,
સહજ અકૃત્રિમ અપરાશ્રયી, નિર્વિકલ્પ ને નિઃપ્રયાસ રે
મુનિચંદ (૬)

પ્રભુ પ્રભુતા સંભારતાં, ગાતાં કરતાં ગુણગ્રામ રે,
સેવક સાધનતા વરે, નિજ સંવર પરિણતિ પામ રે
મુનિચંદ (૭)

પ્રગટ તત્ત્વતા ધ્યાવતાં, નિજ તત્વનો ધ્યાતા થાય રે,
તત્ત્વરમણ એકાગ્રતા, પૂરણ તત્ત્વે એહ સમાય રે
મુનિચંદ (૮)

પ્રભુ દીઠે મુજ સાંભરે, પરમાતમ પૂર્ણાનંદ રે,
"દેવચંદ્ર" જિનરાજના, નિત્ય વંદો પય અરવિંદ રે
મુનિચંદ (૯)

## (૧૨) શ્રી વાસુપૂજ્યસ્વામી જિન સ્તવન

(પંથડો નિહાળું રે.... એ દેશી)

પૂજના તો કીજે રે,
બારમા જિન તણી રે, જસુ પ્રગટ્યો પૂજ્ય સ્વભાવ,
પરકૃત પૂજા રે જે ઈચ્છે નહિ રે, સાધક કારજ દાવ
પૂજના (૧)

દ્રવ્યથી પૂજા રે કારણ ભાવનું રે, ભાવ પ્રશસ્ત ને શુદ્ધ,
પરમ ઈષ્ટ વલ્લભ ત્રિભુવન ધણી રે, વાસુપૂજ્ય સ્વયંબુદ્ધ
પૂજના (૨)

અતિશય મહિમા રે અતિ ઉપગારતા રે, નિર્મલ પ્રભુ ગુણ રાગ,
સુરમણિ સુરઘટ સુરતરુ તુચ્છ તે રે, જિનરાગી મહાભાગ
પૂજના (૩)

દર્શન જ્ઞાનાદિક ગુણ આત્મના રે, પ્રભુ પ્રભુતા લયલીન,
શુદ્ધ સ્વરુપી રૂપે તન્મયી રે, તસુ આસ્વાદન પીન
પૂજના (૪)

શુદ્ધ તત્ત્વરંગી ચેતના રે, પામે આત્મ સ્વભાવ,
આત્માલંબી નિજગુણ સાધતો રે, પ્રગટ્યો પૂજ્ય સ્વભાવ
પૂજના (૫)

આપ અકર્તા સેવાથી હુવે રે, સેવક પૂરણ સિદ્ધિ,
નિજ ધન ન દીએ પણ આશ્રિત લહે રે, અક્ષય અક્ષર ઋદ્ધિ
પૂજના (૬)

જિનવર પૂજા રે તે નિજ પૂજના રે, પ્રગટે અન્વય શક્તિ,
પરમાનંદ વિલાસી અનુભવે રે, "દેવચંદ્ર" પદ વ્યક્તિ
પૂજના (૭)

## (૧૩) શ્રી વિમલનાથ જિન સ્તવન

(દાસ અરદાસ શી પરે કરે જી - એ દેશી)

વિમલજિન વિમલતા તાહરીજી, અવર બીજે ન કહાય,
લઘુનદી જિમ તિમ લંઘીયેજી, સ્વયંભૂરમણ ન તરાય
વિમલજિન (૧)

સયલ પુઢવી ગિરિ જલ તરુજી, કોઈ તોલે એક હથ્થ,
તેહ પણ તુજ ગુણગણ ભણીજી, ભાખવા નહિ સમરથ
વિમલજિન...૨

સર્વ પુદગલ નભ ધર્મનાજી, તેમ અધર્મ પ્રદેશ,
તાસ ગુણ ધર્મ પજ્જવ સહુજી, તુજ ગુણ એક તણો લેશ
વિમલજિન...૩

એમ નિજભાવ અનંતનીજી, અસ્તિતા કેટલી થાય,
નાસ્તિતા સ્વ પર પદ અસ્તિતાજી, તુજ સમ કાલ સમાય
વિમલજિન ...૪

તાહરા શુદ્ધ સ્વભાવનેજી, આદરે ધરી બહુમાન,
તેહને તેહી જ નીપજેજી, એ કોઈ અદ્‌ભુત તાન
વિમલજિન ...૫

તુમ પ્રભુ તુમ તારક વિભુજી, તુમ સમો અવર ન કોય,
તુમ દરિસણ થકી હું તર્યોજી, શુદ્ધ આલંબન હોય.
વિમલજિન ...૬

પ્રભુ તણી વિમલતા ઓળખીજી, જે કરે સ્થિરમન સેવ,
"દેવચંદ્ર" પદ તે લહેજી, વિમલ આનંદ સ્વયંમેવ
વિમલજિન ...૭

## (૧૪) શ્રી અનંત જિન સ્તવન

(દીઠી હો પ્રભુ દીઠી જગગુરુ તુજ - એ દેશી)

મૂરતિ હો પ્રભુ મૂરતિ અનંત જિણંદ,
તાહરી હો પ્રભુ તાહરી મુજ નયણે વસીજી
સમતા હો પ્રભુ સમતા રસનો કંદ,
સહેજે હો પ્રભુ સહેજે અનુભવ રસ લસીજી
- મૂરતિ (૧)

ભવદવ હો પ્રભુ ભવદવ તાપિત જીવ,
તેહને હો પ્રભુ તેહને અમૃતઘન સમીજી,
મિથ્યાવિષ હો પ્રભુ મિથ્યા વિષની ખીવ,
હરવા હો પ્રભુ હરવા જાંગુલી મન રમીજી
- મૂરતિ (૨)

ભાવ હો પ્રભુ ભાવચિંતામણી એહ,
આતમ હો પ્રભુ આતમસંપત્તિ આપવાજી,
એહિ જ હો પ્રભુ એહિજ શિવસુખ ગેહ,
તત્વ હો પ્રભુ તત્વાલંબન સ્થાપવાજી
-મૂરતિ (૩)

જાએ હો પ્રભુ જાએ આશ્રવ ચાલ,
દીઠે હો પ્રભુ દીઠે સંવરતા વધેજી,
રત્ન હો પ્રભુ રત્નત્રયી ગુણમાલ,
અધ્યાત્મ સાધન સધેજી
- મૂરતિ (૪)

મીઠી હો પ્રભુ મીઠી સૂરત તુજ,
દીઠી હો પ્રભુ દીઠી, રુચિ બહુમાનથી જી
તુજ ગુણ હો પ્રભુ તુજ ભાસન યુક્ત,
સેવે હો પ્રભુ સેવે તસુ ભવભય નથીજી
- મૂરતિ (૫)

નામે હો પ્રભુ નામે અદ્‌ભુત રંગ,
ઠવણા હો પ્રભુ ઠવણા દીઠે ઉલ્લસેજી,
ગુણ આસ્વાદ હો પ્રભુ ગુણ આસ્વાદ,
અભંગ તન્મય હો પ્રભુ તન્મયતાયે જે ધસેજી
- મૂરતિ (૬)

ગુણ અનંત હો પ્રભુ ગુણ અનંતનો વૃંદ,
નાથ હો પ્રભુ નાથ અનંતને આદરેજી,
"દેવચંદ્ર" હો પ્રભુ દેવચંદ્રને આનંદ,
પરમ હો પ્રભુ પરમ મહોદય તે વરેજી
- મૂરતિ (૭)

## (૧૫) શ્રી ધર્મનાથજિન સ્તવન

(સફલ સંસાર - એ દેશી)

ધર્મ જગનાથનો ધર્મશુચિ ગાઈએ,
આપણો આતમા તેહવો ભાવીયે,
જાતિ જસુ એકતા તેહ પલટે નહિ,
શુદ્ધ ગુણ પવજ્જવા વસ્તુ સત્તામયી ... ધર્મ (૧)

નિત્ય નિરયવ વલી એક અક્રિયપણે,
સર્વગત તેહ સામાન્ય ભાવે ભણે
તેહથી ઈતર સાવયવ વિશેષતા,
વ્યક્તિભેદે પડે જેહની ભેદતા .. ધર્મ (૨)

એકતાપિંડને નિત્ય અવિનાશતા,
અસ્તિ નિજ ઋદ્ધિથી કાર્યગત ભેદતા,
ભાવશ્રુત ગમ્ય અભિલાપ્ય અનંતતા,
ભવ્યપર્યાયની જે પરાવર્તિતા ... ધર્મ (૩)

ક્ષેત્ર ગુણભાવ અવિભાગ અનેકતા,
નાશ ઉત્પાદ અનિત્ય પરનાસ્તિતા,
ક્ષેત્ર વ્યાપ્યત્વ અભેદ અવ્યક્તતા,
વસ્તુ તે રૂપથી નિયત અભવ્યતા ... ધર્મ (૪)

ધર્મ પ્રાગ્ - ભાવતા સકલગુણ શુદ્ધતા,
ભોગ્યતા કર્તૃતા રમણ પરિણામતા
શુદ્ધ સ્વપ્રદેશતા તત્ત્વચૈતન્યતા,
વ્યાપ્યવ્યાપક તથા ગ્રાહ્ય ગ્રાહકગતા ... ધર્મ (૫)

સંગ પરિહારથી સ્વામી નિજપદ લહ્યું,
શુદ્ધ આત્મિક આનંદપદ સંગ્રહ્યું
જહવિ પર ભાવથી હું ભવોદધિ વસ્યો,
પરતણો સંગ સંસારતાયે ગ્રસ્યો ... ધર્મ (૬)

તહવિ સત્તાગુણે જીવ એ નિર્મલો,
અન્ય સંશ્લેષ જિમ સ્ફટિક નવિ સામલો
જે પરોયાધિથી દુષ્ટ પરિણતિ ગ્રહી,
ભાવ તાદાત્મ્યમાં માહરું તે નહિ - ધર્મ (૭)

તિણે પરમાત્મપ્રભુ ભક્તિરંગી થઈ,
શુદ્ધ કારણ રસે તત્ત્વ પરિણતિમયી
આત્મગ્રાહક થયે તજે પરગ્રહણતા,
તત્ત્વભોગી થયે ટળે પરભોગ્યતા - ધર્મ (૮)

શુદ્ધ નિઃપ્રયાસ નિજભાવ ભોગી યદા,
આત્મક્ષેત્રે નહિ અન્ય રક્ષણ તદા,
એક અસહાય નિસ્સંગ નિર્દ્વન્દ્વતા,
શક્તિ ઉત્સર્ગની હોય સહુ વ્યક્તતા -ધર્મ (૯)

તેણે મુજ આતમા તુજ થકી નીપજે,
માહરી સંપદા સકલ મુજ સંપજે
તેણે મનમંદિરે ધર્મ પ્રભુ ધ્યાઈએ,
પરમ દેવચંદ્ર નિજ સિદ્ધિ સુખ પાઈએ..ધર્મ (૧૦)

## (૧૬) શ્રી શાંતિનાથ જિન સ્તવન

(આંખડીએ રે મેં આજ શત્રુંજય દીઠો રે - એ દેશી)

જગત દિવાકર જગતકૃપાનિધિ,
વાલા મારા સમવસરણમાં બેઠા રે,
ચઉ મુખ ચઉ વિહ ધર્મ પ્રકાશે, તે મેં નયણે દીઠા રે,
ભવિકજન હરખો રે, નીરખી શાંતિ જિણંદ, ભવિકજન...
ઉપશમ રસનો કંદ નહીં ઈણ સરીખોરે ... (૧)

પ્રાતિહારજ અતિશય શોભા મારા તે તો કહિય ન જાવે રે
ઘૂક બાલકથી રવિ કરભરનું, વર્ણન કેણી પરે થાવે રે...
ભવિકજન ... (૨)

વાણી ગુણ પાંત્રીશ અનોપમ, અવિસંવાદ સરૂપે રે,
ભવદુઃખ વારણ શિવ સુખ કારણ, શુધ્ધ ધર્મ પ્રરૂપે રે
ભવિકજન... (૩)

દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર દિશિમુખ, ઠવણા જિન ઉપકારી રે,
તસુ આલંબન લહિય અનેકે, તિહાં થયા સમકિત ધારી રે
ભવિકજન (૪)

ષટ્ નયકારજ રૂપે ઠવણા, સગનય કારણ ઠાણી રે,
નિમિત્ત સમાન થાપના જિનજી, એ આગમની વાણી રે
ભવિકજન (૫)

સાધક તીન નિક્ષેપા મુખ્ય, જે વિણું ભાવ ન લહિયે રે,
ઉપકારી દુગ ભાષ્યે ભાંખ્યા, ભાવ વંદક નો ગ્રહિયે રે
ભવિકજન (૬)

ઠવણા સમવસરણે જિનસેંતિ, જો અભેદતા વાધી રે,
એ આત્માના સ્વ-સ્વભાવગુણ, વ્યક્ત યોગ્યતા સાધી રે,
ભવિકજન (૭)

ભલું થયું મેં પ્રભુગુણ ગાયા, રસનાનો ફલ લીધો રે
"દેવચંદ્ર" કહે મારા મનનો, સકલ મનોરથ સીધો રે
ભવિકજન (૮)

## (૧૭) શ્રી કુંથુનાથજિન સ્તવન

### (ચરમ જિનેસરું- એ દેશી)

સમવસરણ બેસી કરી રે, બારહ પર્ષદા માંહે !
વસ્તુસ્વરૂપ પ્રકાશતા રે, કરુણાકર જગનાહોરે.....
(૧) કુંથુ જિનેસરુ !

નિર્મલ તુજ મુખ વાણી રે, જે શ્રવણે સુણે,
તેહી જ ગુણમણિ ખાણી રે... કુંથુ જિનેસરુ...
ગુણ પર્યાય અનંતતા રે, વલિય સ્વભાવ અગાહ,
નય, ગમ, ભંગ નિક્ષેપના રે, હેયાદેય પ્રવાહો રે...
કુંથુ જિનેસરુ... (૨)

કુંથુનાથ પ્રભુ દેશના રે, સાધન સાધક સિદ્ધ,
ગૌણ મુખ્યતા વચનમાં રે, જ્ઞાન તે સકલ સમૃદ્ધિ રે...
કુંથુ જિનેસરુ... (૩)

વસ્તુ અનંત સ્વભાવ છે રે,અનંત કથક તસુ નામ,
ગ્રાહક અવસર બોધથી રે, કહેવે અર્પિત કામો રે...
કુંથુ જિનેસરુ... (૪)

શેષ અનર્પિત ધર્મને રે, સાપેક્ષ શ્રદ્ધા બોધ,
ઉભયરહિત ભાસન હોવે રે,પ્રગટે કેવલ બોધો રે...
કુંથુ જિનેસરુ... (૫)

છતી પરિણતિ ગુણવર્તના રે, ભાસન ભોગ આનંદ,
સમકાલે પ્રભુ તાહરે રે, રમ્ય રમણ ગુણવૃંદો રે...
કુંથુ જિનેસરુ... (૬)

નિજ ભાવે સીય અસ્તિતા રે, પર નાસ્તિત્વ સ્વભાવ,
અસ્તિપણે તે નાસ્તિતા રે, સીય તે ઉભય સ્વભાવો રે...
કુંથુ જિને૦... (૭)

અસ્તિસ્વભાવ જે આપણો રે, રુચિ વૈરાગ્ય સમેત,
પ્રભુ સન્મુખ વંદન કરી રે, માંગીશ આતમ હેતો રે,...
કુંથુ જિનેસરુ... (૮)

અસ્તિસ્વભાવ રુચિ થઈ રે, ધ્યાતો અસ્તિસ્વભાવ,
"દેવચંદ્ર" પદ તે લહે રે, પરમાનંદ જમાવો રે...
કુંથુ જિનેસરુ... (૯)

## ૧૮ શ્રી અરનાથ જિન સ્તવન

(રામચંદ્ર કે બાગ ચાંપો... એ દેશી)

પ્રણમો શ્રી અરનાથ, શિવપુર સાથ ખરોરી,
ત્રિભુવન જન આધાર, ભવ નિસ્તાર કરોરી...(૧)

કર્તા કારણ યોગ, કારજ સિદ્ધિ લહેરી,
કારણ ચાર અનૂપ, કાર્યાર્થી તેહ ગ્રહેરી...(૨)

જે કારણ તે કાર્ય, થાયે પૂર્ણ પદેરી,
ઉપાદાન તે હેતુ, માટી ઘટ તે વદેરી...(૩)

ઉપાદાનથી ભિન્ન જે વિણ કાર્ય ન થાયે,
ન હુવે કારજરૂપ, કર્તાને વ્યવસાયે...(૪)

કારણ તેહ નિમિત્ત, ચક્રાદિક ઘટ ભાવે,
કાર્ય તથા સમવાય, કારણ નિયતને દાવે...(૫)

વસ્તુ અભેદ સ્વરૂપ, કાર્યપણું ન ગ્રહેરી,
તે અસાધારણ હેતુ, કુંભે થાસ લહેરી... (૬)

જેહનો નવિ વ્યાપાર, ભિન્ન નિયત બહુ ભાવિ,
ભૂમિ કાલ આકાશ, ઘટ કારણ સદ્ભાવી... (૭)

એહ અપેક્ષા હેતુ, આગમ માંહે કહયોરી,
કારણ પદ ઉત્પન્ન, કાર્ય થયો ન લહયોરી... (૮)

કર્તા આતમ દ્રવ્ય, કાર્ય સિદ્ધિ પણો રી,
નિજ સત્તાગત ધર્મ, તે ઉપાદાન ગણોરી... (૯)

યોગ સમાધિ વિધાન, અસાધારણ તેહ વદેરી
વિધિ આચરણ ભક્તિ, જિણે નિજ કાર્ય સધેરી... (૧૦)

નરગતિ પઢમ સંઘયણ, તેહ અપેક્ષા જાણો
નિમિત્તાશ્રિત ઉપાદાન, તેહને લેખે આણો... (૧૧)

નિમિત્તહેતુ જિનરાજ, સમતા અમૃત ખાણી
પ્રભુ અવલંબન સિદ્ધિ, નિયમા એહ વખાણી... (૧૨)

પુષ્ટ હેતુ અરનાથ, તેહને ગુણથી હલીયે,
રીઝ ભક્તિ બહુમાન, ભોગ ધ્યાનથી મલીયે.. (૧૩)

મોટાને ઉત્સંગ બેઠાને શી ચિંતા,
તિમ પ્રભુચરણ પસાય, સેવક થયા નિચિંતા... (૧૪)

અર પ્રભુ પ્રભુતા રંગ, અંતર શક્તિ વિકાસી
"દેવચંદ્ર"ને આનંદ, અક્ષય ભોગ વિલાસી... (૧૫)

## (૧૯) શ્રી મલ્લિનાથ જિન સ્તવન

(દેખી કામિની દોયકે એ દોશી)

મલ્લિનાથ જગનાથ, ચરણયુગ ધ્યાઈએ રે..
શુદ્ધાતમ પ્રાગભાવ, પરમપદ પાઈએ રે...
પરમપદ સાધક કારક ષટ્ક, સાધના રે...
કરે ગુણ તેહી જ શુદ્ધ સ્વરૂપ, થાય નિરાબાધના રે... (૧)

કર્તા આતમ દ્રવ્ય, કાર્ય નિજ સિદ્ધતા રે...
ઉપાદાન પરિણામ, પ્રયુક્ત તે કરણતા રે...

પ્રયુક્ત આતમ સંપદ દાન, તેહ સંપ્રદાનતા રે..
*તેહ દાતા પાત્રને દેય, ત્રિભાવ અભેદતારે..*(૨)

સ્વ-પર વિવેચન કરણ, તેહ અપાદાનથી રે...
સકલ પર્યાય આધાર, સંબંધ આસ્થાનથીરે...
બાધક કારક ભાવ, અનાદિનો નિવારવારે...
સાધકતા અવલંબી, તેહ સમારવારે...(૩)

શુદ્ધપણે પર્યાય, પ્રવર્તન કાર્યમેં રે,...
કર્તાદિ પરિણામ, તે આતમ ધર્મમેંરે...
ચેતન ચેતન ભાવ, કરે સમવેંત મેં રે...
સાદિ અનંતોકાલ, રહે નિજ ખેતમેં રે... રહે...(૪)

પરકર્તૃત્વ સ્વભાવ, કરે ત્યાં લગે કરે રે...
શુદ્ધકાર્ય રુચિભાસ, થયે નવિ આદરે રે...
શુધ્ધાત્મ નિજકાર્ય, રૂચિ કારક ફિરે રે...
તેહિ જ મૂળ સ્વભાવ, ગ્રહે નિજ પદ વરે રે...(૫)

કારણ કારજરૂપ, અછે કારક દશારે...
વસ્તુ પ્રગટ પર્યાય, એહ મનમેં વસ્યારે...

પણ શુદ્ધ સ્વરૂપ ધ્યાન, ચેતનતા ગ્રહેરે...
તવ નિજ સાધકભાવ, સકલ કારક લહેરે...(

માહરું પૂર્ણાનંદ, પ્રગટ કરવા ભણી રે...
પુષ્ટાલંબનરૂપ, સેવ પ્રભુજી તણીરે...
"દેવચંદ્ર" જિનચંદ્ર, ભક્તિ મનમેં ધરો...
ભક્તિ અબ્યાબાધ અનંત, અક્ષયપદ આદરો...અક્ષય(૭

## ૨૦ શ્રી મુનિસુવ્રત જિન સ્તવન

(ઓલગડી ઓલગડી સુંહલી હો... એ દેશી)

ઓલગડી ઓલગડી તો કીજે,
શ્રી મુનિસુવ્રત સ્વામીની રે,
જેહથી નિજ પદ સિદ્ધિ,
કેવલજ્ઞાનાદિક ગુણ ઉલ્લસે રે,
લહીએ સહજ સમૃદ્ધિ...(૧)

ઉપાદાન, ઉપાદાન નિજ પરિણતિ વસ્તુની રે,
પણ કારણ નિમિત્ત આધીન !

પુષ્ટ-અપુષ્ટ દુવિધ તે ઉપદિશ્યો રે,
ગ્રાહક વિધિ આધીન... ઓલગડી... (૨)

સાધ્ય સાધ્ય ધર્મ જે માંહે હોવે રે,
તે નિમિત્ત અતિપુષ્ટ !
પુષ્ટમાંહે તિલવાસક વાસના રે,
તે નવિ પ્રધ્વંસક દુષ્ટ ઓલગડી... (૩)

દંડ દંડ નિમિત્ત અપુષ્ટ ઘડા તણો રે,
નવિ ઘટતા તસુમાંહી !
સાધક સાધક પ્રધ્વંસકતા અછે રે,
તિણે નહિ નિયત પ્રવાહ- ઓલગડી... (૪)

ષટ્ કારક ષટ્ કારક તે કારણ કાર્યનાં રે
જે કારણ સ્વાધીન !
તે કર્તા તે કર્ત્તા સહુ કારક તે વસુ રે,
કર્મ તે કારણ પીન - ઓલગડી... (૫)

કાર્યકારણ સંકલ્પે કારક દશા રે,
છતી સત્તા સદ્‌ભાવ

અથવા તુલ્ય ધર્મને જોયવે રે,
સાધ્યારોપણ દાવ- ઓલગાડી... (૬)

અતિશય અતિશય કારણ કારક કરણતા રે,
નિમિત્ત અને ઉપાદાન !
સંપ્રદાન સંપ્રદાન કારણ પદ ભવનથી રે;
કારણ વ્યય અપાદાન ઓલગડી... (૭)

ભવન ભવન વ્યય, વિણુ કારજ નવિ હોવે રે,
જિમ દૃષદે ન ઘટત્વ !
શુધ્ધાધાર સ્વગુણનો દ્રવ્ય છે રે,
સત્તાધાર સુતત્વ... ઓલગડી... (૮)

આતમ આતમ કર્તા કારજ સિદ્ધતા રે,
તસુ સાધન જિનરાજ !
પ્રભુ દીઠે પ્રભુ દીઠે કારજ રુચિ ઉપજે રે,
પ્રગટે આત્મસમ્રાજ-ઓલગડી... (૯)

વંદન વંદન નમન સેવન વળી પૂજના રે,
સ્મરણ સ્તવન વળી ધ્યાન,

દેવચંદ્ર દેવચંદ્ર કીજે જીનરાજનુરે
પ્રગટે પૂર્ણ નિધાન-ઓલગડી...(૧૦)

## (૨૧) શ્રી નમિનાથ જિન સ્તવન

**(પીછી લારી પાલ ઊભા હોય રાજવી રે... એ દેશી)**

શ્રી નમિ જિનવર સેવ, ધનાધન ઊનમ્યો રે,
દીઠાં મિથ્યા રોર, ભવિક ચિત્તથી ગમ્યોરે..
શુચિ આચરણા રીતિ, તે અભ્ર વધે વડાંરે, તે.
આત્મપરિણતિ શુદ્ધ, તે વીજ ઝબૂકડારે... તે. (૧)

વાજે વાયુ સુવાય તે પાવન ભાવનારે... તે
ઈંદ્રધનુષ ત્રિક યોગ, તે ભક્તિ એકમનારે... તે
નિર્મળ પ્રભુ સ્તવઘોષ, ધ્વનિ ઘન ગર્જનારે... ધ્વ
તૃષ્ણા ગ્રીષ્મ કાલ, તાપની તર્જના રે... તા. (૨)

શુભ લેશ્યાની આલિ, તે બગપંક્તિ બનીરે.. તે
શ્રેણી સરોવર હંસ, વસે શુચિ ગુણ મુનિરે... વ

ચઉગતિ મારગ બંધ, ભવિકજન ઘર રહ્યારે... ભ
ચેતન સમતા સંગ, રંગમેં ઉમણ્યાં રે... રં (૩)

સમ્યગ્દૃષ્ટિ મોર, તિહાં હરખે ઘણું રે...
દેખી અદ્ભુત રૂપ, પરમ જિનવર તણુંરે...પરમ
પ્રભુગુણનો ઉપદેશ, તે જલધારા વહી રે...
ધર્મરુચિ ચિત્ત ભૂમિ, માંહે નિશ્ચલ રહી રે... માંહે (૪)

ચાતક શ્રમણ સમૂહ, કરે તવ પારણો રે... ક
અનુભવરસ આસ્વાદ, સકલ દુઃખ વારણોરે... સ
અશુભાચરણ નિવારણ, તૃણ અંકુરતા રે... તૃ
વિરતિ તણા પરિણામ, તે બીજની પૂરતારે... તે (૫)

પંચમહાવ્રત ધાન્ય, તણાં કર્ષણ વધ્યાંરે.. ત
સાધ્યભાવ નિજ થાપી, સાધનતાએ સધ્યાંરે... સા
ક્ષાયિક દરિશન જ્ઞાન, ચરણ ગુણ ઉપન્યારે... ચ
આદિક બહુ ગુણ સસ્ય, આતમઘર નીપન્યા રે... આ (૬)

પ્રભુ દરિસણ મહામેહ, તણે પ્રવેશમેં રે,
પરમાનંદ સુભિક્ષ, થયા મુઝ દેશમેં રે... થ

દેવચંદ્ર જિનચંદ્ર, તણો અનુભવ કરોરે... ત
અનંતો કાલ, આતમ સુખ અનુસરો રે આતમ (૭)

## (૨૨) શ્રી નેમિનાથ જિન સ્તવન

(પદ્મપ્રભજિન જઈ અલગા વસ્યા-એ દેશી)

નેમિ જિનેશ્વર નિજ કારજ કર્યું, છાંડ્યો સર્વ વિભાવો જી !
આતમશક્તિ સકલ પ્રગટ કરી, આસ્વાદ્યો નિજ ભાવો જી...
નેમિ... (૧)

રાજુલ નારી રે, સારી મતિ ધરી, અવલંબ્યા અરિહંતોજી !
ઉત્તમ સંગે રે ઉત્તમતા વધે, સધે આનંદ અનંતોજી...
નેમિ... (૨)

ધર્મ અધર્મ આકાશ અચેતના, તે વિજાતિ અગ્રાહ્યોજી !
પુદ્ગલ ગ્રહવેરે કર્મ કલંકતા, વાધે બાધક બાહ્યોજી...
નેમિ... (૩)

રાગી સંગે રે રાગ દશા વધે, થાયે તિણે સંસારોજી !
નિરાગીથી રે રાગનું જોડવું, લહીએ ભવનો પારોજી...
નેમિ... (૪)

અપ્રશસ્તા રે ટાળી પ્રશસ્તતા, કરતાં આસ્ત્રવ નાસે જી !
સંવર વાધે રે સાધે નિર્જરા ! આતમભાવ પ્રકાશે જી...
નેમિ... (૫)

નેમિ પ્રભુ ધ્યાને રે એકત્વતા, નિજ તત્ત્વે એક તાનો જી !
શુકલ ધ્યાને રે સાધી સુસિદ્ધતા, લહીએ મુક્તિ નિદાનો જી,
નેમિ... (૬)

અગમ અરૂપી રે અલખ અગોચરુ, પરમાતમ પરમીશોજી!
દેવચંદ્ર જિનવરની સેવના, કરતાં વાધે જગીશોજી...
નેમિ... (૭)

## (૨૩) શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

(રાગ - કટખાની દેશી)

સહજગુણ આગરો સ્વામી સુખસાગરો,
જ્ઞાન વૈરાગરો પ્રભુ સવાયો !
શુદ્ધતા એકતા તીક્ષ્ણતા ભાવથી,
મોહરિપુ જીતી જયપડહ વાયો .... સહજ (૧)

વસ્તુ નિજ ભાવ અવિભાસ નિઃકલંકતા,
પરિણતિ વૃત્તિતા કરી અભેદે !
ભાવ તાદાત્મ્યતા શક્તિ-ઉલ્લાસથી
સંતતિયોગને તું ઉચ્છેદે ... સહજ (૨)

દોષગુણ વસ્તુની લખીય યથાર્થતા,
લહી ઉદાસિનતા અપરભાવે !
ધ્વંસી તજજન્યતા ભાવકર્તાપણુ,
પરમપ્રભુ તું રમ્યો નિજ સ્વભાવે ...સહજગુણ (૩)

શુભ અશુભભાવ અવિલાસ તે હકિકતા,
શુભઅશુભભાવ તિહાં પ્રભુ ન કીધો !
શુદ્ધ પરિણામતા વીર્યકર્તા થઈ,
પરમ અક્રિયતા અમૃત પીધું ... સહજગુણ (૪)

શુદ્ધતા પ્રભુતણી આત્મભાવે રમે,
પરમ પરમાત્મતા તાસ થાએ !
મિશ્રભાવે અછે ત્રિગુણની ભિન્નતા,
ત્રિગુણ એકત્વ તુજ ચરણ આએ ... સહજગુણ (૫)

ઉપશમ રસભરી સર્વજન શંકરી,
મૂર્તિ જિનરાજની આજ ભેટી !
કારણે કાર્ય નિષ્પત્તિ શ્રદ્ધાન છે,
તેણે ભવભ્રમણની ભીડમેટી ... સહજગુણ (૬)

નયર ખંભાયતે પાર્શ્વ પ્રભુદર્શને
વિકસતે હર્ષ ઉત્સાહ વાધ્યો !
હેતુ એકત્વતા રમણ પરિણામથી,
સિદ્ધિ સાધક તણો આજ સાધ્યો ... સહજગુણ (૭)

આજ કૃતપુણ્ય ધન્ય દીહ મારો થયો,
આજ નરજન્મ મેં સફલ ભાવ્યો !
દેવચંદ્ર સ્વામી ત્રેવિસમો વંદિયો,
ભક્તિભરી ચિત્ત તુજ ગુણ રમાવ્યો ... સહજગુણ (૮)

## (૨૪) શ્રી મહાવીર જિન સ્તવન

(કડખાની દેશી)

તારા હો તાર પ્રભુ, મુજ સેવક ભણી,
જગતમાં એટલું સુજસ લીજે;

દાસ અવગુણ ભર્યો, જાણી પોતાતણો,
દયાનિધિ દિન પર દયા કીજે. તા૦ ૧

રાગદ્વેષે ભર્યો, મોહવૈરી નડયો,
લોકની રીતિમાં ઘણુંય રાચ્યો
ક્રોધવશ ધમધમ્યો, શુધ્ધ ગુણ નવિ રમ્યો,
ભમ્યો ભવમાંહિ હું વિષય માતો. તા૦ ૨

આદર્યું આચરણ, લોક ઉપચારથી
શાસ્ત્ર અભ્યાસ પણ કાંઈ ન કીધો;
શુધ્ધ શ્રધ્ધાન વલી, આત્મ અવલંબ વિના,
તેહવો કાર્ય તિણે કો ન સીધો. તા૦ ૩

સ્વામી દરિશણ સમો, નિમિત્ત લહી નિર્મલો,
જો ઉપાદાન એ શુચિ ન થાવે
દોષ કો વસ્તુનો, અહવા ઉદ્યમ તણો,
સ્વામી સેવા સહિ નીકટ લાવે તા૦ ૪

સ્વામી ગુણ ઓળખી, સ્વામીને જે ભજે,
દરિશણ શુદ્ધતા તેહ પામે;

જ્ઞાન ચારિત્ર, તપ વીર્ય ઉલ્લાસથી,
કર્મ જીતી વસે મુકિત ધામે. તા૦ ૫

જગત વત્સલ, મહાવીર જિનવર સુણી,
ચિત્ત પ્રભુ ચરણને શરણ વાસ્યો;
તારજો બાપજી, બિરૂદ નિજ રાખવા,
દાસની સેવના રખે જોશો. તા૦ ૬

વિનતિ માનજો, શકિત એ આપજો,
ભાવ સ્યાદ્વાદતા શુધ્ધ ભાસે;
સાધી સાધક દશા, સિધ્ધતા અનુભવી,
દેવચંદ્ર વિમલ પ્રભુતા પ્રકાશે. તા૦ ૭

## ॥ કળશ ॥

ચોવીશે જિનગુણ ગાઈયે, ધ્યાઈએ તત્ત્વ સ્વરૂપોજી,
પરમાનંદ પદ પાઈયે, અક્ષય જ્ઞાન અનૂપોજી ચો...૧

ચઉદહસે બાવન ભલા, ગણધર ગુણ ભંડારોજી,
સમતામયી સાહુ સાહુણી, સાવય સાવયી સારોજી ચો...૨

વર્દ્ધમાન જિનવર તણો, શાસન અતિ સુખકારોજી,
ચઉવિહ સંઘ વિરાજતો, દુઃષમ કાલ આધારોજી ચો...૩

જિન સેવનથી જ્ઞાનતા, લહે હિતા હિત બોધોજી,
અહિત ત્યાગ હિત આદરે, સયંમ તપની શોધોજી, ચો...૪

અભિનવ કર્મ અગ્રહણતા, જીર્ણ કર્મ અભાવેજી,
નિઃકર્મીને અબાધતા, અવેદન અનાકુલ ભાવોજી ચો...૫

ભાવારોગના વિગમથી, અચલ અક્ષય નિરાબાધોજી,
પૂર્ણાનંદ દશા લહી, વિલસે સિદ્ધ સમાધોજી ચો...૬

શ્રી જિનચંદ્ર સેવના, પ્રગટે પુણ્ય પ્રધાનોજી,
સુમતિ સાગર અતિ ઉલ્લસે, સાધુરંગ પ્રભુ ધ્યાનોજી ચો...૭

સુવિહિત ગચ્છ ખરતરવરૂ, રાજસાગર ઉવઝાયોજી,
જ્ઞાનધર્મ પાઠક તણો, શિષ્ય સુજસ સુખ દાયોજી ચો...૮

દીપચંદ્ર પાઠક તણો, શિષ્ય સ્તવે જિનરાજોજી,
દેવચંદ્ર પદ સેવતાં, પુર્ણાનંદ સમાજોજી ચો...૯

## પદ્મવિજયજી કૃત-
## ચૈત્યવંદન, સ્તવન અને સ્તુતિ ચોવિશિ

### (૧) શ્રી ઋષભદેવ સ્વામીનું ચૈત્યવંદન

આદિદેવ અલવેસરૂ, વિનિતાનો રાય,
નભિરાયા કુળ મંડણો, મરૂદેવા માય. ૧
પાંચસે ધનુષ્યની દેહડી, પ્રભુજી પરમ દયાલ,
ચોરાશી લાખ પૂર્વનું, જસ આયુ વિશાલ. ૨
વૃષભ લાંછન જિન વૃષભ ધરૂએ,
ઉત્તમ ગુણ મણિ ખાણ, તસ પદ પદ્મ સેવન થકી,
લહિયે અવિચલ ઠાણ. ૩

## (૧) શ્રી ઋષભદેવ સ્વામીનું સ્તવન

### (જગજીવન જગવાલહો એ-દેશી )

જગચિંતામણી જગગુરુ, જગતશરણ આધાર; લાલરે
અઢાર કોડા કોડી સાગરે, ધર્મ ચલાવણહાર. લાલરે. જ૦ ૧

અષાડ વદી ચોથે પ્રભુ, સ્વર્ગથી લીએ અવતાર; લાલ રે૦,
ચૈતર વદી આઠમ દિને, જન્મ્યા જગદાધાર. લાલરે. જ૦ ૨

પાંચશે ધનુષની દેહડી, સોવન વરણ શરીર; લાલરે૦,
ચૈતર વદી આઠમ લીયે, સંજમ મહાવડવીર. લાલરે. જ૦ ૩

ફાગણ વદી અગ્યારશે, પામ્યા પંચમ નાણ; લાલરે૦,
મહાવદી તેરશે શિવ વર્યા, યોગ નિરોધ કરી જાણ. લાલરે. જ૦ ૪

લાખ ચોરાશી પૂરવતણું, જિનવર ઉત્તમ આય; લાલરે૦,
**પદ્મવિજય** કહે પ્રણમતાં, વહેલું શિવસુખ થાય. લાલરે. જ૦ ૫

## (૧) શ્રી આદીશ્વરજીની સ્તુતિ

આદિ જિનવર રાયા, જાસ સોવન્ન કાયા,
મરુદેવી માયા, ધોરી લંછન પાયા;

જગત સ્થિતિ નિપાયા, શુદ્ધ ચારિત્ર પાયા,
કેવલસિરિ રાયા, મોક્ષ નગરે સિધાયા. ૧

સવિ જિન સુખકારી, મોહ મિથ્યા નિવારી,
દુર્ગતિ દુઃખ ભારી, શોક સંતાપ વારી;
શ્રેણી ક્ષપક સુધારી, કેવલાનંત ધારી,
નમીએ નર નારી, જેહ વિશ્વોપકારી. ૨

સમોસરણે બેઠા, લાગે છે જિનજી મીઠા,
કરે ગણપ પઈઠા, ઇન્દ્રચંદ્રાદિ દીઠાં;
દ્વાદશાંગી વરિઠ્ઠા, ગુંથતાં ટાલે રિઠ્ઠા,
ભવિજન હોય હિઠ્ઠા, દેખી પુણ્યે ગરિઠ્ઠા. ૩

સુર સમકિત વંતા, જેહ ઋદ્ધે મહંતા,
જે સજ્જન સંતા, ટાલીયે મુજ ચિન્તા;
જિનવર સેવંતા, વિઘ્ન વારે દૂરન્તા,
જિન ઉત્તમ થુણંતા, પદ્મને સુખદિન્તા. ૪

## (૨) શ્રી અજીતનાથ ભગવાનનુ ચૈત્યવંદન

અજીતનાથ પ્રભુ, અવતર્યો, વિનીતાનો સ્વામી;
જિતશત્રુ વિજયા તણો, નંદન શિવગામી.... ૧
બહોંતેર લાખ પૂરવ તણું, પાળ્યું જેણે આય;
ગજ લંછન લાંછન નહીં, પ્રણમે સુરરાય.... ૨
સાડા ચારસેં ધનુષની એ, જિનવર ઉત્તમ દેહ;
પાદ **પદ્મ** તસ પ્રણમીયે, જિમ લહીએ શિવ ગેહ.... ૩

## (૨) શ્રી અજિતનાથ જિન સ્તવન

શ્રી અજિત જિનેશ્વર વંદિએ, જે ત્રિભુવન જનઆધાર રે;
પચાસ લાખ કોડી સાયરનો, અંતર આદિ અજિત વિચાર રે
॥ શ્રી અજિત૦ ॥ ૧ ॥

સુદ વૈશાખની તેરસે, પ્રભુ અવતર્યા જગ સુખદાયરે;
મહા સુદિ આઠમ દિને જનમિઆ, તેમ નૌમી વ્રત ધાર થાય રે
॥ શ્રી અજિત૦ ॥ ૨ ॥

એકાદશી અર્જુન પક્ષની, પોષ માસની પામ્યા નાણ રે;
ચૈતર સુદિ પાંચમને દિને, પામ્યા પ્રભુ શાશ્વત ઠાણ રે
॥ શ્રી અજિત૦ ॥ ૩ ॥

સાડા ચારસેં ઊંચી ધનુષની, કાયા કંચન તે વાનરે;
લાખ બહોંતેર પૂર્વનું આઉખું, જગ ઉપગારી ભગવાનરે
॥ શ્રી અજિત૦ ॥ ૪ ॥

જે જિનવર નમતાં સાંભરે, એકસો સિત્તેર મહારાજરે;
તેહના ઉત્તમ પદ પદ્મની, સેવાથી લહે શિવરાજરે
॥ શ્રી અજિત૦ ॥ ૫ ॥ ઇતિ ॥

## (૨) શ્રી અજિતનાથ પ્રભુની સ્તુતિ

વિજયા સુત વંદો, તેજથી જ્યું દિણંદો,
શીતળતાએ ચ દો, ધીરતાએ ગિરીંદો.
મુખ જેમ અરવિંદો, જાસ સેવે સુરીંદો,
લહો પરમાણંદો, સેવના સુખ કંદો ॥ ૧ ॥

## (૩) શ્રી સંભવનાથ ભગવાનનું ચૈત્યવંદન

સાવત્થી નયરી ધણી, શ્રી સંભવનાથ;
જિતારિ નૃપનો નંદ ચલવે શિવસાથ....૧

સેના નંદન ચંદને, પૂજો નવ અંગે;
ચારસેં ધનુષ દેહ માન, પ્રણમો મનરંગે....૨

સાઠ લાખ પૂરવતણું એ, જિનવર ઉત્તમ આય;
તુરગ લંછન પદ **પદ્મને,** નમતાં શિવ સુખ થાય....૩

## (૩) શ્રી સંભવનાથ જિન સ્તવન

સંભવ જિનવર સુખ કરૂ, સાગર ત્રીસ લાખ કોડીરે;
આજેત સંભવ વચ્ચે આંતરૂં, જગતમાં જાસ નહિ જોડીરે,
॥ સંભવ૦ ॥ ૧ ॥

ફાગણસુદ તણી આઠમે, જેહનું ચ્યવન કલ્યાણરે,
માગસર સુદની ચૌદસે, નીપનો જનમ જિન ભાણ રે.
॥ સંભવ૦ ॥ ૨ ॥

કનક વરણે તજી કામના, લીધો સંયમ ભાર રે;
પૂર્ણિમા માગસર માસની, ઘર તજી થયા અણગાર રે
॥ સંભવ૦ ॥ ૩ ॥

ચારસેં ધનુષ્યની દેહડી, કાર્તિકવદ પાંચમે નાણરે;
લોક અલોક ષટ દ્રવ્ય જે, પ્રત્યક્ષ નાણ પ્રમાણરે.
॥સંભવ૦ ॥ ૪ ॥

ચઈતર સુદ પાંચમે શિવવર્યા, સાઠ લાખ પૂર્વનું આયરે,
તાસ ઉત્તમ પદ પદ્મની, સેવાથી સુખ થાય રે
॥ સંભવ૦ ॥ ૫ ઈતિ ॥

## (૩) શ્રી સંભવનાથ સ્વામીની સ્તુતિ

સંભવ સુખદાતા, જેહ જગમાં વિખ્યાતા;
ષટ જીવના ત્રાતા, આપતા સુખશાતા;
માતાને ભ્રાતા, કેવળજ્ઞાન જ્ઞાતા;
*દુખ દોહગ ત્રાતા, જાસ નામે પલાતા ॥ ૧ ॥ ઈતિ ॥*

## (૪) શ્રી અભિનંદન સ્વામીનું ચૈત્યવંદન

નંદન સંવર રાયના, ચોથા અભિનંદન;
કપિ લંછન વંદન કરો, ભવદુઃખ નિકંદન. ... ૧

સિદ્ધારથા જસ માવડી, સિદ્ધારથ જિન રાય;
સાડા ત્રણશેં ધનુષમાન, સુંદર જસ કાય. ... ૨

વિનીતા વાસી વંદિયે એ, આયુ લખ પચાસ;
પૂરવ તસ પદ **પદ્મને,** નમતાં શિવપુર વાસ. ... ૩

## (૪) શ્રી અભિનંદન જિન સ્તવન

તુમ જોજો જોજોરે વાણિને પ્રકાશે તુમે ।। એ આંકણી ।।
ઉઠે છે અખંડ ધ્વની જોજને સંભળાય, નર તિરિય દેવ આપની,
સહુ ભાષા સમજી જાય ।। તુમે૦ ।। ૧ ।।

દ્રવ્યાદિક દેખી કરીને, નય નિક્ષેપે જુત્ત,
ભંગ તણી રચના ઘણી, કાંઈ જાણે સહુ અદ્‌ભુત
।। તુમે૦ ।। ૨ ।।

પય સુધાને ઈક્ષુ, વારિ હારી જાએ સર્વ,
પાખંડી જન સાંભળીને, મુકી દીએ ગર્વ
॥ તુમ૦ ॥ ૩ ॥

ગુણ પાંત્રીસ અલંકરી, અભિનંદન જિન વાણી,
શંસય છેદે મન તણા, પ્રભુ કેવળજ્ઞાને જાણી
॥ તુમે૦ ॥ ૪ ॥

વાણી જે નર સાંભળે તે, જાણે દ્રવ્યને ભાવ,
નિશ્ચય ને વ્યવહાર જાણે, જાણે નિજ પર ભાવ
॥ તુમે૦ ॥ ૫ ॥

સાધ્ય સાધન ભેદ જાણે, જ્ઞાનને આચાર,
હેય જ્ઞેય ઉપાદેય જાણે, તત્વા તત્વ વિચાર
॥ તુમે૦ ॥ ૬ ॥

નરક સરગ અપવર્ગ જાણે, થિરવ્ય અને ઉતપાત;
રાગદ્વેષ અનુબંધ જાણે, ઉત્સર્ગને અપવાદ
॥ તુમે૦ ॥ ૭ ॥

નિજ સ્વરૂપને ઓળખીને, અવલંબે સ્વરૂપ;
ચિદાનંદ ઘન આતમા તે, થાયે નિજ ગુણ ભુપ
॥ તુમે૦ ॥ ૮ ॥

જે અર્થી જિન ઉત્તમ કેરા, અવલંબે પદ પદ્મ,
નિયતે પરભાવ તજીને, પામે શિવ પુર પદ્મ
॥ તુમે૦ ॥ ૯ ॥ ઈતિ ॥

## (૪) શ્રી અભિનંદન સ્વામીની સ્તુતિ

સંવર સુત સાચો, જાસ સ્યાદ્વાદ વાંચો;
થયો હીરો જાચો, મોહને દેઈ તમાચો;
પ્રભુ ગુણ ગણ માચો, એહને ધ્યાન રાચો;
જિનપદ સુખ સાચો ભવ્ય પ્રાણી નિકાચો ॥ ૧ ॥

## (૫) શ્રી સુમતિનાથ ભગવાનનું ચૈત્યવંદન

સુમતિનાથ સુહંકરૂં, કોસલ્લા જસ નયરી;
મેઘરાય મંગલા તણો, નંદન જિતવયરી. .... ૧

કૌંચ લંછન જિન રાજિયો, ત્રણશેં ધનુષની દેહ;
ચાલીશ લાખ પૂરવ તણું, આયુ અતિ ગુણગેહ. ....૨

સુમતિ ગુણે કરી જે ભર્યા એ, તર્યા સંસાર અગાધ;
તસ પદપદ્મસેવા થકી, લહો સુખ અવ્યાબાધ. ....૩

## (૫) શ્રી સુમતિનાથ જિન સ્તવન

સેવો સુમતિ જિનેશ્વર સાહિબો,
પ્રભુ અભિનંદનથી એહરે;
નવ લાખ કોડી સાગર તણો,
અંતર ગુણ ગણમણી ગેહરે ॥ સેવો૦ ॥ ૧ ॥

ચવ્યા શ્રાવણ સુદિ બીજ દિને,
સુચિત ચૌદ સુપને જેહરે;
વૈશાખ સુદિ આઠમે જનમીયા,
ત્રણ જ્ઞાન સહિત વરદેહરે ॥ સેવો૦ ॥ ૨ ॥

ઊંચી કાયા ત્રણસેં ધનુષ્યની,
સોવન વન અતિ અવદાતરે;

સુદિ વૈશાખ નવમીએ વ્રત લીએ,
દેઈ દાન સંવત્સરી ખ્યાતરે ॥ સે૦ ॥ ૩ ॥

ચૈતર સુદિ અગીઆરસ દિને,
લહ્યા પ્રભુજી પંચમનાણરે;
ચૈતર સુદિ નવમીયે શિવવર્યા,
પૂર્વ લાખ ચાલીસ આયુ જાણરે. ॥ સેવો૦ ॥ ૪ ॥

એ તો જિનવર જગગુરૂ મીઠડો,
માહરા આતમ છો આધારરે;
ભવ ભવ પ્રભુ શરણે રાખજો,
કહે પદ્મવિજય ધરી પ્યારરે. ॥ સેવો૦ ॥ ૫ ॥ ઈતિ ॥

## (૫) શ્રી સુમતિનાથ સ્વામીની સ્તુતિ

સુમતિ સુમતિ દાઈ, મંગલા જાસમાઈ,
મેરૂને વલીરાઈ; ઓર એહને તુલાઈ;
ક્ષય કીધાં ઘાઈ કેવળજ્ઞાન પાઈ;
નહિ ઉણીમ કાંઈ, સેવીએ એ સદાઈ ॥ ૧ ॥

## (૬) શ્રી પદ્મપ્રભ ભગવાનનું ચૈત્યવંદન

કોસંબીપુરી રાજિયો, ધર નરપતિ તાય;
પદ્મપ્રભ પ્રભુતામયી, સુસીમા જસ માય. .... ૧

ત્રીશ લાખ પૂરવતણું, જિન આયુ પાળી;
ધનુષ અઢીસેં દેહડી, સવિ કર્મને ટાળી. .... ૨

પદ્મલંછન પરમેશ્વરુ એ, જિનપદ પદ્મની સેવ;
'પદ્મવિજય' કહે કીજીયે, ભવિજન સહુ નિતમેવ. .... ૩

## (૬) શ્રી પદ્મપ્રભ જિન સ્તવન

પદ્મપ્રભ છટ્ઠા નમો સાહેલડીયાં,
સુમતિ પદ્મ વચે જેહ ગુણવેલડીયાં,
નેઉ સહસ કોડી સાયરનો સા૦
અંતર જાણે એહ ગુ૦ ॥ ૧ ॥

ચવિઆ મહાવદિ છઠ દિને સા૦
જન્મ તે કાર્તિક માસ ગુ૦
વદિ બારસ દિન જાણીએ સા૦
રક્તવર્ણ છે જાસ ગુ૦ ॥ ૨ ॥

ધનુષ અઢીસેં દેહડી સા૦
કાર્તિક માસ કલ્યાણ ગુ૦
વદિ તેરસે તપ આદર્યાં સા૦
ચૈત્રી પુનમે નાણ ગુ૦ ।। ૩ ।।

ત્રીસ લાખ પુરવ તણું સા૦
આયુ ગુણ મણિ ખાણ ગુ૦
માગસર વદિ અગીઆરસેં સા૦
પામ્યા પદ નિર્વાણ ગુ૦ ।। ૪ ।।

સાહેબ સુરતરૂ સમો ગુ૦
જિન ઉત્તમ મહારાજ ગુ૦
'પદ્મવિજય' કહે પ્રણમીયે ગુ૦
સીજે વાંછિત કાજ ગુ૦ ।। ૫ ।।

## (૬) શ્રી પદ્મપ્રભ સ્વામીની સ્તુતિ

અઢીંસે ધનુષ કાયા, ત્યક્ત મદ મોહ માયા;
સુસીમા જસ માયા, શુક્લ જે ધ્યાન ધાયા,

કેવલ વર પાયા, ચામરાદિ ધરાયા;
સેવે સુર રાયા, મોક્ષ નગરે સધાયા ॥ ૧ ॥

## (૭) શ્રી સુપાર્શ્વનાથ ભગવાનનું ચૈત્યવંદન

શ્રી સુપાર્શ્વ જિણંદ પાસ, ટાળ્યો ભવ ફેરો;
પૃથ્વી માતા ઉરે જયો, તે નાથ હમેરો. ....૧

પ્રતિષ્ઠિત સુત સુંદરૂ, વાણારસી રાય;
વીશ લાખ પૂરવ તણું, પ્રભુજીનું આય. ....૨

ધનુષ બસેં જિન દેહડી એ, સ્વસ્તિક લંછન સાર;
પદ **પદ્મે** જસ રાજતો, તાર તાર ભવ તાર. ....૩

## (૭) શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવન

સાતમે સગ ભય વારવા, જિનવરજી જયકાર,
સોભાગી સાંભળો; અંતર સાગર પદ્મથી,
નવ કોડી હજાર ॥ સોભાગી૦ ૧ ॥

ભાદરવા વદની આઠમે,
ચવીયા સ્વર્ગને છાંડી, સો૦ ॥

જેઠ સુદિ બારસ જનમીયા,
એ પ્રભુશું રઢ માંડી ॥ સોભાગી૦ ૨ ॥

ધનુષ બસેં તનુ જેહનું,
કાન્તિ કનક અનુહાર; સો૦
જેઠ સુદિ તેરસે આદરે.
ચોખા મહાવ્રત ચાર; ॥ સોભાગી૦ ૩ ॥

ફાગણ વદિ છઠે ઉપન્યું,
નિરૂપમ પંચમનાણ, સો૦
વીશ લાખ પુરવ તણું;
આઉખું ચઢ્યું શું પ્રમાણ, ॥ સોભાગી૦ ૪ ॥

ફાગણ વદિ સાતમ દિને,
પારગંત થયો દેવ; સો૦
જિન ઉત્તમ પદ પદ્મની,
કીજે નિત નિત સેવ; ॥ સોભાગી૦૫ ॥

## (૭) શ્રી સુપાર્શ્વનાથ પ્રભુની સ્તુતિ

સુપાસ જિન વાણી, સાંભળે જેહ પ્રાણી;
હૃદયે પહેંચાણી, તે તર્યા ભવ્ય પ્રાણી;
પાંત્રીશ ગુણ ખાણી, સૂત્રમાં જે ગુંથાણી,
ષટ્ દ્રવ્ય શ્યું જાણી, કર્મ પીલે જ્યું ઘાણી ॥ ૧ ॥ ઇતિ ॥

## (૮) શ્રી ચંદ્રપ્રભ ભગવાનનું ચૈત્યવંદન

લક્ષ્મણા માતા જનમીયો, મહસેન જસ તાય;
ઉડુપતિ લંછન દીપતો, ચંદ્રપુરીનો રાય. .... ૧
દશ લાખ પૂરવ આઉખું, દોઢસો ધનુષની દેહ;
સુરનરપતિ સેવા કરે, ધરતા અતિ સસનેહ. .... ૨
ચંદ્રપ્રભ જિન આઠમા એ, ઉત્તમ પદ દાતાર;
પદ્મ વિજય કહે પ્રણમીએ, મુજ પ્રભુ પાર ઉતાર. .... ૩

## (૮) શ્રી ચંદ્રપ્રભુ જિન સ્તવન

શ્રી ચંદ્રપ્રભ જિનરાયજી, જિનવર જયકારી,
નવસે કોડી સાયર વચે થાયજી,ભવિજન હિતકારી;

ચૈતર વદિ પાંચમે ચવીયાજી, સહુજન સુખકારી,
નારકી સુખ લહે ક્ષણ મળીયાંજી, ભવિજન ભયહારી ॥ ૧ ॥

પોષ વદિ બારસને દિનેજી, જનમ્યા જાઉં વારી,
કુંદિ દુ ગોખીર સમ તનજી, જાઉં હું બલિહારી;
જસ દોઢસો ધનુષની, કાયાજી ઉંચપણે ધારી,
પોષ વદિ તેરસે વ્રત પાયાજી, છોડી કંચન નારી ॥ ૨ ॥

ફાગણ વદિ સાતમેં પામ્યાજી, સર્વજ્ઞ પદ ભારે,
સુર અસુર મલિ શિર નમ્યાજી, મહોત્સવ કરે ત્યારે,
ભાદરવા વદિ સાતમે વરીયાજી, શિવ સુંદરી સારી;
આયુ દશ લાખ પૂર્વ ધરીયાજી, બહુ ભવિજન તારી ॥ ૩ ॥

કોઈ અપૂર્વ ચંદ્રમા એહજી, લંછને અવિકારી;
નવિ રાહુ ગ્રહણ કરે જેહજી, નિત ઉદ્યોતકારી;
નવિ મેઘ આવે જસ આગેજી, કાન્તિ શોભા હારી;
નવિ ખંડિત હોય કોય માગેજી, સહુ નમે નિર્ધારી; ॥ ૪ ॥

તું સાહેબ જગનો દિવોજી, અંધકાર વારી;
લક્ષ્મણા નંદન ચિરંજીવોજી, જગમોહનકારી;

કહે પદ્મવિજય કરૂં સેવાજી, સર્વ દૂરે ટાળી;
જેમ લહિયેં શિવસુખ મેઘાજી, અનોપમ અવધારી ॥ ૫ ॥

## (૮) શ્રી ચંદ્રપ્રભ સ્વામીની સ્તુતિ

સેવે સુર વૃંદા, જાસ ચરણા વિંદા;
અટઠમ જિનચંદા, ચંદ વરણે સોહંદો;
મહસેન નૃપનંદા, કાપતા દુઃખ દંદા;
લંછન મિષ ચંદા, પાય માનું સેવંદા ॥૧॥

## (૯) શ્રી સુવિધિનાથ ભગવાનનું ચૈત્યવંદન

સુવિધિનાથ નવમાં નમું, સુગ્રીવ જસ તાત;
મગર લંછન ચરણે નમું, રામા રૂડી માત. ... ૧

આયુ બે લાખ પૂરવતણું, શત ધનુષની કાય;
કાકંદી નગરી ધણી, પ્રણમું પ્રભુ પાય. ... ૨

ઉત્તમ વિધિ જેહથી લહ્યોએ, તેણે સુવિધિ જિન નામ;
નમતાં તસ પદ પદ્મને, લહિયે શાશ્વત ધામ....૩

## (૯) શ્રી સુવિધિનાથ જિન સ્તવન

સુવિધિ જિન પતિ સેવીએ મન મોહન મેરે,
અંતર સુવિધિચંદ; મન૦ નેઉ કોડી સાગરતણું; મન૦
પ્રણમો ભવિજન વૃંદ; મન૦ ॥ ૧ ॥

ફાગણ વદી નવમી ચવ્યા; મન રામા ઉર સર હંસ; મન૦
માગસર વદી પાંચમે જન્મ્યા, મન૦ દીપાવ્યો સુગ્રીવ વંશ,
મન૦ ॥ ૨ ॥

એકસો ધનુષ કાયા ભલી, મન૦ વરણ ચંદ અનુહાર; મન૦
માગસર વદિ છઠ્ઠ વ્રતી; મન૦ લીધો સંયમ ભાર
મન૦ ॥ ૩ ॥

સુદિ કાર્તિક ત્રીજે થયા, મન૦ લોકાલોકના જાણ, મન૦
ભાદરવા સુદિ નવમી દિને; મન૦ પ્રભુ પામ્યા નિર્વાણ
મન૦ ॥ ૪ ॥

દોય લાખ પુરવ તણું, મન૦ જિનવર ઉત્તમ આય; મન૦
'પદ્મવિજય' કહે પ્રણમતાં, મન૦ આપદ દૂર પલાય;
મન૦ ॥ ૫ ॥ ઈતિ ॥

## (૯) શ્રી સુવિધિનાથ સ્વામીની સ્તુતિ

નરદેવ ભાવ દેવો, જેહની સારે સેવો;
જેહ દેવાધિ દેવો, સાર જગમાં જ્યું મેવો;
જોતાં જગ એહવો, દેવ દીઠો ન તેહવો;
સુવિધિ જિન જેહવો મોક્ષ દે તત ખેવો ॥ ૧ ॥

## (૧૦) શ્રી શીતલનાથ પ્રભુનું ચૈત્યવંદન

નંદા દઢરથ નંદનો, શીતલ શીતલનાથ;
રાજા ભદિલપુર તણો, ચલવે શિવપુર સાથ. ....૧

લાખ પૂરવનું આઉખું, નેવું ધનુષ પ્રમાણ;
કાયા માયા ટાલીને, લહ્યા પંચમ નાણ. ....૨

શ્રીવત્સ લંછન સુંદરૂં એ, પદ પદ્મે રહે જાસ;
તે જિનની સેવા થકી, લહીયે લીલ વિલાસ. ... ૩

## (૧૦) શ્રી શીતલનાથ પ્રભુનું સ્તવન

શીતલનાથ સુહં કરૂ નમતાં ભવભય જાય,
મોહન સુવિધિ શીતલ વચ્ચે, આંતરો નવ કોડી સાગર થાય
મોહન૦ ॥ ૧ ૩॥

વૈશાખ વદિ છઠે ચવ્યા, મહાવદિ બારસે જન્મ; મો૦
નેઉ ધનુષ સોવન વને, નવિ બાંધે કોઈ કર્મ, મો૦ ॥ ૨ ॥

મહા વદિ બારસે આદરી, દિક્ષા દક્ષ જિણંદ; મો૦
પોષ અંધારી ચૌદશી, ઉગ્યો જ્ઞાન દિણંદ, મો૦ ॥ ૩ ॥

લાખ પુરવનું આઉખું, બીજ વૈશાખ વદિ માસ મો૦
અજરામર સુખીયા થયા, છેદ્યો ભવભય પાસ, મો૦ ॥ ૪ ॥

એ જિન ઉત્તમ પ્રણમત્તાં, અજરામર હોએ આપ, મો૦
પદ્મવિજય પ્રભુ આગમે એહવી દીધી છાપ, મો૦ ॥ ૫ ॥

## (૧૦) શ્રી શીતલનાથ પ્રભુની સ્તુતિ

શીતલ જિન સ્વામી, પુણ્યથી સેવા પામી;
પ્રભુ આતમરામી, સર્વ પરભાવ વામી,
જે શિવ ગતિ ગામી, શાશ્વતાનંદ ધામી,
ભવી શિવસુખ કામી, પ્રણમીએ શીષ નામી ॥ ૧ ॥

## (૧૧) શ્રી શ્રેયાંસનાથ પ્રભુનું ચૈત્યવંદન

શ્રી શ્રેયાંસ અગિયારમા, વિષ્ણુ નૃપ તાત;
વિષ્ણુ માતા જેહની, એંશી ધનુષની કાય ॥ ૧ ॥

વર્ષ ચોરાશી લાખનું, પાળ્યું જિણે આય;
ખડ્ગી લંછન પદક જે, સિંહપુરીનો રાય ॥ ૨ ॥

રાજ્ય તજી દીક્ષા વરીએ, જિનવર ઉત્તમ જ્ઞાન;
પામ્યા તસ પદ 'પદ્મને' નમતાં અવિચલ ઠામ ॥ ૩॥

॥ ઈતિ ॥

## (૧૧) શ્રી શ્રેયાંસનાથ સ્વામીનું સ્તવન

છવીસ સહસ લખ છાંસઠેજી, વર્ષ સો સાગર એક;
ઉણાં કોડી સાગર તણુંજી, શ્રેયાંસ અંતર છેકરે

॥ ૧ ભવિ૦ ॥

ભવિકા વંદો શ્રી જિનરાજ, તુમે સારો આતમ કાજરે;
જેઠ વદિ છઠ દિનેજી, ચવિયાશ્રી જીનરાય

ફાગણ વદિ બારસે જન્મ્યા; કંચન વરણા હોયરે
॥ ૨ ભવિ૦ ॥

એંશી ધનુષ કાયા કહીજી, જાસ સુગંધીરે સાસ;
ફાગણ વદિ તેરસે ગ્રહેજી, સંયમ સુખ આવાસરે
॥ ૩ ॥ ભવિ ॥

જ્ઞાન અમાસ મહા માસનીજી, આયુ ચોરાશી લાખ;
વર્ષ શ્રાવણ વદિ શિવ વર્યાજી, ત્રીજ દિને એમ ભાખરે
॥ ૪ ॥ ભવિ૦ ॥

જિન કલ્યાણક દીઠડાજી, ધન્ય ઉત્તમ નર નાર;
'પદ્મ' કહે સફલો કર્યોજી, માનવનો અવતાર રે;
ભવિ૦ ॥ ૫ ॥ ઈતિ ॥

## (૧૧) શ્રી શ્રેયાંસનાથ સ્વામીની સ્તુતિ

વિષ્ણુ જસ માત, જેહના વિષ્ણુ તાત;
પ્રભુના અવદાત, તીન ભુવને વિખ્યાત;
સુરપતિ સંઘાત, જાસ નિકટે આયાત;
કરી કર્મનો ઘાત, પામીયા મોક્ષ સાક્ષાત ॥ ૫ ॥

## (૧૨) શ્રી વાસુપૂજ્ય સ્વામીનું ચૈત્યવંદન

વાસવ-વંદિત વાસુપૂજ્ય, ચંપાપુરી ઠામ;
વાસુપૂજ્ય કુલ ચંદ્રમા, માતા જયા નામ. ... ૧

મહિષ લંછન જિન બારમા, સિત્તેર ધનુષ પ્રમાણ;
કાયા આયુ વરસ વલી, બહોંતેર લાખ વખાણ. ... ૨

સંઘ ચતુર્વિધ થાપીને એ, જિન ઉત્તમ મહારાય;
તસ મુખ **પદ્મ** વચન સુણી, પરમાનંદિત થાય. ...૩

## (૧૨) શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન

વાસવ વંદિત વંદીએરે, વાસુપૂજ્ય જિનરાય શ્રેયાંસને
વાસુપૂજ્ય વચેરે, ચોપન સાગર જાય ॥ ૧ ॥

જિનેશ્વર તું મુજ પ્રાણ આધાર, તુંહિ જ મોક્ષ દાતાર,
જિનેશ્વર૦

ચવીઆ જેઠ સુદિ નવમી એરે. જન્મ તો ફાગણ માસ;
વદી ચૌદસ દિન જાણીએરે, ત્રોડે ભવ ભય પાસ
॥ જિન૦ ॥ ૨ ॥

સિત્તેર ધનુ તનુ રક્તતારે, દીપે જાસ પવિત્ત;
અમાવસ્યા ફાગણ તણીરે, જિનવર લીએ ચારીત
॥ જિન૦ ॥ ૩ ॥

બીજ મહાસુદની ભલીરે, પામ્યા જ્ઞાન મહંત,
અષાઢ સુદી ચૌદસે કર્યોરે, આઠ કર્મનો અંત
॥ જિન૦ ॥ ૪ ॥

આયુ બોંતેર લાખ વર્ષનુંરે, જિન ઉત્તમ મહારાજ,
બાહ્ય ગ્રહીને તારીએરે, 'પદ્મવિજય' કહે આજ
॥ જિન૦ ॥ ૫॥ ઈતિ ॥

## (૧૨) શ્રી વાસુપૂજ્ય પ્રભુની સ્તુતિ

વિશ્વના ઉપગારી, ધર્મના આદિ કારી;
ધર્મના દાતારી, કામ ક્રોધાદિ વારી;
તાર્યા નરને નારી, દુ:ખ દોહગ ટાળી.
વાસુપૂજ્ય નિવારી; જાઉં હું નિત્ય વારી ॥ ૧ ॥

## (૧૩) શ્રી વિમલનાથ પ્રભુનું ચૈત્યવંદન

વિમલ પ્રભુ, શ્યામા માત મલ્હાર;
કૃત્તવર્મા નૃપ કુલ નભે; ઉગમીયો દિનકર ॥ ૧ ॥

લંછન રાજે વરાહનું, સાઠ ધનુષની કાય;
સાઠ લાખ વરસા તણું, આયુ સુખદાય ॥ ૨ ॥

વિમલ વિમલ પોતે થયા એ, સેવક વિમલ કરેહ;
તુજ પદપદ્મ વિમલ પ્રતિ, સેવું ધરી સસનેહ ॥ ૩ ॥

## (૧૩) શ્રી વિમલનાથ પ્રભુનું સ્તવન

વિમલનાથ તેરમા ભવિવિંદો,
જસ નામે જાએ દુઃખ ફંદો;
સાહેબા ગુણવંતા હમારા,મોહના ગુણવંતા;
ત્રીસ સાગર અંતર બેહું જિનને,
ગમીઓ એ પ્રભુ મારા મનને, સાહેબા૦ ॥ ૧ ॥

ચ્યવન વૈશાખ સુદિ બારસ દિન,
જન્મ મહાસુદિ ત્રીજનો પુત્ર,
સાઠ ધનુષ જસ દેહ વિરાજે,
કનક વર્ણ અતિશય જસ છાજે. ॥ સા૦॥ ૨॥

મહાસુદિ ચોથે ચારિત્ર વરિયા,
પોષ સુદિ છઠે થયા જ્ઞાનના દરિયા,
સા૦ ત્રિગડું રચે સુર પર્ષદા બાર,
ચાર રૂપે કરી ધર્મ દાતાર; સા૦ ॥ ૩॥

સાઠ લાખ વર્ષ આયુમાન,
તાર્યા ભવિજનને અશમાન; સા૦
અષાઢ વદિ સાતમે વર્યા સિદ્ધિ,
પ્રગટ કીધી આતમ રિદ્ધિ ॥ સા૦ ૪॥

શરણાગત વચ્છલ જિનરાજ,
મુજ શરણા ગતની તુમ્હ લાજ. સા૦
જિન ઉત્તમ સેવકને તારો,
પદ્મ કહે વનિતી અવધારો; સા૦ ॥ ૫॥

## (૧૩) શ્રી વિમલનાથ પ્રભુની સ્તુતિ

વિમલ જિન જુહારો, પાપ સંતાપ વારો;
શ્યામાંબ મલ્હારો, વિશ્વકીર્તિ વિફારો;
યોજન વિસ્તારો; જાસ વાણી પ્રસારો;
ગુણ ગણ આધારો, પુણ્યના એ પ્રકારો ॥ ૧ ॥

## (૧૪) શ્રી અનંતનાથ ભગવાનનું ચૈત્યવંદન

અનંત અનંત ગુણ આગરૂ, અયોધ્યા વાસી;
સિંહસેન નૃપ નંદનો, થયો પાપ નિકાસી. ...૧

સુજસા માતા જનમીયો, ત્રીશ લાખ ઉદાર;
વરસ આયખુ પાલીયું, જિનવર જયકાર. ...૨

લંછન સિંચાણા તણું એ, કાયા ધનુષ પચાસ;
જિન પદ **પદ્મ** નમ્યા થકી, લહીયે સહજ વિલાસ. ...૩

## (૧૪) શ્રી અનંતનાથ જિન સ્તવન

અનંત જિનેશ્વર ચૌદમાજી, આપો ચાર અનંત;
અનંત વિમળ વચ્ચે આંતરોજી, સાગર નવતે કહંત
॥ ૧ ॥

સોભાગી જિનસ્યું મુજ મન લાગ્યો રંગ,
શ્રાવણ વદિ સાતમને દિનેજી, ચ્યવન કલ્યાણક જાસ;
વૈશાખ વદિની તેરસેજી, જનમે જગત પ્રકાશ,
સોભાગી૦ ॥ ૨ ॥

ધનુષ્ય પચાસની દેહડીજી, કંચન વરણ શરીર;
વૈશાખ વદિ ચૌદસ દિનેજી, સંજમ સાહસ ધીર;
સો૦ ॥ ૩ ॥

વૈશાખ વદિની ચૌદશેજી, પામ્યા જ્ઞાન અનંત;
ચૈતર સુદિની પાંચમેજી; મોક્ષ ગયા ભગવંત;
સો૦ ॥ ૪ ॥

ત્રીસ લાખ વરસાતણુંજી, ભોગવ્યું ઉત્તમ આય;
પદ્મવિજય કહે સાહેબાજી, તુમ તુઠે શિવ થાય
॥ સોભાગી૦ ॥ ૫ ॥ ઈતિ.

## (૧૪) શ્રી અનંતનાથ જિન સ્તુતિ

અનંત અનંત નાણી, જાસ મહિમા ગવાણી;
સુર નર તિરિ પ્રાણી, સાંભળે જાસ વાણી;

એક વચન સમજાણી, જેહ સ્યાદ્વાદ જાણી;
તર્યા તે ગુણ ખાણી, પામીયા સિદ્ધિ રાણી ॥ ૧ ॥ ઈતિ.

## (૧૫) શ્રી ધર્મનાથ પ્રભુનું ચૈત્યવંદન

ભાનુનંદન ધર્મનાથ, સુવ્રતા ભલી માત,
વજ્ર લંછન વજ્ર નમે, ત્રણ ભુવન વિખ્યાત ॥ ૧ ॥

દશ લાખ વરસનું આઉખું, વપુ ધનુ પિસ્તાલીશ;
રત્નપુરીનો રાજીયો, જગમાં જાસ જગીશ ॥ ૨ ॥

ધર્મ મારગ જિનવર કહી એ, ઉત્તમ જન આધાર;
તીણે તુજ પાદ પદ્મ તણી, સેવા કરૂં નિરધાર ॥ ૩ ॥

## (૧૫) શ્રી ધર્મનાથ પ્રભુનું સ્તવન

ધરમ જિણંદ ધરમ ધણીરે, વજ્ર સેવે પાય;
વજ્ર લંછન જિન આતરૂં રે; ચાર સાગરનું થાયરે ॥ ૧ ॥

પ્રાણી સેવો શ્રી જિનરાજ, એહિજ ભવજલ જહાજરે; પ્રાણી૦
વૈશાખ સુદિ સાતમે ચવ્યારે, જનમ્યા મહા સુદિ ત્રીજ;

કાયા પીસ્તાલીસ ધનુષનારે, જેહથી લહે બોધ બીજ રે;
॥ પ્રાણી૦ ૨ ॥

કનક વરણ કંચન તજીરે, મહા સુદિ તેરસે દીસ;
પુરૂ પોષ સુદિ પુનમેરે, જ્ઞાન લહી દીએ શીખરે
॥ પ્રાણી૦ ૩ ॥

દસ લાખ વરસનું આઉખુંરે, તારી બહુ નરનાર;
જેઠ સુદિ પાંચમે શિવ વર્યારે, અજરામર અવિકાર રે
॥ પ્રાણી૦ ૪ ॥

તું સાહેબ સાચો લહીરે, જિનવર ઉત્તમ દેવ;
પદ્મવિજય કહે અવરનીરે, ન કરૂં સુપને સેવરે
॥ પ્રાણી૦ ૫ ॥ ઈતિ.

## (૧૫) શ્રી ધર્મનાથ પ્રભુની સ્તુતિ

ધરમ ધરમ ધોરી, કરમના પાસ તોરી, કેવલ શ્રી જોરી, જેહ ચોરે ન ચોરી, દર્શની મદ છોરી, જાય ભાગ્યા સટોરી; નમે સુરનર કોરી, તે વરે સિદ્ધિ ગોરી ॥ ૧ ॥ ઈતિ.

## (૧૬) શ્રી શાંતિનાથ પ્રભુનું ચૈત્યવંદન

શાંતિ જિનેશ્વર સોલમા, અચિરા સુત વંદો;
વિશ્વસેન કુલ નભ મણિ, ભવિજન સુખકંદો (૧)

મૃગલંછન જિન આઉખુંએ, લાખ વરસ પ્રમાણ;
હત્થિણાઉર નયરી ધણી, પ્રભુજી ગુણ મણિખાણ. (૨)

ચાલીશ ધનુષની દેહડીયે, સમચઉરસ સંઠાણ;
વદન પદ્મ જ્યું ચંદલો, દીઠે પરમ કલ્યાણ. (૩)

## (૧૬) શ્રી શાન્તિનાથ પ્રભુનું સ્તવન

શાન્તિ જિનેશ્વર સોલમા સ્વામીરે,
એક ભવમાં દોય પદવી પામીરે;
પોણો પલ્યોપમ ઓછું જાણોરે,
અંતર ત્રણ સાગર મન આણોરે ॥ ૧ ॥

ભાદરવા વદ સાતમ દિન ચવન્તરે,
જન્મ તે જેઠ વદિ તેરસ દિનરે;

ચાલીસ ધનુષ કાયા તજી માયારે,
જેઠ વદિ ચૌદસ વ્રતની પાયારે ॥ ૨ ॥

શુદિ નવમી પોષમાં લહે જ્ઞાનરે,
અતિશય ચોત્રીસ કંચન વાનરે;
લાખ વર્ષ આયુ પ્રમાણરે,
જેઠ વદિ તેરસ દિન નિર્વાણરે ॥ ૩ ॥

જિન પારંગત તું ભગવંતરે,
સ્યાદ્વાદી શંકર ગુણવન્તરે;
શંભુ સ્વયંભુ વિષ્ણુ વિધાતારે,
તુંહી સનાતન અભયનો દાતારે ॥ ૪ ॥

પિતા ત્રાતા માતા ભ્રાતારે,
જ્ઞાતા દેવનો દેવ વિખ્યાતારે;
એણી પરે ઉપમા ઉત્તમ છાજેરે,
પદ્મવિજય કહે ચઢતા દિવાજેરે, ॥ ૫ ॥

## (૧૬) શ્રી શાન્તિનાથ પ્રભુની સ્તુતિ

વંદો જિન શાંતિ, જાસ સોવન કાંતિ ॥
ટાલે ભવ ભ્રાંતિ, મોહ મિથ્યાત્વ શાંતિ॥
દ્રવ્ય ભાવ અરિ પાંતે, તાસ કરતા નિકાંતિ ॥
ધરતા મન ખાંતિ, શોક સંતાપ વાંતિ ॥ ૧॥

દોય જિનવર નીલા, દોય ધોળા સુશીલા॥
દોય રક્ત રંગીલા, કાઢતાં કર્મ કીલા॥
ન કરે કોઈ હીલા, દોય શ્યામા સલીલા॥
સોળ સ્વામીજી પીળા, આપજો મોક્ષ લીલા॥ ૨॥

જિનવરની વાણી, મોહવલ્લી કૃપાણી॥
સૂત્રે દેવાણી, સાધુને યોગ્ય જાણી॥
અર્થે ગુંથાણી, દેવ મનુષ્ય પ્રાણી॥
પ્રણમો હિત આણી, મોક્ષની એ નિશાની॥ ૩॥

વાઘેશ્વરી દેવી, હર્ષ હીયડે ધરેવી॥
જિનવર પય સેવી, સાર શ્રદ્ધા વરેવી॥

જે નિત્ય સમરેવી, દુઃખ તેહનાં હરેવી॥
પદ્મવિજય કહેવી, ભવ્ય સંતાપ ખેવી॥ ૪॥

## (૧૭) શ્રી કુંથુનાથ સ્વામીનું ચૈત્યવંદન

કુંથુનાથ કામિત દીયે, ગજપુરનો રાય;
સિરિ માતા ઉરે અવતર્યો, શૂર નરપતિ તાય. ... ૧

કાયા પાંત્રીસ ધનુષ્યની, લંછન જસ છાગ;
કેવલજ્ઞાનિક ગુણો, પ્રણમો ધરી રાગ. ... ૨

સહસ પંચાણું વરસનું એ, પાલી ઉત્તમ આય;
પદ્મવિજય કહે પ્રણમીયે, ભાવે શ્રી જિનરાય. ...૩

## (૧૭) શ્રી કુંથનાથ સ્વામીનું સ્તવન

કુંથુ જિનેશ્વર પરમ કૃપા કરૂં, જગ ગુરૂ જાગતિ જ્યોત સોભાગી; અર્ધ પલ્યોપમ અંતર શાંતિથી, કુંથુ જિણંદ વચ્ચે હોતી ॥ સો૦॥ ૧॥ ચવીઆ શ્રાવણ વદિ નવમી દિને, વૈશાખ વદિમાંરે જન્મ; સો૦ ચૌદશને દિને તે પ્રભુ પ્રણમતાં, બાંધે નવિ કોયે કર્મ ॥ સો૦ ૨ ॥ પાંત્રીસ ધનુષ પ્રમાણે દેહડી,

કંચન વાનેરે કાય; સો૦ વૈશાખ વદિ પાંચમે દિક્ષા ગ્રહી, તપ કરી કર્મ જ લાય ॥ સો૦ ॥ ૩ ॥ ચૈત્ર સુદિ ત્રીજે જ્ઞાની થયા, આયુ પંચાણું હજાર; સો૦ વરસ વૈશાખ વદિ પડવે શિવવર્યા. અશરીરી અણહાર ॥ સો૦ ૪ ॥ સુર ઘટ સુરગિરિ સુર મણી ઉપમા, જિન ઉત્તમ લહે જેહ; સો૦ મુજ મનવાંછિત પ્રભુજી આપજો, પદ્મવિજય કહે એહ ॥ સો૦ ૫ ॥

## (૧૭) શ્રી કુંથુનાથ પ્રભુની સ્તુતિ

કુંથુ જીન નાથ, જે કરે છે સનાથ;
તારે ભવ પાથ, જે ગ્રહી ભવ્ય હાથ;
એહનો તજે સાથ, બાવળે દીયે બાથ;
તારે સુરનર સાથ, જે સુણે એક ગાથ ॥ ૧ ॥ ઈતિ.

## (૧૮) શ્રી અરનાથ પ્રભુનું ચૈત્યવંદન

નાગપુરે અરજિનવરૂ, સુદર્શન નૃપચંદ;
દેવી માતા જનમીયો, ભવિજન સુખકંદ ॥ ૧ ॥

લંછન નંદા વર્તનું, કાયા ધનુષહ ત્રીશ;
સહસ ચોરાશી વર્ષનું, આયુ જાસ જગીશ ॥ ૨ ॥
અરૂજ અજર અજ જિનવરૂ એ, પામ્યા ઉત્તમ ઠાણ;
તસ પદ પદ્મ આલંબતાં, લહીએ પદ નિર્વાણ ॥ ૩ ॥

## (૧૮) શ્રી અરનાથ પ્રભુનું સ્તવન

અરનાથ જિનેશ્વર વંદો,
ભવ ભવના પાપ નીકંદો હો ॥ ભાવે ભવિ પૂજો ॥
કોડી સહસ વર્ષ ઉણ કીજે,
પા પલ્યનું અંતર લીજે હો ॥ ભાવે૦ ૧ ॥
ફાગણ સુદી ચ્યવન તે બીજે,
સહુ જીવે સુખ લહી જે હો; ॥ ભા૦ ॥
માગશર સુદિ દશમે જાયા,
છપન્ન દિગકુમરી ગાયા, હો ॥ ભાવે૦ ॥ ૨ ॥
ત્રીસ ધનુષ તણી જસ કાયા,
છોડી મમતાને માયા હો ॥ ભા૦ ॥

અગીયારસ માગશર સુદિ,
લીએ દીક્ષા જે સ્વયં બુદ્ધ હો ॥ ભાવે૦॥ ૩॥
કાર્તિક સુદ બારસે જ્ઞાન,
પામ્યા પ્રભુ કંચન વાન હો ॥ ભા૦॥
માગશર સુદિ દશમે જિણંદ;
પામ્યા પરમાણંદ હો ॥ ભાવે૦॥ ૪॥
વર્ષ ચોરાસી હજાર,
ભોગવી આયુ શ્રીકાર હો ॥ ભા૦॥
ઉત્તમ પદ પદ્મની સેવા કરવી,
અક્ષય પદ લેવા હો ॥ ભાવે૦॥ ૫॥

## (૧૮) શ્રી અરનાથ પ્રભુની સ્તુતિ

અર જિનવર રાયા, જેહની દેવી માયા;
સુદર્શન નૃપ તાયા, જાસ સુવર્ણ કાયા;
નંદાવર્ત્ત પાયા, દેશના શુદ્ધ દાયા;
સમવસરણ વિરચાયા, ઈંદ્ર ઈંદ્રાણી ગાયા ॥ ૧॥

## (૧૯) શ્રી મલ્લિનાથ સ્વામીનું ચૈત્યવંદન

મલ્લિનાથ ઓગણીશમાં, જસ મિથિલા નયરી;
પ્રભાવતી જસ માવડી, ટાલે કર્મ વયરી. ... ૧

તાત શ્રી કુંભ નરેસરૂ, ધનુષ્ય પચવીશની કાય;
લંછન કળશ મંગલકરૂ, નિર્મમ નિરમાય. ... ૨

વરસ પંચાવન સહસનું એ, જિનવર ઉત્તમ આય;
પદ્મવિજય કહે તેહને, નમતાં શિવસુખ થાય. ... ૩

## (૧૯) શ્રી મલ્લિનાથ સ્વામીનું સ્તવન

જીહો મલ્લિ જિનેશ્વર મનહરૂ, લાલા અંતર એહ વિચાર;
જીહો કોડી સહસ વરસા તણો, લાલા અરમલ્લિ વચે ધાર
॥ ૧ ॥

જિનેશ્વર તું મુજ તારણહાર, જીહો જગત જંતુ હિતકાર;
આંકણી

જીહો ફાગણ સુદી ચોથે ચવ્યા, લાલા જનમ દીક્ષાનેરે નાણ;

જીહો માગશર સુદી એકાદશી, લાલા એકજ તિથિ ગુણખાણ
॥ જિ૦ ॥ ૨ ॥

જીહો વરસ પંચાવન સહસનું, લાલા ભોગવી આયુ શ્રીકાર,
જીહો ફાગણ સુદ બારસ દિને, લાલા વરીયા શિવવધુ સાર
॥ જિ૦ ॥ ૩ ॥

જીહો નીલ વરણ તનું જેહનું, લાલા ચોત્રીશ અતિશય ધાર,
જીહો પણ વીસ ધનુષ કાયા કહી, લાલા વર્જિત દોષ અઢાર
॥ જિ૦ ॥ ૪ ॥

જીહો ચોસઠ ઈંદ્ર સેવા કરે, લાલા જિન ઉત્તમ નિત મેવ;
જીહો મુજ સેવક કરી લેખવો, લાલા 'પદ્મવિજય' કહે હેવ.
॥ જિ૦ ॥ ૫ ॥

## (૧૯) શ્રી મલ્લિનાથ સ્વામીની સ્તુતિ

મલ્લિજિન નમીયે, પૂર્વના પાપ દહિએ;
ઈંદ્રિય ગણ દમીએ. આણ જિનની ન ક્રમીએ;
ભવમાં નવી ભમીએ, સર્વ પરભાવ વમીએ;
નીજ ગુણમાં રમીએ, કર્મમલ સર્વ ધુલીએ ॥ ૧ ॥

## (૨૦) શ્રી મુનિસુવ્રત પ્રભુનું ચૈત્યવંદન

મુનિસુવ્રત જિન વીસમા, કચ્છપનું લંછન;
પદ્મા માતા જેહની, સુમિત્ર નૃપ નંદન ॥ ૧ ॥

રાજગૃહી નયરી ધણી, વીસ ધનુષ શરીર;
કર્મનિકાચિત રેણુવ્રજ, ઉદ્દામ સમીર ॥ ૨ ॥

ત્રીસ હજાર વરસ તણુંએ, પાળી આયુ ઉદાર;
'પદ્મવિજય' કહે શિવ વર્યા, શાશ્વત સુખ નિરધાર ॥ ૩ ॥

## (૨૦) શ્રી મુનિસુવ્રત પ્રભુનું સ્તવન

મુનિસુવ્રત જિન મહેર કરીને, સેવક સન્મુખ દેખો, ચોપન લાખ વરસનું અંતર, મલ્લિ જિણંદથી પરખો ॥ ૧ ॥ ભવિજન ભાવ ધરીને એહ, અતિ આદર કરીને પુજો; શ્રાવણ વદિ પુનમ પ્રભુ ચવિયા, જનમ આઠમ જેઠ વદિ, વીસ ધનુષની દેહ વીરાજે; રૂપ તણી હુએ હદિ ॥ ૨ ॥ ફાગણ સુદિ બારસ દિન દિક્ષા, સામલ વરણો શોહે; ફાગણ વદિ બારસ દિને પ્રભુજી, ક્ષપક શ્રેણી આરો હે ॥ ભવિ૦ ॥ ૩ ॥ લહે જ્ઞાનને

દીધી દેશના, ભવિજનને ઉપગારે, ત્રીસ હજાર વરસ ભોગવીઉં; આયુ શુદ્ધ પકારે, ॥ ભવિ૦ ॥ ૪ ॥ આયુ જેઠ વદિ નવમીએ વરીયા, જિન ઉત્તમ વર સિદ્ધિ; "પદ્મવિજય" કહે પ્રગટ કીધી, આપે અનંતી રિદ્ધિ ॥ ભવિ૦ ॥ ૫ ॥

## (૨૦) શ્રી મુનિસુવ્રત પ્રભુની સ્તુતિ

મુનિસુવ્રત નામે, જે ભવી ચિત કામે;
સવી સંપત્તિ પામે, સ્વર્ગનાં સુખ જામે;
દુર્ગતિ દુઃખ વામે, નવિ પડે મોહ ભામે;
સવિકર્મ વિરામે, જઈ વસે સિદ્ધિ પામે ૧ ॥

## (૨૧) શ્રી નમિનાથ પ્રભુનું ચૈત્યવંદન

મિથિલા નયરી રાજીયો, વપ્રા સુત સાચો;
વિજયરાય સુત છોડીને. અવર મત માચો ॥ ૧ ॥
નીલકમલ લંછન ભલું, પન્નર ધનુષ્યની દેહ;
નમિ જિનવરનું સોહતું, ગુણગણ મણિ ગેહ ॥ ૨ ॥

દશ હજાર વરસ તણુંએ, પાળ્યું પરગટ આય,
'પદ્મવિજય' કહે પુણ્યથી, નમીએ તે જિનરાય ॥ ૩ ॥

## (૨૧) શ્રી નમિનાથ પ્રભુનું સ્તવન

નમિ જિનવર એકવીસમો હો રાજ, ત્રિભુવન તારણહાર
॥ વારી મોરા સાહેબા ॥ છ લાખ વરસનું આંતરૂહો,
રાજ આતમ છો આધાર ॥ વારી૦ ॥ ૧ ॥

આસો સુદિ પુનમે ચવ્યા હો રાજ, જનમ શ્રાવણ વદિ માસ
॥ વારી૦ ॥
આઠમે અતિશય ચાર સ્યું હો રાજ, કનક વરણ છબી જાસ
॥ વારી૦ ॥ ૨ ॥

પનર ધનુષ તનું ઉંચતા હો રાજ, દીક્ષા વદિ અષાઢ
॥ વારી૦ ॥
નવમી પાપ નિવારણી હો રાજ, જાસ પ્રતિજ્ઞા આ ઘાટ
॥ વારી૦ ॥ ૩ ॥

માગસર સુદ એકાદશી હો રાજ, પામ્યા કેવળ જ્ઞાન
॥ વારી૦ ॥

દશ હજાર વરસ તણું હો રાજ, આયુનું પરમાણ
॥ વારી૦ ॥ ૪ ॥

વૈશાખ વદિ દશમી દિને હો રાજ, જિનવર ઉત્તમ સિદ્ધ
॥ વારી૦ ॥

પદ્મ તસ ગુણ ગાવતાં હો રાજ, માનવનું ફલલિદ્ધ
॥ વારી૦ ॥ પ ॥

## (૨૧) શ્રી નમિનાથ પ્રભુની સ્તુતિ

નમીએ નમિ નેહ, પુણ્ય થાયે જ્યું દેહ,
અઘ સમુદય જેહ, તે રહે નાહિ રેહ;
લહે કેવલ તેહ, સેવના કાર્ય એહ;
લહે શિવપુર ગેહ, કર્મનો આણી છેહ ॥ ૧ ॥

## (૨૨) શ્રી નેમિનાથ પ્રભુનું ચૈત્યવંદન

નેમિનાથ બાવીશમા, શિવાદેવી માય;
સમુદ્રવિજય પૃથ્વીપતિ જે પ્રભુના તાય. (૧)

દશ ધનુષ્યની દેહડી, આયુ વરસ હજાર,
શંખ લંછન ધર સ્વામીજી, તજી રાજુલનાર. (૨)
સૌરીપુર નયરી ભલીએ, બ્રહ્મચારી ભગવાન;
જિન ઉત્તમ પદ પદ્મને, નમતાં અવિચલ ઠાણ. (૩)

## (૨૨) શ્રી નેમિનાથ પ્રભુનું સ્તવન

**લોભીડારે હંસા વિષય ન રાચીએ-એ દેશી**

નેમિ જિનેશ્વર નમિયે નેહસ્યું, બ્રહ્મચારી ભગવાન,
પાંચ લાખ વરસનું આંતરૂં, શ્યામ વરણ તનું વાન
॥ નેમિ૦ ॥ ૧ ॥

કાર્તક વદિ બારસ ચવિયા પ્રભુ, માત શિવાદે મલ્હાર;
જનમ્યા શ્રાવણ વદિ પાંચમ દિને, દશ ધનુષ કાયા ઉદાર
॥ નેમિ૦ ॥ ૨ ॥

શ્રાવણ સુદ છઠે દિક્ષા ગ્રહી, આસો અમાસે રે નાણ;
આષાઢ સુદિ આઠમે સિદ્ધિ વર્યા, વર્ષ સહસ આયુ પ્રમાણ;
॥ નેમિ૦ ॥ ૩ ॥

હરિ પટરાણી સાંબ પ્રદ્યુમ્ન વલી, તેમ વસુ દેવની નાર;
ગજ સુકુમાલ પ્રમુખ મુનિ રાજિયા, પહોંચાડ્યા ભવપાર
॥ નેમિ૦ ॥ ૪॥

રાજિમતી પ્રમુખ પરિવારને, તાર્યો કરૂણારે આણ;
'પદ્મવિજય' કહે નિજ પરમત કરો, મુજ તારો તો પ્રમાણ
॥ નેમિ૦ ૫॥

## (૨૨) શ્રી નેમિનાથ પ્રભુની સ્તુતિ

રાજુલ વર નારી, રૂપથી રતિ હારી;
તેહના પરિહારી, બાલથી બ્રહ્મચારી;
પશુઆં ઉગારી, હુઆ ચારિત્ર ધારી;
કેવલશ્રી સારી, પામીયા ઘાતી વારી ॥ ૧॥

ત્રણ જ્ઞાન સંયુતા, માતની કૂખે હુંતા;
જનમે સુરહૂંતા આવી સેવા કરંતા;
અનુક્રમે વ્રત કરંતા, પંચ સમિતિ ધરંતા,
મહીયલ વિચરંતા, કેવલ શ્રી વરંતા ॥ ૨॥

સવિ સુરવર આવે, ભાવના ચિત્ત લાવે;
ત્રિગડું સોહાવે, દોછંદો બનાવે;
સિંહાસન ઠાવે, સ્વામીના ગુણ ગાવે;
તિહાં જિનવર આવે, તત્ત્વ વાણી સુણાવે ॥ ૩॥

શાસનસુરી સારી, અંબિકા નામ ધારી,
જે સમકિતી નરનારી, પાપ સંતાપ વારી;
પ્રભુ સેવાકારી, જાપ જપીયે સંવારી;
સંઘ દુરિત નિવારી પદ્મને જેહ પ્યારી ॥ ૪॥

## (૨૩) શ્રી પાર્શ્વનાથ પ્રભુનું ચૈત્યવંદન

આશ પૂરે પ્રભુ પાસજી, ત્રોડે ભવ પાસ;
વામા માતા જન્મીયા, અહિલંછન જાસ. ૧

અશ્વસેન સુત સુખ કરૂ, નવ હાથની કાય;
કાશીદેશ વારાણસી, પુણ્યે પ્રભુ આય. ૨

એકસો વરસનું આઉખુંએ, પાળી પાર્શ્વકુમાર;
**પદ્મ** કહે મુક્તે ગયા, નમતાં સુખ નિરધાર. ૩

## (૨૩) શ્રી પાર્શ્વનાથ પ્રભુનું સ્તવન

પાર્શ્વ પ્રભુ ત્રેવીસમારે, સહસ ત્યાસી સય સાત લલના;
પચાસ ઉપર વર્ષનુંરે, આંતરૂં અતિહિ વિખ્યાત ॥ ૧ ॥

સુખકારક સાહેબ સેવીએ હો, અહો મેરે લલનારે,
સેવંતાં શિવ સુખ થાય; સુખ૦;
ચૈત્ર વદિ ચોથે ચવ્યારે, ભવિ ઉપકાર લલના;
પોષ વદિ દશમ અગિયારસે રે, જનમને થયા અણગાર
॥ સુખ૦ ॥ ૨ ॥

નવકર જેહની દેહડી રે, નલી વરણ તનું કાન્તિ લલના;
ચૈતર વદી ચોથે લહ્યારે, ક્ષાયક જ્ઞાન નિર ભ્રાન્ત
॥ સુખ ॥ ૩ ॥

શ્રાવણ સુદિ આઠમ દિને રે, પામ્યા ભવનો પાર લલના;
આઉખું સો વરસ તણું રે, અશ્વસેન સુતસાર
॥ સુખ૦ ॥ ૪ ॥

આદેય નામ તણો ધણી રે, મહિમાવંત મહંત લલના;
'પદ્મવિજય' પુણ્યે કરીરે, પામ્યો એહ ભગવંત લલના
॥ સુખ ॥ ૫ ॥

## (૨૩) શ્રી પાર્શ્વનાથ પ્રભુની સ્તુતિ

શ્રી પાસ જિણંદા, મુખ પુનમ ચંદા,
પદ યુગ અરવિંદા, સેવે ચોસઠ ઇંદા;
લંછન નાગિંદા, જાસ પાયે સોહંદા,
સેવે ગુણી વૃંદા, જેહથી સુખકંદા. ૧

જન્મથી વર ચાર, કર્મ નાશે અગ્યાર,
ઓગણીશ નિરધાર, દેવે કીધા ઉદાર;
સવિ ચોત્રીસ ધાર, પુણ્યના એ પ્રકાર,
નમીએ નર નાર, જેમ સંસાર પાર. ૨

એકાદશ અંગા, તેમ બારે ઉવંગા,
ષટ્ છેદ સુચંગા, મૂલ ચારે સુરંગા;
દશ પઇન્ન સુસંગા, સાંભળો થઇ એકંગા,
અનુયોગ બહુ ભંગા, નંદી સૂત્ર પ્રસંગા. ૩

પાસે યક્ષ પાસો, નિત્ય કરતો નિવાસો,
અડતાલીસ જાસો, સહસ પરિવાર ખાસો;
સહુએ પ્રભુ દાસો, માગતા મોક્ષ વાસો,
કહે પદ્મ નિકાસો વિઘ્નનાં વૃંદ પાસો. ૪

## (૨૪) શ્રી મહાવીર સ્વામીનું ચૈત્યવંદન

સિદ્ધારથ સુત વંદીએ, ત્રિશલાનો જાયો,
ક્ષત્રિયકુંડમાં અવતર્યો, સુર નરપતિ ગાયો. ૧

મૃગપતિ લંછન પાઉલે, સાત હાથની કાય,
બહોંતેર વર્ષનું આઉખું, વીર જિનેશ્વર રાય. ૨

**'ખિમાવિજય'** જિનરાજનો ઉત્તમ ગુણ અવદાત,
સાત બોલથી વર્ણવ્યો પદ્મવિજય વિખ્યાત. ૩

## (૨૪) શ્રી મહાવીર સ્વામીનું ચૈત્યવંદન

સિદ્ધારથ સુત વંદીએ, ત્રિશલાનો જાઓ;
ક્ષત્રીકુંડમાં અવતર્યો, સુર નરપતિ ગાયો ॥ ૧ ॥

મૃગપતિ લંછન પાઉલે, સાત હાથની કાયા;
બહોંતેર વર્ષનું આઉખું, વીર જિનેશ્વર રાયા ॥ ૨ ॥

ક્ષમાવિજય જિન રાજનોએ, ઉત્તમ ગુણ અવદાત;
સાત બોલથી વર્ણયો, 'પદ્મવિજય' વિખ્યાત ॥ ૩ ॥

## (૨૪) શ્રી મહાવીર સ્વામીનું સ્તવન

### સંભવ જિન અવધારીએ - એ દેશી

ચરમ જિણંદ ચોવીસમો, શાસન નાયક સ્વામી;
સ્નેહી વરસ અઢીસેં આંતરો, પ્રણમો નિજ હિત કામી
॥ સ૦ ॥ ચરમ ॥ ૧ ॥

અષાઢ સુદિ છઠે ચવ્યાં, પ્રાણત સ્વર્ગથી જેહ ॥ સ૦ ॥
જનમ્યા ચૈતર સુદિ તેર સે, સાત હાથ પ્રભુ દેહ
॥ સ૦ ॥ ચરમ૦ ॥ ૨ ॥

સોવન વરણ સોહામણો, બહોંતેર વરસનું આય
॥ સ૦ ॥
માગશર વદિ દશમ દિને, સંયમ સુચિતલાય ॥
સ૦ ॥ ચરમ૦ ॥ ૩ ॥

વૈશાખ સુદિ દશમે પ્રભુ, પામ્યા કેવળનાણ ॥ સ૦॥
કાર્તિક અમાવાસ્યાને દિને, લહિઆ પ્રભુ નિરવાણ ॥
સ૦॥ ચરમ૦॥ ૪॥

દિવાલીએ જિન થકી, ઉત્તમ દિવસ કહાય ॥ સ૦॥
'પદ્મવિજય' કહે પ્રણમતાં, ભવ ભયનાં દુઃખ જાય॥
સ૦॥ ચરમ૦ ॥ ૫॥

## (૨૪) શ્રી મહાવીર સ્વામીની સ્તુતિ

મહાવીર જિણંદા, રાય સિદ્ધાર્થ નંદા;
લંછન મૃગ ઈંદા, જાસ પાયે સોહંદા ॥
સુર નરવર ઈંદા, નિત્ય સેવા કરંદા॥
ટાળે ભવ ફંદા, સુખ આપે અમંદા ॥ ૧॥

અડ જિનવર માતા, મોક્ષમાં સુખશાતા ॥
અડ જિનની ખ્યાતા, સ્વર્ગ ત્રીજે આખ્યાતા॥
અડજિનપ જનેતા, નાકમાહેંદ યાતા ॥
સવિ જિનવર નેતા શાશ્વતા સુખદાતા॥ ૨॥

મલ્લિ નેમિ પાસ, આદિ અટ્ઠમ ખાસ ॥
કરી એક ઉપવાસ વાસુપૂજ્ય સુવાસ ॥
શેષ છઠ્ઠ સુવિલાસ, કેવળજ્ઞાન જાસ ॥
કરે વાણી પ્રકાશ, જેમ અજ્ઞાન નાશ ॥ ૩ ॥

જિનવર જગદીશ, જાસ મહોટી જગીશ ॥
નહિ રાગ તે રીસ, નામીયે તાસ શિષ ॥
માતંગ સુર ઈશ, સેવતો રાત દીશ ॥
ગુરૂ ઉત્તમ અધીશ, પદ્મ ભાખે સુશિષ ॥ ૪ ॥ ઈતિ.

## શ્રી ઋષભદેવ સ્વામીનું સ્તવન

બાળપણે આપણે સસનેહી, રમતા નવનવા વેશે;
આજ તુમે પામ્યા પ્રભુતાઈ, અમે તો સંસારીને વેશે;
હો પ્રભુજી આલંભડે મત ખીજો. ૧.

જો તુમ ધ્યાતા શિવસુખ લહીએ, તો તુમને કોઈ ધ્યાવે;
પણ ભવસ્થિતિ પરિપાક થયા વિણ, કોઈ ન મુગતિ જાવે;
હો પ્રભુજી. ૨.

સિદ્ધનિવાસ લહે ભવસિદ્ધિ, તેહમાં શ્યો પાડ તુમારો;
તો ઉપગાર તુમારો લહિએ, અભવ્યસિદ્ધને તારો;
હો પ્રભુજી. ૩

નાણ રયણ પામી એકાંતે, થઇ બેઠા મેવાશી;
તે માંહેલો એક અંશ જો આપો, તે વાતે શાબાશી;
હો પ્રભુજી. ૪

અક્ષયપદ દેતાં ભવિજનને, સંકીર્ણતા નવિ થાય;
શિવપદ દેવા જો સમરથ છો, તો જશ લેતાં શું જાય;
હો પ્રભુજી. ૫

સેવાગુણ રંજ્યો ભવિજનને, જો તુમ કરો બડભાગી
તો તુમ સ્વામી કેમ કહાવો, નિરમમ ને નિરાગી;
હો પ્રભુજી. ૬

નાભિનંદન જગવંદન પ્યારો, જગગુરુ જગ જયકારી;
રૂપવિબુધનો મોહન પભણે, વૃષભ લંછન બલિહારી;
હો પ્રભુજી. ૭

## (૨) શ્રી અજિતનાથ જિનસ્તવન

**ઓધવજી સંદેશો કહેજો શ્યામને - એ રાગ**

પ્રીતલડી બંધાણી રે અજિત જિણંદશું,
પ્રભુ પાખે ક્ષણ એક મને ન સુહાય જો;
ધ્યાનની તાળી રે લાગી નેહશું,
જલદ-ઘટા જિમ શિવસુત વાહન દાય જો. પ્રીતલડી૦ ૧

નેહઘેલું મન મારું રે પ્રભુ અલજે રહે,
તન મન ધનએ કારણથી પ્રભુ મુજ જો,
મ્હારે તો આધાર રે સાહિબ રાવળો,
અંતરગતની પ્રભુ આગલ કહું ગુંજ જો.પ્રીતલડી૦ ૨

સાહેબ તે સાચો રે જગમાં જાણીએ,
સેવકનાં જે સહેજે સુધારે કાજ જો;
એહવે રે આચરણે કેમ કરીને રહું,
બિરુદ તમારું તારણ તરણ જહાજ જો. પ્રીતલડી૦ ૩

તારકતા તુજ માંહે રે શ્રવણે સાંભળી,
તે ભણી હું આવ્યો છું દીનદયાળ જો;
તુજ કરૂણાની લ્હેરે રે મુજ કારજ સરે,
શું ઘણું કહીએ જાણ આગળ કૃપાળ જો. પ્રીતલડી૦ ૪

કરુણાદૃષ્ટિ કીધી રે સેવક ઉપરે,
ભવ ભય ભાવઠ ભાંગી ભક્તિ પ્રસંગ જો;
મન વાંછિત ફળીયા રે જિન આલંબને,
કર જોડીને મોહન કહે મન રંગ જો. પ્રીતલડી૦ ૫

## (૧૬) શ્રી શાંતિનાથ જિન સ્તવન

મારો મુજરો લ્યયને રાજ, સાહિબ શાંતિ સલુણા,
અચિરાજીના નંદન તોરે, દરિસન હેતે આવ્યો,
સમકિત રીઝ કરોને સ્વામી, ભક્તિ ભેટણું લાવ્યો, મારો...૧

દુઃખભંજન છે બિરૂદ તમારૂં, અમને આશ તુમારી,
તુમે નીરાગી થઈને છૂટો, શી ગતિ હોશે અમારી ? મારો....૨

કહેશે લોક ન તાણી કહેવું, એવડું સ્વામી આગે,
પણ બાળક જો બોલી ન જાણે, તો કિમ વ્હાલો લાગે. મારો...૩

માહરે તો તુ સમરથ સાહિબ, તો કિમ ઓછુ આણુ ?
ચિન્તામણિ જેણે ગાંઠે બાંધ્યું, તેહને કામ કિશ્યાનું ? મારો...૪

અધ્યાતમ રવિ ઉગ્યો મુજ ઘટ, મોહતિમિર હર્યું જુગતે,
'વિમલવિજય' વાચકનો સેવક, 'રામ' કહે શુભ ભગતે, મારો...૫

## (૧૮) શ્રી અરનાથ જિન સ્તવન

અરનાથકું સાદા મોરા વંદના,
જગનાથકું સદા મોરી વંદના....જ.

જગ ઉપકારી ઘન જ્યૌં વરસે,
વાણી શીતલચંદના રે, જ...૧

રૂપે રંભા રાણી શ્રીદેવી,
ભૂપ સુદર્શન નંદના રે, જ...૨

ભાવ ભગતિ શું અહનિશિ સેવે,
દુરિત હરે ભવફંદના રે...જ...૩

છ ખંડ સાધી દ્વેધા કીધી,
દુર્જય શત્રુ નિકંદના રે, જ...૪

'ન્યાયસાગર' પ્રભુ-સેવા મેવા,
માગે પરમાનંદના રે. જ...૫

## (૧૯) શ્રી મલ્લિનાથ જિન સ્તવન

કૌન રમે ચિત્ત કૌન રમે,
મલ્લિનાથજી વિના ચિત્ત કૌન રમે,
માતા પ્રભવતી રાણી જાયો,
કુંભ-નૃપતિ-સુત કામ દમે...મ...૧

કામ કુંભ જિમ કામિત પૂરે,
કુંભ લંછન જિન મુખ ગમે...મ...૨

મિથિલા નયરી જનમ પ્રભુકો,
દર્શન દેખત દુઃખ શમે...મ...૩

ઘેબર ભોજન સરસાં પીરસ્યાં,
કુકસ બાકસ કૌન જમે...મ...૪

નીલ વરણ પ્રભુ કાન્તિ કે આગે,
મરકત મણિ છબી દૂર ભમે...મ...૫

'ન્યાય સાગર' પ્રભુ જગનો પામી,
હરિહર બ્રહ્મા કૌન નમે...મ...૬

## (૨૧) શ્રી નેમિનાથ જિન સ્તવન

(હાંરે મારે ઠામ ધરમના રે-એ દેશી)

નિરખ્યો નેમિજિણંદને, અરિહંતાજી
રાજિમતી કર્યો ત્યાગ; ભગવંતાજી;
બ્રહ્મચારી સંયમ ગ્રહ્યો, અરિહંતાજી,
અનુક્રમે થયા વિતરાગ. ભગવંતાજી. ૧

ચામર ચક્ર સિંહાસન, અરિહંતાજી૦,
પાદપીઠ સંયુક્ત ભગવંતાજી;
છત્ર ચાલે આકાશમાં, અરિહંતાજી૦
દેવદુંદુભિ વરયુત. ભગવંતાજી. ૨

સહસ જોયણ ધ્વજ સોહતો, અરિહંતાજી૦,
પ્રભુ આગળ ચાલંત; ભગવંતાજી,
કનક-કમળ નવ ઉપરે, અરિહંતાજી૦
વિચરે પાય ઠવંત. ભગવંતાજી. ૩

ચાર મુખે દીએ દેશના, અરિહંતાજી૦
ત્રણ ગઢ ઝાકઝમાલ ભગવંતાજી;
કેશ-રોમ-શ્મુશ્રુ નખા, અરિહંતાજી૦
વાધે નહિ કોઇ કાલ. ભગવંતાજી. ૪

કાંટા પણ ઉંધા હોવે, અરિહંતાજી૦
પંચ વિષય અનુકૂળ ભગવંતાજી;
ષટ્ ઋતુ સમકાળે ફળે, અરિહંતાજી૦
વાયુ નહિ પ્રતિકૂળ. ભગવંતાજી. ૫

પાણી સુગંધ સુરકુસુમની, અરિહંતાજી૦
વૃષ્ટિ હોયે સુરસાલ ભગવંતાજી;
પંખી દીએ સુપ્રદક્ષિણા, અરિહંતાજી૦
વૃક્ષ નમે અસરાલ. ભગવંતાજી. ૬

જિન ઉત્તમ પદ પદ્મની, અરિહંતાજી૦
સેવા કરે સુરકોડી; ભગવંતાજી;
ચાર નિકાયના જઘન્યથી અરિહંતાજી૦
ચૈત્યવૃક્ષ તેમ જોડી. ભગવંતાજી. ૭

## (૨૨) શ્રી નેમનાથ જિન સ્તવન

રહો રહો રે યાદવ દો ઘડિયા, રહો૦
દો ઘડિયાં દો ચાર ઘડિયાં,
રહો રહો રે યાદ દો ઘડિયા,
શિવામાત મલ્હાર નગીને,
ક્યું ચલીએ હમ બિછડીયાં, રહો૦
યાદવવંશ વિભૂષણ સ્વામી.
તુમે આધાર છો અડવડીયા. રહો......૧

તો બિન ઓરસેં નેહ ન કીનો,
ઓર ન કરનકી આંખડીયા, રહો,૦
ઈતને બિચ હમ છોડ ન જઈએ,
હોત બુરાઈ લાજડીયાં. રહો......૨

પ્રીતમ પ્યારે કેહ કર જાનાં,
જો હોત હમ શિર બાંકડીયા, રહો૦
હાથ સે હાથ મિલાદે સાંઈ,
ફૂલ બિછાઉં સેજડીયાં, રહો......૩

પ્રેમકે પ્યાલે બહુત મસાલે,
પીવત મધુરે સેલડીયાં, રહો૦
સમુદ્રવિજય કુલ તિલક નેમકું,
રાજુલ ઝરતી આંખડીયા, રહો......૪

રાજુલ છોડ ચલે ગિરનારે,
નેમ યુગલ કેવલ વરીયાં, રહો૦
રાજિમતી પણ દીક્ષા લીની,
ભાવના રંગ રસે ચડીયાં, રહો......૫

કેવલ લઈ કરી મુગતિ સિધારે,
દંપતી મોહન વેલડીયાં, રહો૦
શ્રી શુભવીર અચલ ભઈ જોડી,
મોહરાય-શિર લાકડીયાં. રહો......૬

## (૨૩)શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

રાતા જેવાં ફૂલડાં ને, શામળ જેવો રંગ;
આજ તારી આંગીનો કાંઇ રૂડો બન્યો રંગ;
પ્યારા પાસજી હો લાલ, દીનદયાળ મુજને નયણે નિહાલ.૧

જોગીવાડે જાગતો ને, માતો ધિંગડમલ્લ,
શામળો સોહામણો કાંઇ, જીત્યા આઠે મલ્લ. પ્યારા૦ ૨

તું છે મારો સાહિબો ને, હું છું તારો દાસ;
આશા પૂરો દાસની કાંઇ, સાંભળી અરદાસ. પ્યારા૦ ૩

દેવ સઘળા દીઠા તેમાં, એક તું અવલ્લ;
લાખેણું છે લટકું તાહરૂં, દેખી રીઝે દિલ્લ. પ્યારા૦ ૪

કોઇ નમે પીરને રે, કોઇ નમે રામ,
ઉદયરત્ન કહે પ્રભુ, મારે તો તુમશું રે કામ. પ્યારા૦ ૫

## (૨૩)શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

**(રાગ - શ્રી રાગ)**

અબ મોહે ઐસી આય બની, શ્રી શંખેશ્વર પાસ જિનેસર,
મેરે તું એક ધની. અબ૦ ૧

તુમ બિનુ કોઇ ચિત્ત ન સુહાવે, ઓ અનંત ગુની,
મેરો મન તુજ ઉપર રસિયો, અલિ જિમ કમલ ભણી
અબ૦ ૨

તુમ નામે સવિ સંકટ ચૂરે, નાગરાજ ઘરની,
નામ જપું નિશિ વાસર તેરો, એ શુભ મુજ કરની.
અબ૦ ૩

કોપાનલ ઉપજાવત દુર્જન, મથન વચન અરની,
નામ જપું જલધાર તિહાં તુજ, ધારૂં દુઃખ હરની.
અબ૦ ૪

મિથ્યામતિ બહુ જન હૈ જગમેં, પદ ન ધરત ધરની,
ઉનકા અબ તુજ ભક્તિ પ્રભાવે, ભય નહિ એક કની.
અબ૦ ૫

સજ્જન-નયન સુધારસ-અંજન, દુરજન રવિભરની,
તુજ મૂરતિ નિરખે સોં પાવે, સુખ જસ લીલ ઘની.
અબ૦ ૬

## (૨૩) શ્રી પંચાસરા પાર્શ્વનાથ જિન સ્તવન

પરમાતમ પરમેશ્વરૂ, જગદીશ્વર જિનરાજ,
જગબંધવ જગભાણ, બલિહારી તુમ તણી,
ભવ-જલધિમાંહી જહાજ. પરમા..૧

તારક વારક મોહનો, ધારક નિજગુણ ઋદ્ધિ,
અતિશયવંત ભદંત, રૂપાલી શિવવધુ,
પરણી લહી નિજ સિદ્ધિ પરમા...૨

જ્ઞાન દર્શન અનંત છે, વળી તુજ ચરણ અનંત,
એમ દાનાદિ અનંત, ક્ષાયિક ભાવે થયા,
ગુણ તે અનંતાનંત પરમા...૩

બત્રીશ વર્ણ સમાય છે, એકજ શ્લોક મોઝાર,
એક વરણ પ્રભુ ! તુજ, ન માયે જગતમાં,
કેમ કરી થુણીએ ઉદાર. પરમા...૪

તુમ ગુણ કોણ ગણી શકે, જો પણ કેવલ હોય,
આવિરભાવથી તુજ, સયલ ગુણ માહરે,
પ્રચ્છનભાવથી જોય. પરમા...૫

શ્રી પંચાસરા પાસજી ! અરજ કરું એક તુજ,
આવિરભાવથી થાય, દયાળ ! કૃપાનિધિ !
કરૂણા કીજે જી મુજ. પરમા...૬

શ્રી જિનઉત્તમ તાહરી, આશા અધિકી મહારાજ!
'પદ્મવિજય' કહે એમ, લહું શિવનગરીનું,
અક્ષય અવિચલ રાજ. પરમા...૯

## શ્રી મહાવીર જિન સ્તવન

સિદ્ધારથના રે નંદન વિનવું, વિનતડી અવધાર,
ભવમંડપમાં નાટક નાચીયો,
હવે મુજ દાન દેવરાવ. સિ...૧

ત્રણ રતન મુજ આપો તાતજી, જિમ નાવે રે સંતાપ,
દાન દીયંતા રે પ્રભુ કોસર કીસી?
આપો પદવી રે આપ. સિ...૨

ચરણ અંગુઠે મેરૂ કંપાવીયો, મોડ્યાં સુરના રે મન,
અષ્ટ કરમના રે ઝગડા જીતવા,
દીધાં વરસી રે દાન. સિ...૩

શાસનનાયક શિવસુખ દાયક, ત્રિશલા-કુખે રતન,
સિદ્ધારથનો રે વંશ દીપાવીયો,
પ્રભુજી તમે ધન ધન સિ...૪

વાચકશેખર કીર્તિવિજય ગુરૂ, પામી તાસ પસાય,
ધરમ તણા એ જિન ચોવીશમા,
વિનયવિજય ગુણ ગાય. સિ...૫

## શ્રી મહાવીર જિન સ્તવન

જગપતિ તું તો દેવાધિદેવ! દાસનો દાસ હું તાહરો;
જગપતિ તારક તું કિરતાર, મનમોહન પ્રભુ! માહરો. ૧

જગપતિ તાહરે ભક્ત અનેક, માહરે એક જ તું ધણી;
જગપતિ વીરમાં તું મહાવીર, મૂરતિ તાહરી સોહામણી. ૨

જગપતિ ત્રિશલારાણીનો તું તનુ ગંધાર બંદરે ગાજીઓ;
જગપતિ સિદ્ધારથ કુલ શણગાર, રાજ રાજેશ્વર રાજિયો. ૩

જગપતિ ભક્તોની ભાંગે તું ભીડ, પીડ પરાઇ પ્રભુ પારખે;
જગપતિ તુંહિ અગમ અપાર, સમજ્યો ન જાએ મુજ સારિખે. ૪

જગપતિ ખંભાત જંબુસર સંઘ, ભગવંત ચોવીસમો ભેટિઓ,
જગપતિ ઉદય નમે કર જોડ, સત્તર નેવું સંઘ સમેટીયો. ૫

## (૨૪) શ્રી મહાવીર જિન સ્તવન

ચઉમાસી પારણું આવે, કરી વિનતિ નિજ ઘર જાવે;
પ્રિયા પુત્રને વાત જણાવે, પટકુલ જરી પથરાવે રે,
મહાવીર પ્રભુ ઘેર આવે, જીરણ શેઠજી ભાવના ભાવે રે. ૧

ઉભી શેરીએ જળ છંટકાવે, જાઇ કેતકી ફૂલ બિછાવે,
નિજ ઘર તોરણ બંધાવે, મેવા મિઠાઇ થાળ ભરાવે રે. ૨

અરિહાને દાનજ દીજે, દેતાં જે દેખીને રીઝે,
ષટ્માસી રોગ હરીજે, સીઝે દાયક ભવ ત્રીજે રે. ૩

તે જિનવર સનમુખ જાઉ, મુજ મંદિરીએ પધરાવું,
પારણું લીલ ભાતે કરાવું, જુગતે જિનપૂજા રચાવું રે. ૪

પછી પ્રભુને વોળાવા જઇશું, કર જોડીને સનમુખ રહીશું,
નમી વંદી પાવન થઇશું, વિરતિ અતિ રંગે વહીશું રે. ૫

દયા દાન ક્ષમા શીલ ધરશું, ઉપદેશ સજ્જનને કરશું,
સત્ય જ્ઞાન દશા અનુસરશું, અનુકંપા લક્ષણ વરશું રે. ૬

એમ જીરણ શેઠ વદંતા, પરિણામની ધારે ચઢતાં,
શ્રાવકની સીમે ઠરંતા, દેવ દુંદુભી નાદ સુણંતા રે. ૭

કરી આયુ પૂરણ શુભ ભાવે, સુરલોક અચ્યુતે જાવે;
શાતાવેદની સુખ તે પાવે, શુભવીર વચન રસ ગાવે રે. ૮

## શ્રી સીમંધર સ્વામીના સ્તવન

પુકખલવઇ વિજયે જયો રે, નયરી પુંડરીગિણી સાર;
શ્રી સીમંધર સાહિબા ! રે; રાય શ્રેયાંસકુમાર!
જિણંદરાય! ધરજો ધર્મસનેહ! ૧

મોટા નાના આંતરૂં રે, ગિરુઓ નવિ દાખંત;
શશિદરિશણ સાયર વધે રે, કૈરવ-વન વિકસંત-જિણંદ૦ ૨

ઠામ કુઠામ નવિ લેખવે રે, જલ વરસંત જલધાર;
કર દોય કુસુમે વાસિયે રે, છાયા સવિ આધાર-જિણંદ૦ ૩

રાય ને રંક સરીખા ગણે રે, ઉદ્યોતે શશી સૂર;
ગંગાજળ તે બિહું તણાં રે, તાપ કરે સવિ દૂર-જિણંદ૦ ૪

સરીખા સહુને તારવા રે, તિમ તુમે છો મહારાજ
મુજશું આંતરો કિમ કરો રે! બાંહ્ય ગ્રહ્યાની લાજ-જિણંદ૦ ૫

મુખ દેખી ટીલું કરે રે, તે નવિ હોય પ્રમાણ;
મુજરો માને સવિ તણો રે, સાહિબ તેહ સુજાણ-જિણંદ૦ ૬

વૃષભ લંછન માતા સત્યકી રે, નંદન રુકિમણી કંત;
વાચકયશ એમ વિનવે રે, ભયભંજન ભગવંત-જિણંદ૦ ૭

## શ્રી સીમંધરસ્વામી સ્તવન

તારી મૂરતિએ મન મોહ્યું રે મનના મોહનીયા,
તારી મુરતિએ જગ સોહ્યું રે જગના જીવનીયા;
તુમ જોતાં સવિ દુરમતિ વીસરી, દિન રાતડી નવિ જાણી,
પ્રભુ ગુણગણ સાંકળશું બાંધ્યું, ચંચળ ચિત્તડું તાણી રે.
મન૦ ૧

પહેલા તો એક કેવલ હરખે, હેજાળુ થઇ હળિયો;
ગુણ જાણીને રૂપે મિલીઓ, અભ્યંતર જઇ ભળિયો રે.
મન૦ ૨

વીતરાગ ઇમ જસ નિસુણીને, રાગી રાગ કરેહ;
આપ અરૂપી રાગ નિમિત્તે, દાસ અરૂપ ધરેહ રે.
મન૦ ૩

શ્રી સીમંધર તું જગબંધુ, સુંદર તાહરી વાણી;
મંદર ભૂધર અધિક ધીરજ ધર, વંદે તે ધન્ય પ્રાણી રે.
મન૦ ૪

શ્રી શ્રેયાંસ નરેસર નંદન, ચંદન શીતલ વાણી;
સત્યકી માતા વૃષભલંછન પ્રભુ, જ્ઞાનવિમલ ગુણ ખાણી રે.
મન૦ ૫

## શ્રી સીમંધરજિન સ્તવન

સુણો ચંદાજી!
સીમંધર પરમાતમ પાસે જાજો, મુજ વિનતડી,
પ્રેમ ધરીને એણી પેરે તુમે સંભળાવજો.

જે ત્રણ ભુવનનો નાયક છે,
જસ ચોસઠ ઈન્દ્ર પાયક છે;
નાણ દરિસણ જેહને ખાયક છે. સુણો૦ ૧

જેની કંચન વરણી કાયા છે,
જસ ધોરી લંછન પાયા છે;
પુંડરિગિણી નગરીના રાયા છે. સુણો૦ ૨

બાર પર્ષદામાંહી બિરાજે છે,
જસ ચોત્રીસ અતિશય છાજે છે;
ગુણ પાંત્રીશ વાણીએ ગાજે છે. સુણો૦ ૩

ભવિજનને જે પડિબોહે છે,
તુમ અધિક શીતલ ગુણ સોહે છે;
રૂપ દેખી ભવિજન મોહે છે સુણો૦ ૪

તુમ સેવા કરવા રસિયો છું,
પણ ભરતમાં દૂરે વસિયો છું;
મહા-મોહરાય કર ફસિયો છું. સુણો૦ ૫

પણ સાહિબ ચિત્તમાં ધરીયો છે,
તુમ આણા-ખડગ કર ગ્રહીઓ છે;
તો કાંઈક મુજથી ડરિયો છે. સુણો૦ ૬

જિન ઉત્તમ પૂંઠ હવે પૂરો,
કહે પદ્મવિજય થાઉં શૂરો;
તો વાધે મુજ મન અતિ નૂરો. સુણો૦ ૭

## શ્રી સિદ્ધાચલજીનું સ્તવન

સિદ્ધાચલગિરિ ભેટ્યા રે ધન્ય ભાગ્ય હમારા,
એ ગિરિવરનો મહિમા મોટો, કહેતાં ન આવે પાર,
રાયણ રૂષભ સમોસર્યા સ્વામી, પૂર્વ નવાણું વારા રે.
ધ૦ ૧

મૂળનાયક શ્રી આદિજિનેશ્વર, ચઉમુખ પ્રતિમા ચારા;
અષ્ટ દ્રવ્યશું પૂજો ભાવે, સમકિત મૂલ આધારા રે
ધ૦ ૨

ભાવ ભકિત શું પ્રભુગુણ, ગાતાં અપના જન્મ સુધારા;
યાત્રા કરી ભવિજન શુભ ભાવે, નરકતિર્યંચગતિ વારારે
ધ૦ ૩

દૂર દેશાંતરથી હું આવ્યો, શ્રવણે સુણી ગુણ તોરા;
પતિત ઉદ્ધારણ બિરુદ તુમારું, એ તીરથ જગ સારારે.
ધ૦ ૪

સંવત અઢારસેં ત્યાશી માસ આષાઢા, વદી આઠમ ભોમવારા,
પ્રભુજી કે ચરણ પ્રતાપકે સંઘમેં ખિમારતન પ્રભુ પ્યારા રે.
ધન્ય૦ ૫

## શ્રી સિદ્ધાચલજીનું સ્તવન

વિમલાચલ નિતુ વંદિએ, કીજે એહની સેવા,
માનું હાથ એ ધર્મનો, શિવતરૂ ફલ લેવા. વિ.૧

ઉજ્જવલ જિન ગૃહ મંડલી, તિહાં દીપે ઉત્તંગા,
માનું હિમગિરિ-વિભ્રમે, આઈ અંબર ગંગા. વિ.૨

કોઈ અનેરૂં જગ નહિ, એ તીરથ તોલે,
એમ શ્રીમુખ હરિ આગલે, શ્રી સીમંધર બોલે. વિ. ૩

જે સઘળાં તીરથ કર્યાં, યાત્રા ફળ કહીએ.,
તેહથી એ ગિરિ ભેટતાં, શત-ગણું ફળ લહીયે વિ.૪

જનમ સફલ હોય તેહનો, જે એ ગિરિ વંદે,
સુજસવિજય સંપદ લહે, તે નર ચિર નંદે વિ.૫

## શ્રી સિદ્ધાચલજીનું સ્તવન

માહરૂં મન મોહ્યું રે
શ્રી સિદ્ધાચલે રે દેખીને હરખિત થાય;
વિધિશું કીજે રે જાત્રા એહની રે,
ભવભવનાં દુઃખ જાય. મારૂં. ૧

પંચમે આરે રે પાવન કારણે રે,
એ સમો તીરથ ન કોય;
મોટો મહિમારે જગતમાં એહનો રે,
આ ભરતે ઈહાં જોય. મારૂં. ૨

ઈણગિરી આવ્યા રે જિનવર ગણધરા રે,
સિધ્યા સાધુ અનંત;
કઠિણ કરમ પણ ઈણગિરિ ફરસતાં રે,
હોય કરમ નિશાંત. મારૂં. ૩

જૈન ધર્મ તે સાચો જાણિયે રે,
માનવ તીરથ એ થંભ,
સુર નર કિન્નર નૃપ વિદ્યાધરા રે,
કરતાં નાટારંભ. મારૂં. ૪

ધન ધન દહાડો રે, ધન વેલા ઘડી રે,
ધરીયે હૃદય મોઝાર;
જ્ઞાનવિમલ સૂરિ ગુણ એહના ઘણા રે,
કહેતાં નાવે હો પાર. મારૂં. ૫

## શ્રી પુંડરીક સ્વામીનું સ્તવન

એક દિન પુંડરિક ગણધરૂ રે લાલ,
પૂછે શ્રી આદિ જણિંદ સુખકારી રે,

કહીએ તે ભવજલ ઉતરી રે લાલ,
પામીશ પરમાનંદ ભવવારી રે...એ...૧

કહે જિન ઇણગિરિ પામસો રે લાલ,
જ્ઞાન અને નિરવાણ જયકારી રે,
તીરથ મહિમા વધશે રે લાલ,
અધિક અધિક મંડાણ નિરધારી રે એ....૨

ઇમ સુણીને ઇહાં આવીયા રે લાલ,
ઘાતી કરમ કર્યાં દૂર તમ વારી રે,
પંચ કોડી મુનિ પરવિર્યા રે લાલ.
હુઆ સિદ્ધ હજુર ભવ વારી રે, એ...૩

ચૈત્રી પૂનમ દિન કીજીએ રે લાલ,
પૂજા વિવિધ પ્રકાર દિલધારી રે,
ફળ પ્રદક્ષિણા કાઉસ્સગ્ગા રે લાલ,
લોગસ્સ થુઇ નમુક્કાર નરનારી રે એ.૪

પૂજા વિવિધ પ્રકાર દિલધારી રે,
દશ વીશ ત્રીસ ચાલીસ ભલા રે લાલ,
પચાસ પુષ્પની માળ અતિ સારી રે,
નરભવ લાહો લીજીએ રે લાલ,
જેમ હોય જ્ઞાન વિશાલ મનોહારી રે એ.:૫

## શ્રી સિદ્ધાચલજીનું સ્તવન

સિદ્ધગિરિ ધ્યાવો ભવિકા, સિદ્ધગિરિ ધ્યાવો,
ઘેર બેઠાં બહુ ફલ પાવો, ભવિકા બહુ ફલ પાવો...૧

નંદીશ્વર યાત્રાએ જે ફલ હોવે,
તેથી બમણેરૂં ફલ તે કુંડલગિરિ હોવે. ભવિકા...૨

ત્રિગણું રૂચકગિરિ ચઉ ગજદંતા,
તેથી બમણું રે ફલ, જંબુ મહંતા - ભવિકા જંબુ ...૩

ષટ ગણું ઘાતકી ચૈત્ય જુહારે,
છત્રીસ ગણું ફલ પુષ્કર વિહારે, ભવિકા...૪

તેહથી તેરસ ગણું, મેરૂ ચૈત્ય જુહારે,
સહસગણું ફલ સમ્મેત શિખરે ભવિકા...૫

લાઘ ગણું ફલ, અંજનગિરિ જુહારે,
દશ લાખ ગણું ફળ, અષ્ટાપદ ગિરનારે, ભવિકા...૬

કોડી ગણું ફલ, શ્રી શેત્રુંજય ભેટે,
જેમ રે અનાદિના, દુરિત ઉમેટે ભવિકા....૭

ભાવ અનંતે અનંત ફલ પાવે,
જ્ઞાનવિમલસૂરિ એમ ગુણ ગાવે. ભવિકા...૮

## શ્રી પર્યુષણા પર્વનું સ્તવન

(રાગ-તેરે દ્વારે આવ્યો કિરતાર)

સુણજો સાજન સંત, પજુસણ આવ્યા રે;
તમે પુણ્ય કરો પુણ્યવંત ભવિક મન ભાવ્યાં રે. આંકણી૦
વીર જિણેસર અતિ અલવેસર,
વાલા મારા પરમેશ્વર એમ બોલે રે;
પર્વ માંહે પજુસણ મોટા,
અવર ન આવે તસ તોલે રે. પજુ૦ ૧

ચૌપદમાં જેમ કેસરી મોટો, વા૦
ખગમાં ગરૂડ તે કહિએ રે;
નદી માંહે જેમ ગંગા મોટી,
નગમાં મેરૂ લહીએ રે. પજુ૦ ૨

ભૂપતિમાં ભરતેશ્વર ભાખ્યો, વા૦
દેવમાંહે સૂર ઇંદ્ર રે;
તીરથમાં શેત્રુંજો દાખ્યો,
ગ્રહ ગણમાં જેમ ચંદ્ર રે. પજુ૦ ૩

દસરા દિવાલીને વળી હોલી, વા૦
અખાત્રીજ દિવાસો રે;
બળવે પ્રમુખ બહુલાં છે બીજાં,
પણ નહિ મુક્તિનો વાસો રે. પજુ૦ ૪

તે માટે તમે અમર પળાવો, વા૦
અઠ્ઠાઇ મહોચ્છવ કીજે રે;
અઠ્ઠમ તપ અધિકાઇ એ કરીને,
નરભવ લાહો લીજે રે. પજુ૦ ૫

ઢોલ દદામાં ભેરી નેફેરી, વા૦
કલ્પ સૂત્રને જગાવો રે;
ઝાંઝરના ઝમકાર કરીને,
ગોરીની ટોલી મલી આવો રે. પજુ૦ ૬

સોના રૂપાને ફૂલડે વધાવો, વા૦
કલ્પ સૂત્રને પૂજો રે;
નવ વખાણ વિધિએ સાંભળતાં,
પાપ મેવાસી ધ્રૂજો રે. પજુ૦ ૭

એમ અટ્ઠાઇ મહોચ્છવ કરતાં, વા૦
બહુ જન જગ ઉદ્ધરિયા રે;
વિબુધ વિમલ વર સેવક અહથી,
નવનિધિ રિદ્ધિ સિદ્ધિ વરિયા રે. પજુ૦ ૮

## શ્રી ઇલાચી પુત્રની સજ્ઝાય

નામે ઈલાચી પુત્ર જાણીએ, ધનદત્ત શેઠનો પુત્ર,
નટડી દેખી રે મોહી રહ્યો, નવિ રાખ્યું ઘર સુત;

કર્મ ન છૂટે રે પ્રાણીયા, પૂરવ સ્નેહ વિકાર,
નિજકુલ છંડી રે નટ થયો, નાવી શરમ લગાર.
કર્મ ન છૂટે રે૦ ૧

માતપિતા કહે પુત્રને, નટ નવિ થઈયે રે જાત;
પુત્ર પરણાવું રે પદ્મીણી, સુખ વિલસો તે સંઘાત.
કર્મ ન છૂટે રે૦ ૨

કહેણ ન માન્યું રે તાતનું, પૂરવ કર્મ વિશેષ;
નટ થઈ શીખ્યો રે નાચવા, ન મટે લખ્યા રે લેખ.
કર્મ ન છૂટે રે૦ ૩

એક પૂર આવ્યો નાચવા રે, ઉંચો વાંશ વિષેશ;
તિહાં રાય જોવાને આવીયો, મલીયો લોક અનેક.
કર્મ ન છૂટે રે૦ ૪

ઢોલ બજાવે રે નટડી, ગાવે કિંનર સાદ;
પાય તલ ઘુઘરા રે ઘમઘમે, ગાજે અમ્મર નાદ.
કર્મ ન છૂટે રે૦ ૫

દોય પગ પેરીરે પાવડી, વંશ ચડ્યો ગજ ગેલ;
નોધારો થઈ નાચતો, ખેલે નવા નવા ખેલ.
કર્મ ન છૂટે રે૦ ૬

નટડી રંભા રે સારખી, નયણે દેખે રે જામ;
જો અંતે ઉરમાં એ રહે, જન્મ સફલ મુજ તામ.
કર્મ ન છૂટે રે૦ ૭

તવ તિહાં ચિંતે રે ભુપતિ, લુબ્ધો નટડીની સાથ;
જો નટ પડે રે નાચતો, તો નટડી કરું મુજ હાથ.
કર્મ ન છૂટે રે૦ ૮

કર્મ વશે રે હું નટ થયો, નાચું છું નિરાધાર;
મન નવિ માને રે, રાયનું તો કોણ કરવો વિચાર.
કર્મ ન છૂટે રે૦ ૯

દાન ન આપે રે ભૂપતિ, નટ જાણે તે વાત;
હું ધન વંછુ રે રાયનું, રાય વંછે મુજ ઘાત.
કર્મ ન છૂટે રે૦ ૧૦

દાન લહું જો હું રાજનું, તો મુજ જીવિત સાર;
એમ મનમાંહે રે ચિંતવી, ચઢીઓ ચોથી રે વાર.
કર્મ ન છૂટે રે૦ ૧૧

થાલભરી શુદ્ધ મોદકે, પદ્મીણી ઉભેલી બાર;
લ્યો લ્યો કેતાં લેતા નથી, ધન ધન મુનિ અવતાર.
કર્મ ન છૂટે રે૦ ૧૨

એમ તિહાં મુનિવર વોરવા, નટે પેખ્યા મહાભાગ્ય;
ધિક્ ધિક્ વિષયારે જીવને, એમ નટ પામ્યો વૈરાગ્ય.
કર્મ ન છૂટે રે૦ ૧૩

સંવર ભાવે રે કેવલી, થયો મુનિ કર્મ ખપાય;
કેવલ મહિમા રે સુર કરે, લબ્ધીવિજય ગુણ ગાય.
કર્મ ન છૂટે રે૦ ૧૪

## શ્રી અરણીક મુનિની સજ્ઝાય

અરણિક મુનિવર ચાલ્યા ગોચરી, તડકે દાઝે શિશોજી ॥
પાય અલવાણેરે વેળુ પરજળે, તન સુકુમાર મુનિશોજી
॥ અરણિક૦ ॥ ૧ ॥

મુખ કરમાણું રે માલતી ફૂલ જ્યું, ઉભો ગોખની હેઠોજી ॥
ખરે બપોરે રે જાતો એકલો, મોહી માનિની દીઠોજી
॥ અ૦ ॥ ૨ ॥

વયણ રંગીલીરે નયણે વીંધીયો, ઋષિ થંભ્યો તેણે ઠામોજી ॥
દાસીને કહે જારે ઉતાવળી, ઋષિ તેડી ઘેર આણોજી
॥ અ૦ ॥ ૩ ॥

પાવન કીજેરે ઋષિ ઘર આંગણું, વહોરો મોદક સારોજી;
નવ જોવનરસ કાયા કાં દહો, સફળ કરો અવતારોજી
॥ અ૦ ॥ ૪ ॥

ચંદ્રાવદનીયે ચારિત્રથી ચુકવ્યો, સુખ વિલસે દિન રાતોજી ॥
બેઠો ગોખે રે રમતો સોગઠે, તવ દીઠી નિજ માતોજી
॥ અ૦ ॥ ૫ ॥

અરણિક અરણિક કરતી મા ફરે, ગલિયે ગલિયે બજારોજી;
કહો કેણે દિઠોરે મારો અરણિકો, પુંઠે પુંઠે લોક હજારોજી
॥ અ૦ ॥ ૬ ॥

હું કાયર છું રે મ્હારી માવડી; ચારિત્ર ખાંડાની ધારોજી ॥
ધિક્ક ધિક્ક વિષયારે મ્હારા જીવને, મેં કીધો અવિચારોજી
॥ અ૦ ॥ ૭ ॥

ગોખથી ઉતરીરે જનની ને પાય પડ્યો, મનશું લાજ્યો અપારોજી;
વત્સ તુજ ન ઘટેરે ચારિત્રથી ચૂંકવું, જેહથી શિવ સુખ સારોજી
॥ અ૦ ॥ ૮ ॥

એમ સમજાવીરે પાછો વાળિયો, આણ્યો ગુરૂની પાસેજી ॥
સદ્ગુરૂ દીયેરે શિખ ભલી પરે, વૈરાગે મન વાસોજી
॥ અ૦ ॥ ૯ ॥

અગ્નિ ધિખંતીરે શીલા ઉપરે, અરણિકે અણસણ કીધોજી ॥
રૂપવિજય કહે ધન્ય તે મુનિવરૂ, જેણે મનવાંછિત લીધોજી
॥ અરણિક૦ ॥ ૧૦ ॥

## ખંધક મુનિની સજ્ઝાય

નમો નમો ખંધક મહામુનિ, ખંધક ક્ષમા ભંડાર રે;
ઉગ્ર વિહારે મુનિ વિચરંતા, ચારિત્ર ખડ્ગની ધાર રે.
નમો૦ (૧)

સમિતિ ગુપ્તિને ધારતો, જિતશત્રુ રાજાનો નંદ રે;
ધારણી ઉદરે જનમિયો, દર્શન પરમાનંદ રે.
નમો૦ (૨)

ધર્મઘોષ મુનિ દેશના, પામીયો તેણે પ્રતિ બોધ રે;
અનુમતિ લેઈ માયતાતની, ધર્મ શું યુદ્ધ થઈ યોદ્ધ રે.
નમો૦ (૩)

છટ્ઠ અટ્ઠમ આદે અતિ ઘણાં, દુષ્કર તપ તનુ શોષ રે;
રાત દિવસ પરિસહ સહે, તો પણ મન નહિ રોષ રે.
નમો૦ (૪)

દવ દીધા ખીજડા દેહમાં, ચાલતાં ખડખડે હાડ રે;
તોપણ તપતપે આકરા, જાણતાં અથિર સંસાર રે.
નમો૦ (૫)

એક સમે ભગિની પુરી પ્રતે, આવીયા સાધુજી સોય રે;
ગોખે બેઠી ચિંતે બેનડી, એ મુજ બંધવ હોય રે,
નમો૦ (૬)

બેનને બાંધવ સાંભર્યો, ઉલટ્યો વિરહ અપાર રે;
છાતી લાગી છે ફાટવા, નયણે વહે આસુંડાની ધાર રે.
નમો૦ (૭)

રાય ચિંતે મનમાં ઈસ્યું, એ કોઈ નારીનો જાર રે;
સેવકને કહે સાધુની, લાવોજી ખાલ ઉતાર રે.
નમો૦ (૮)

## ॥ ઢાલ બીજી ॥

રાયસેવક કહે સાધુને, ખાલડી જીવથી હણશુંરે ॥
અમ ઠાકુરની એહ છે, આણા તે અમે આજ કરશું રે ॥
અહો અહો સાધુજી સમતા વરિયા ॥ ૧ ॥

મુનિવર મનમાંહી આણંદ્યા, પરિસહ આવ્યો જાણીરે ॥
કર્મ ખપાવાનો અવસર આવ્યો, ફરી નહીં આવે પ્રાણિરે ॥
અ૦ ॥ ૨ ॥

એ તો વેલી સખાઈ મીલીઓ, ભાઈ થકી ભલેરોરે ॥
પ્રાણી કાયરપણું પરિહરજે, જિમ ન થાયે ભવ ફેરોરે ॥
અ૦ ॥ ૩ ॥

રાયસેવકને મુનિવર કહે, કઠણ ફરસ મુજ કાયારે ॥
બાધા રખે તુમ હાથે થાયે, કહો તિમ રહીયે ભાયારે ॥
અ૦ ॥ ૪ ॥

ચાર સરણા ચતુર કરીને, ભવ ચરમ આવરતેરે ॥
શુક્લ ધ્યાનશું તાન લગાયું, કાયાને વેસિરાવેરે ॥
અ૦ ॥ ૫ ॥

ચડચડ ચામડી તેહ ઉતારે, મુનિ સમતારસ ઝીલેરે ॥
ક્ષપકશ્રેણી આરોહણ કરીને, કરમ કઠણને પીલેરે ॥
અ૦ ॥ ૬ ॥

ચોથું ધ્યાન ધરતાં, અંતે કેવલ લઈ મુનિ સિધ્યારે ॥
અજર અમરપદ મુનિ પામ્યા, કારજ સઘળાં સિધ્યાં રે ॥
અ૦ ॥ ૭ ॥

હવે મુહપતિ લોહી ખરડી, પંખીડે અમિષ જાણીરે ॥
રાજદુવારે લેઈ નાંખી; સેવકે લીધી તાણીરે ॥
અ૦ ॥ ૮ ॥

સેવક મુખથી વાત જ જાણી, બહેને મુહપતિ દીઠીરે ॥
નિશ્ચે ભાઈ હણીઓ જાણી, હઈયે ઉઠી અંગીઠી રે ॥
અ૦ ॥ ૯ ॥

વિરહ વિલાપ કરે રાય રાણી, સાધુની સમતા વખાણેરે ॥
અથિર સંસાર સ્વરૂપ તવ જાણી, સંજમ લે રાય રાણીરે ॥
અ૦ ॥ ૧૦ ॥

આલોઈ પાતક સવી છંડી, કરમ કઠણ તે નંદીરે ॥
તપદુ:કર કરી કાયા ગાળી, શિવ સુખ લહે આણંદીરે ॥
અ૦ ॥ ૧૧ ॥

ભવિયણ એહવા મુનિવર વંદી, માનવભવ ફલ લીજેરે,
કરજોડી મુનિ મોહન વિનવે સેવક સુખિયા કીજેરે ॥
અહો૦ ॥ ૧૨ ॥

## ॥ શ્રી મૌન એકાદશીની સજ્ઝાય ॥

આજ મ્હારે એકાદશીરે, નણદલ મૌન કરી મુખ રહીએ ॥
પૂછયાનો પડુત્તર પાછો, દેહને કાંઈ ન કહીએ ॥ એ આંકણી ॥

મ્હારો નણદોઈ તુજને વહાલો, મુજને તહારો વીરો ॥
ધુમાડાનાં બાચકાં ભરતાં, હાથ ન આવે હીરો
॥ આજ૦ ॥ ૨ ॥

ઘરનો ધંધો ઘણો કર્યો પણ, એક ન આવ્યો આડો;
પરભવ જાતાં પાલવ ઝાલે, તે મુજને દેખાડો
॥ આ૦ ॥ ૩ ॥

માગશર સુદિ અગિયારશ મ્હોટી, નેવું જિનનાં નિરખો ॥
દોઢસો કલ્યાણક મ્હોટાં, પોથી જોઈ જોઈ હરખો
॥ આ૦ ॥ ૪ ॥

સુવ્રતશેઠ થયો શુદ્ધ શ્રાવક, મૌન ધરી મુખ રહીયો ॥
પાવક પુર સઘળો પરજાળ્યો, એહનો કાંઈ ન દહીયો
॥ આજ૦ ॥ ૫ ॥

આઠ પહોર પોસહ તે કરીએ, ધ્યાન પ્રભુનું ધરીએ ॥
મન વચ કાયા જો વશ કરીએ, તો ભવસાગર તરીએ
॥ આજ૦ ॥ ૬ ॥

ઈર્યાસમિતિ ભાષા ન, બોલે આડું અવળું પેખે ॥
પડિકમણા શું પ્રેમ ન રાખે, કહો કેમ લાગે લેખે
॥ આજ૦ ॥ ૭॥

કર ઉપર તો માળા, ફિરતી જીવ ફરે વનમાંહી ॥
ચિત્તડું તો ચિહું દિશિયે ડોલે, ઈણ ભજને સુખ નાહિ
॥ આજ૦ ॥ ૮॥

પૌષધશાળે ભેગાં થઈને, ચાર કથા વળી સાધે ॥
કાંઈક પાપ મિટાવણ આવે, બાર ગણું વળિ બાંધે
॥ આજ૦ ૯ ॥

એક ઉઠંતી આળસ મોડે, બીજી ઊંઘે બેઠી ॥
નદીયોમાંથી કોઈક નિસરતી, જઈ દરિયામાં પેઠી
॥ આજ૦ ॥ ૧૦॥

આઈ બાઈ નણંદ ભોજાઈ, ન્હાની મ્હોટી વહુને ॥
સાસુ સસરો મા ને માસી, શિખામણ છે સહુને
॥ આજ૦ ॥ ૧૧॥

ઉદય રતન વાચક ઉપદેશે, જે નર નારી રહેશે ॥
પોસામાંહે પ્રેમ ધરીને, અવિચળ લીલા લહેશે ॥
આજ મ્હારે એકાદશી રે૦ ॥ ૧૨ ॥

## શ્રી પરસ્ત્રી ત્યાગ કરવાની સજ્ઝાય

સુણ ચતુર સુજાણ,
પરનારી શું પ્રીત કબુ નવ કીજિએ ॥
હાંરે જેણે પરનારી શું પ્રીત કરી,
તેને હૈડે રૂંધણ થાય ઘણી ॥
તેણે કુળ મરજાદા કાંઈ ન ગણી ॥ સુણ૦ ॥ ૧ ॥

ત્હારી લાજ જશે નાત જાતમાં,
તું તો હળુઓ પડીશ સહુ સાથમાં,
એ ધુમાડો ન આવે હાથમાં ॥ સુણ૦ ॥ ૨ ॥

હાંરે સાંજ પડે રવિ આથમે,
ત્હારો જીવ ભમરાની પેરે ભમે ॥
તને ઘરનો ધંધો કાંઈ ન ગમે ॥ સુણ૦ ॥ ૩ ॥

હાંરે તું જઈને મલીશ દુતીને,
ત્હારું ધન લેશે સવિ ધુતીને ॥
પછી રહીશ હૈડું કુટીને ॥ સુણ૦ ॥ ૪ ॥

તું તો બેઠો મૂછો મરડીને,
ત્હારૂં કાળજું ખાશે કરડીને ॥
તારૂં માંસ લેશે ઉઝરડીને ॥ સુણ૦ ॥ ૫ ॥

હારે તને પ્રેમના પ્યાલા પાઈને,
ત્હારાં વસ્ત્ર લેશે વાઈને,
તને કરશે ખોખું ખાઈને ॥ સુણ૦ ॥ ૬ ॥

હાંરે તું તો પરમંદિરમાં પેસીને,
તિહાં પારકી સેજે બેસીને ॥
તેં ભોગ કર્યા ઘણું હશીને ॥ સુણ૦ ॥ ૭ ॥

હાંરે જેમ ભુયંગ થકી ડરતા રહિયે,
તેમ પરનારીને પરિહરિયે ॥
હાંરે ભવસાયર ફેરો ન ફરિયે ॥ સુણ૦ ॥ ૮ ॥

વ્હાલા પરણી નારીથી પ્રિત સારી,
એ માથું વઢાવે પરનારી ॥
મેં નિશ્ચે જાણજો નિરધારી ॥ સુણ૦ ॥ ૯ ॥

એ સદ્‌ગુરૂ કહે તે સાચું છે,
ત્હારી કાયાનું સરવે કાચું છે ॥
એક નામ પ્રભુનું સાચું છે, સુણ૦ ॥ ૧૦ ॥ ઈતિ ॥

## શ્રી આપ સ્વભાવની સજ્ઝાય

આપ સ્વભાવમાં રે, અવધૂ સદા મગન મેં રહેના;
જગત જીવ હે કરમાધીના, અચરિજ કછુઅ ન લીના.
આ૦ ૧

તુમ નહિં કેરા કોઈ નહિ તેરા, કયા કરે મેરા મેરા?
તેરા હે સો તેરી પાસે, અવર સબ અનેરા.
આ૦ ૨

વપુ વિનાશી તું અવિનાશી, અબ હે ઈનકા વિલાસી;
વપુ સંગ જબ દૂર નિકાસી, તબ તુમ શિવકા વાસી.
આ૦ ૩

રાગ ને રીસા દોય ખવિસા, એ તુમ દુ:ખકા દીસા;
જબ તુમ ઉનકું દૂર કરીસા, તબ તુમ જગકા ઇસા.
આ૦ ૪

પારકી આશા સદા નિરાશા, એ હૈ જગજન પાસા;
વો કાટનકું કરો અભ્યાસા, લહો સદા સુખ વાસા.
આ૦ ૫

કબહીક કાજી કબહીક પાજી, કબહીક હૂઆ અપભ્રાજી;
કબહીક જગમેં કીર્તિ ગાજી, સબ પુદ્‌ગલકી બાજી.
આ૦ ૬

શુદ્ધ ઉપયોગ ને સમતા ધારી, જ્ઞાન ધ્યાન મનોહારી;
કર્મ કલંકકું દૂર નિવારી, જીવ વરે શિવનારી.
આ૦ ૭

## શ્રી વૈરાગ્યની સજ્ઝાય

ઊંચા તે મંદિર માળીયા, સોડ વાળીને સૂતો;
કાઢો કાઢો રે એને સહુ કહે, જાણે જન્મ્યો જ નહોતો,
એક રે દિવસ એવો આવશે. ૧

મને સબળો જી સાલે, મંત્રી મળ્યા સર્વે કારમાં;
તેનું કંઇ નવ ચાલે. એક૦ ૨

સાવ સોનાનાં રે સાંકળા, પહેરણ નવ નવા વાઘા;
ધોળું વસ્ત્ર એના કર્મનું, તે તો શોધવા લાગ્યા.
એક૦ ૩

ચરુ કઢાઇઆ અતિ ઘણા, બીજાનું નહિં લેખું;
ખોખરી હાંડી એના કર્મની, તે તો આગળ દેખું.
એક૦ ૪

કેના છોરૂ ને કેના વાછરૂ, કેના માયને બાપ;
અંતકાળે જાવું (જીવને) એકલું, સાથે પુણ્ય ને પાપ.
એક૦ ૫

સગી રે નારી એની કામિની, ઊભી ડગમગ જુવે;
તેનું પણ કાંઇ ચાલે નહીં, બેઠી ધ્રુસકે રૂવે.
એક૦ ૬

વ્હાલાં તે વ્હાલાં શું કરો ? વ્હાલાં વોળાવી વળશે;
વ્હાલાં તે વનનાં લાકડાં, તે તો સાથેજ બળશે.
એક૦ ૭

નહીં ત્રાપો નહીં તુંબડી, નથી તરવાનો આરો;
ઉદયરતન પ્રભુ ઈમ ભણે, મને પાર ઉતારો.
એક૦ ૮

## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિન છંદ

પાસ શંખેશ્વરા, સારકર સેવકા,
દેવકાં એવડી વાર લાગે,
કોડી કરજોડી દરબાર આગે ખડા,
ઠાકુર ચાકુરા માન માગે ॥ ૧ ॥

પ્રગટ્યા પાસજી મેલી પડદો પરો,
મોડ અસુરાણને આપ છોડો ॥ ૨ ॥

મુજ મહિરાણ મંજુષમાં પેસીને
ખલકના નાથજી બંધ ખોલો ॥ ૩ ॥

જગતમાં દેવ જગદીશ તું જાગતો,
એમ શું આજ જિનરાજ ઊંઘે, ॥ ૪ ॥

મોટા દાનેશ્વરી તેહને દાખીયે,
દાન દે જેહ જગ કાળ મોંઘે ॥ ૫ ॥

ભીડ પડી જાદવા જોર લાગી જરા,
તત્ક્ષણ ત્રિકમે તુજ સંભાર્યો ॥ ૬ ॥

પ્રકટી પાતાળથી પલકમાં તેં પ્રભુ,
ભક્તજન તેહનો ભય નિવાર્યો ॥ ૭ ॥

આદિ અનાદિ અરિહંત તું એક છે,
દિનદયાલ છે કોણ દૂજો. ॥ ૮ ॥

ઉદયરત્ન કહે પ્રકટી પ્રભુ પાસજી,
મેલી ભય ભંજનો એહ પૂજો-પાસ૦ ॥ ૯ ॥

# ચંદ્રપ્રભની ચાકરી

## (શ્રી ચંદ્રપ્રભ ભગવાન)

ચંદ્રપ્રભની ચાકરી નિત્ય કરીએ રે,
નિત્ય કરીએ રે, નિત્ય કરીએ,
કરીએ તો ભવજલ તરીએ,
હાં રે ચડતે પરિણામ...ચંદ્રપ્રભની ૧

લક્ષ્મણા માતા જનમીયા જિનરાય,
જિન ઊડુપતિ લંછન પાયા,
એતો ચંદ્રપુરીના રાય,
હાં રે નિત્ય લીજે નામ...ચંદ્રપ્રભની ૨

મહસેન પિતા જેહના પ્રભુ બળિયા,
મને જિનજી એકાંતે મળિયા,
મારા મનના મનોરથ ફળિયા,
હાં રે દીઠે દુઃખ જાય...ચંદ્રપ્રભની ૩

દોઢસો ધનુષ્યની દેહડી જિન દીપે,
તેજે કરી દિનકર ઝીપે,
સુર કોડી ઉભા સમીપે,
હાં રે નિત્ય કરતાં સેવ...ચંદ્રપ્રભની ૪

દસ લાખ પૂર્વનું આઉખું જિન પાળી,
નિજ આતમને અજવાળી,
દુષ્ટ કર્મના મર્મને ટાળી,
હાં રે લહ્યું કેવળજ્ઞાન...ચંદ્રપ્રભની ૫

સમેતશિખર ગિરિ આવિયા પ્રભુ રંગે,
મુનિ કોડી સહસ પ્રસંગે,
પાળી અણસણ ઉલટ અંગે,
હાં રે પામ્યા પરમાનંદ...ચંદ્રપ્રભની ૬

શ્રી જિન ઉત્તમ રૂપને જે ધ્યાવે,
તે કીર્તિ કમલા પાવે,
મોહનવિજય ગુણ ગાવે,
હાં રે આપો અવિચલરાજ...ચંદ્રપ્રભની ૭

## સુણો શાંતિ જિણંદ સૌભાગી

## (શ્રી શાંતિનાથ ભગવાન)

સુણો શાંતિજિણંદ સોભાગી,
હું તો થયો છું તુમ ગુણરાગી;
તુમે નિરાગી ભગવંત,
જોતાં કિમ મળશે તંત. સુણો....૧

હું તો ક્રોધ કષાયનો ભરીઓ,
તું તો ઉપશમરસનો દરીયો;
હું તો અજ્ઞાને આવરીઓ,
તું તો કેવળ કમળા વરીઓ સુણો....૨

હું તો વિષયા રસનો આશી,
તેં તો વિષયા કીધી નિરાશી;
હું તો કર્મને ભારે ભરિયો,
તેં તો પ્રભુજી! ભાર ઉતાર્યો સુણો.... ૩

હું તો મોહતણે વશ પડીયો,
તેં તો સઘળા મોહને હણીઓ;
હું તો ભવસમુદ્રમાં ખુંચ્યો,
તું તો શિવમંદીરમાં પહુંચ્યો સુણો.... ૪

મારે જન્મ મરણનો જોરો,
તેં તો તોડયો તેહનો દોરો;
મારો પાસો ન મેલે રાગ,
તમે પ્રભુજી થયા વિતરાગ સુણો.... ૫

મને માયાએ મૂક્યા પાશી,
તું તો નિરબંધન અવિનાસી;
હું તો સમક્તિથી અધૂરો,
તું તો સકળ પદારથે પૂરો સુણો.... ૬

મારે તો તું હી પ્રભુ તુહી એક,
ત્હારે મુજ સરીખા અનેક;
હું તો મનથી ન મૂકું માન,
તું તો માનરહિત ભગવાન સુણો.... ૭

મારૂં કીધું કશું નવિ થાય,
તું તો રંકને કરે છે રાય;
એક કરો મુજ મહેરબાની,
મારો મુજરો લેજો માની સુણો.... ૮

એકવાર જો નજરે નિરખો,
તો કરો મુજને તુજ સરીખો;
જો સેવક તુમ સરીખો થાશે,
તો ગુણ તમારા ગાશે સુણો.... ૯

ભવો ભવ તુમ ચરણોની સેવા,
હું તો માગું છું દેવાધિદેવા;
સામું જુઓને સેવક જાણી,
એવી ઉદયરત્નની વાણી સુણો....૧૦

## મનમોહન પ્રભુ પાર્શ્વજી...

મનમોહન પ્રભુ પાર્શ્વજી, સુણો જગત આધારજી;
શરણે આવ્યો પ્રભુ તાહરે, મુજ દુરિત નિવારજી...મન..

વિષય કષાયના પાસમાં, ભમીયો કાળ અનંતજી;
રાગ-દ્વેષ મહા ચોરટા, લૂંટ્યો ધર્મનો પંથજી...મન...૨

પણ કાંઈ પૂરવ પૂણ્યથી, મળીયા શ્રી જિનરાજજી;
ભવસમુદ્રમાં ડુબતાં, આલંબન જિમ જહાજજી...મન...૩

કમઠે નિજ અજ્ઞાનથી, ઉપસર્ગ કીધા બહુ જાતજી;
ધ્યાનાનલ પ્રગટાવીને, કીધો કર્મનો ઘાતજી...મન...૪

કેવળજ્ઞાનથી દેખીયું, લોકાલોક સ્વરૂપજી;
વિજય મુક્તિ પદ જઈ વર્યા, સાદી અનંત ચિદ્રૂપજી...મન...૫

તે પદ પામવા ચાહતો, 'મોહન' કમલનો દાસજી;
મનમોહન પ્રભુ માહરી, પૂરજો મનડાની આશજી...મન...૫

## અંતરજામી સુણ અલવેસર...

અંતરજામી સુણ અલવેસર, મહિમા ત્રિજગ તુમારો રે;
સાંભળીને આવ્યો હું તીરે, જન્મ-મરણ દુઃખ વારો;
સેવક અરજ કરે છે રાજ, અમને શિવસુખ આપો;

આપો આપોને મહારાજ, અમને મોક્ષ સુખ આપો...સે...૧

સહુ કોના મનવાંછિત પૂરો, ચિંતા સહુની ચૂરો રે;
એહવું બિરૂદ છે રાજ તમારૂં, કેમ રાખો છો દૂરે ?...સે...૨

સેવકને વલવલતો દેખી, મનમાં મહેર ન ધરશો રે;
કરૂણાસાગર કેમ કહેવાશો, જો ઉપકાર ન કરશો...સે...૩

લટપટનું હવે કામ નહીં છે, પ્રત્યક્ષ દરિશન દીજે રે;
ધુમાડે બીજે નહીં સાહિબ, પેટ પડ્યાં પતિજે...સે...૪

શ્રી શંખેશ્વર મંડણ સાહેબ, વિનતડી અવધારો રે;
કહે 'જિનહર્ષ' મયા કરી મુજને,
ભવસાગરથી તારો...સે...૫

## પ્યારો પ્યારો રે ! હો વ્હાલા મારા...

પ્યારો પ્યારો રે ! હો વ્હાલા મારા,
પાર્શ્વ જિણંદ મને પ્યારો; તારો તારો રે,
હો વ્હાલા મારા, ભવનાં દુઃખડા વારો.

કાશી દેશ વારાણસી નગરી,
અશ્વસેન કુલ સોહીયે રે;
પાર્શ્વજિણંદા વામાનંદા મારા વ્હાલા,
દેખત જન મન મોહિયે...પ્યા...૧

છપ્પન દિક્કુમરી મળી આવે,
પ્રભુજીને હુલરાવે રે;
થેઈ થેઈ નાચ કરે મારા વ્હાલા,
હરખે જિન ગુણ ગાવે...પ્યા...૨

કમઠ હઠ ગાળ્યો પ્રભુ પાર્શ્વે,
બળતો ઉગાર્યો ફણી નાગ રે;
દીયો સાર નવકાર નાગકું,
ધરણેન્દ્ર પદ પાયો...પ્યા...૩

દીક્ષા લઈ પ્રભુ કેવલ પાયો,
સમવસરણમેં સુહાયો રે;
દીયે મધુરી દેશના પ્રભુ,
ચૌમુખ ધર્મ સુણાયો...પ્યા...૪

કર્મ ખપાવી શિવપુર જાવે,
અજરામર સુહાયો રે;
'જ્ઞાન' અમૃતરસ ફરસે મારા વ્હાલા,
જ્યોતિસે જ્યોતિ મિલાવે...પ્યા...૫

## નવખંડાજી હો પાર્શ્વ....

નવખંડાજી હો પાર્શ્વ, મનડું લોભાવી બેઠા આપ ઉદાસ;
તારે તો અનેક છે ને, મારે તો તું એક;
કામ ક્રોધી દેવ જોઈ, કાઢી નાંખી ટેક...નવ...૧

કોઈ દેવી દેવતાના, ઝાલી ઊભા હાથ;
કોઢે માંડી મોરલી ને, નાચે રાધા નાચ...નવ...૨

જટા જૂટ શિર ધારે, વળી ચોળે રાખ;
મળે તો ગિરિજાને રાખે, જોગીપણું ખાખ...નવ...૩

વીરને ફકીર જોયા, નિરગુણી દેવ;
કાંચ કણી મણી ગણી, આ તો ખોટી ટેવ...નવ...૪

દેવ દેખી જૂઠડાને, આવ્યો છું હજુર;
ગુણ આપો આપના તો, 'ક્રાંતિ' ભરપુર...નવ...૫

## જિણંદા પ્યારા, મુણિંદા પ્યારા...

જિણંદા પ્યારા, મુણિંદા પ્યારા, દેખો રે જિણંદા ભગવાન,
દેખો રે જિણંદા પ્યારા...દેખો...૧

સુંદર રૂપ સ્વરૂપ બિરાજે... સ્વરૂપ બિરાજે,
જગનાયક ભગવાન....દેખો...૨

દરસ સરસ નિરખ્યો જિનજીકો....નિરખ્યો જિનજીકો,
દાયક ચતુર સુજાણ....દેખો...૩

શોક સંતાપ મિટ્યો અબ મેરો... મિટ્યો અબ મેરો,
પાયો અવિચલ ભાણ...દેખો...૪

સફલ ભઈ મેરી આજકી ઘડીયાં...આજકી ઘડીયાં,
સફલ ભયે નૈન પ્રાણ... દેખો...૫

દરિસણ દેખ મિટ્યો દુઃખ મેરો...મિટ્યો દુઃખ મેરો,
'આનંદઘન' અવતાર... દેખો...૬

# શ્રી સામાન્ય જિન સ્તવન

## હો જિન તેરે ચરણ કી...

હો જિન તેરે ચરણ કી શરણ ગ્રહું
હૃદયકમલ મેં ધ્યાન ધરત હું,
શિર તુજ આણ વહું...હો...૧

તુજ સમ ખોળ્યો દેવ ખલકમેં,
પેખ્યો નહીં કબહું...હો...૨

તેરે ગુણકી જપું જપમાલા,
અહર્નિશ પાપ દહું...હો...૩

મેરે મનકી તુમ સબ જાનો,
ક્યા મુખ બહોત કહું...હો...૪

કહે 'જસવિજય' કરો ત્યું સાહિબ,
જ્યું ભવદુઃખ ન લહું...હો...૫

* * *

રમેશભાઇ ચીમનાલાલ ગાંધી
પરિવાર તરફથી

૪-સી, રેસીડન્સ ગાર્ડન ફ્લેટ, આશ્રમરોડ,
બેન્ક ઓફ ઇન્ડીયાની ઉપર, ઉસ્માનપુરા,
અમદાવાદ-૧૩.